# સત્યસન્દુક



## •દીનેશ પાંચાલ•

'અભીવ્યક્તી' બ્લોગમાં મુકાયેલા
શ્રી. દીનેશ પાંચાલના લેખોની
'અભીવ્યક્તી ઈ.બુક–13'

•પ્રકાશક•
મણી મારુ
govindmaru@yahoo.co.in

• આ ઈ.બુકમાં એક જ 'ઈ' – 'ઉ' વાપર્યા છે •

MARCH 19, 2017

●eBook : 'Satyasanduk' By Dinesh Panchal●

('અભીવ્યક્તી' બ્લોગમાં મુકાયેલા દીનેશ પાંચાલના લેખોની ઈ.બુક )

♦© Dinesh Panchal♦

●ઈ.બુક મુલ્ય : નીઃશુલ્ક ●

♦જોડણી♦ ઈ.બુક સાર્થ જોડણીમાં જ છે; એમાં માત્ર એક જ 'ઈ'–'ઉ' વાપર્યા છે.

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ,

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે,

નવસારી. પોસ્ટ : એરુ એ. સી. – 396450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

♦માર્ગદર્શન♦

ઉત્તમ ગજ્જર

ગુરુનગર, વરાછા રોડ, સુરત- 395 006

ફોન : 0261-255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

●ઈ.બુક અક્ષરાંકન●

ગોવીન્દ મારુ 'અભીવ્યક્તી'

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

# અર્પણ

કોઈ રીઢો જુગારી પોતાની બધી કમાણી દાવ પર લગાવી દે
તે રીતે જેના હીસ્સાનો સમય પણ મેં સાહિત્યના
દાવ પર લગાવી દીધો છે એવી મારી

જીવનસંગીની



ચન્દન પાંચાલ

# ને…

# ઈ.બુક ‘સત્યસન્દુક’ને આવકાર...

દોસ્તો, ‘સત્ય’ને હું રૅશનાલીઝમનો આત્મા ગણું છું અને રૅશનાલીસ્ટોને સત્યના સૈનીકો સમજું છું. જેમ લશ્કરને છાવણી હોય છે તેમ રૅશનાલીસ્ટોને પણ છાવણી હોય છે. નવસારી નગર નજીકના વીજલપોર ગામના ‘સરગમ’ એપાર્ટમેન્ટમાં શ્રી. ગોવીન્દ મારુ નામનો એક ‘સત્ય’નો સૈનીક રહે છે. તેઓ એમના ‘અભીવ્યક્તી’ બ્લોગ દ્વારા સમાજમાં વ્યાપેલી અન્ધશ્રદ્ધાઓ સામે ‘સાયલન્ટ વૉર’ ચલાવી રહ્યા છે. માનવજીવનને ખોટી પરમ્પરા, નીરર્થક કર્મકાંડોમાંથી મુક્તી અપાવનારા કે સમાજનો ભરડો લઈને વ્યાપેલી અન્ધશ્રદ્ધામાંથી છુટકારો અપાવનારા રૅશનલ લેખો જ ‘અભીવ્યક્તી’ બ્લોગમાં એઓ પ્રસારીત કરે છે એથી અમે ગોવીન્દભાઈને ‘સત્યના મશાલચી’ ગણીએ છીએ. એમાંથી પ્રેરણા લઈને અમે સત્યની કેડી પર પા..પા.. પગલી પાડતા નાના સીપાઈ છીએ.

છેલ્લા આઠ વરસ કરતાં વધુ સમયથી એમનો આ ‘અભીવ્યક્તી’ બ્લોગ પ્રગટ થઈ રહ્યો છે. દોસ્તો, જે સમાજમાં હવાની જેમ ખીચોખીચ અન્ધશ્રદ્ધા ભરેલી છે તે સમાજમાં સત્યનો વાવટો ફરકાવવો એટલે વીધવાઓના ગામમાં ચુડી ચાંદલાનો વેપાર માંડવા જેવી અથવા આંધળાઓના ગામમાં આયનાઓનો કારોબાર માંડવા જેવી પ્રતીકુળતા ગણાય. છતાં, ‘લોગ આતે ગયે ઔર કાંરવા બનતા ગયા..!’ ગોવીન્દભાઈની સત્યની આ નાનકડી મઢુલી, બ્લોગ જગતમાં આજે એક વીશાળ મૉલમાં પરીવર્તીત થઈને વીશ્વમાં ખુબ જ પ્રચલીત થઈ ચુકી છે. પ્રા. રમણ પાઠકે તેમની કૉલમ ‘રમણભ્રમણ’ દ્વારા સમાજમાં રૅશનલ વીચારોનું જે વાવાઝોડું ફુંક્યું હતું તેમાં શ્રી. મારુએ પ્રાણ ફુંક્યો છે.

અમને સ્મરણ છે એક સમયે શ્રી. ગોવીન્દ મારુ તેમના વીજ્ઞાનવીષયક તેમ જ અન્ધશ્રદ્ધામાંથી છુટકારો અપાવનારા રૅશનલ ચર્ચાપત્રોથી ‘ગુજરાતમીત્ર’ના ચર્ચાપત્ર વીભાગમાં ધુમ મચાવતા હતાં. વીરોધ પણ ઘણો થતો. આજે નીવૃત્તી કાળમાં તે જ કામ એઓ ઈન્ટરનેટના માધ્યમથી ‘અભીવ્યક્તી’ બ્લોગ દ્વારા કરી

રહ્યા છે. બારીકાઈથી જોઈએ તો **‘વન મેન આર્મી’** દ્વારા યોજાયેલું એ સમાજસુધારણાનું એક મોટું આંદોલન છે. એમના વાચકો, પ્રશંસકો તથા ઈ–ફ્રેન્ડસ્‌ની સંખ્યા દીનપ્રતીદીન વધતી જાય છે.

મારે નીખાલસભાવે કબુલવું જોઈએ કે મારી ઈન્ટરનેટ પ્રગતીમાં (અને ખાસ તો મારા ઈન્ટરનેટ પ્રવેશમાં) ગોવીન્દભાઈનો અને સુરતના શ્રી. ઉત્તમ ગજ્જરનો મોટો ફાળો છે. આ પુર્વે એઓ મારી એક ઈ–બુક પ્રસીદ્ધ કરી ચુક્યા છે. વીશ રૅશનલ લેખોની બીજી નવી ઈ–બુક ‘સત્યસન્દુક’ તેઓ આજે પબ્લીશ કરી રહ્યા છે તે માટે હું એમનો (અને એમના લોકપ્રીય ‘અભીવ્યક્તી’ બ્લોગના વીશાળ વાચકવર્ગ અને પ્રતીભાવકો)નો હાર્દીક આભાર માનું છું.

આપણે સૌ એક જ પ્રાર્થના કરીએ કે :

‘સત્યને માપવાના સૌના ગજ કદી ટુંકા ન હો
સંસારમાં સૌ સત્યના સથવારે સુખી રહો...!’




દીનેશ પાંચાલ

સી–12, મજુર મહાજન સોસાયટી, ગણદેવી રોડ,

જમાલપોર, **નવસારી** – 396 445 **સેલફોન :** 94281 60508

**ઈ.મેઈલ :** dineshpanchal.249@gmail.com

**બ્લોગ :** dineshpanchalblog.wordpress.com

# અમારાં પ્રકાશનો

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારું પ્રત્યેક પ્રકાશન માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને નીઃશુલ્ક મળે છે. અમે 3rd જુલાઈ, 2016 સુધીમાં નીચે મુજબની બાર ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

1 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 01 ( પાનાં : 113; મુલ્ય : મફત)

2 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 02 ( પાનાં : 108; મુલ્ય : મફત)

3 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 03 ( પાનાં : 127; મુલ્ય : મફત)

4 પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની (ઈ.બુક) – 'વીવેક–વલ્લભ' ( પાનાં : 190; મુલ્ય : મફત)

5 પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલા ચીન્તનાત્મક લેખોમાંથી 206 રૅશનલ મુદ્દાઓ તારવી કાઢીને 'વીવેકવીજય' ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથની (ઈ.બુક) – 'વીવેકવીજય' ( પાનાં : 131; મુલ્ય : મફત)

6 શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'આનન્દની ખોજ' ( પાનાં : 53; મુલ્ય : મફત)

7 શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘ટીન–એજ’માં બોયફ્રેન્ડથી સાવધાન’ ( પાનાં : 51; મુલ્ય : મફ્ત)

8 ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. રોહીત શાહ ના 25 લેખોની ઈ.બુક‘અભીવ્યક્તી’–ઈ.બુક – 04 ‘અધ્યાત્મના આટાપાટા’ (પાનાં : 111; મુલ્ય : મફ્ત)

9 શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દનું આકાશ’ (પાનાં : 116; મુલ્ય : મફ્ત)

10 પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ની આત્મકથાની (ઈ.બુક) – ‘આત્મઝરમર’ ( પાનાં : 257; મુલ્ય : મફ્ત)

11 આર્યસમાજી અને લેખક શ્રી. નાથુભાઈ ડોડીયાની ઈ.બુક ‘દુઃખ નીવારણના ભ્રામક ઉપાયો’ (પાનાં : 26; મુલ્ય : મફ્ત)

12 રૅશનાલીસ્ટ અને લેખક શ્રી. એન.વી. ચાવડાની ઈ.બુક ‘ચાર્વાક દર્શન’ (પાનાં : 96; મુલ્ય : મફ્ત)


મણી મારુ

●‘ઈ.બુક’ પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 95 37 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in


♦

# અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખના શીર્ષકની નીચે જમણી બાજુએ લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે.


| ક્રમ | લેખનું શીર્ષક | લેખ મુકાયા તારીખ | પાન ક્રમાંક |
|---|---|---|---|
| 01 | મુફલીસ દેશના માલદાર ભગવાનો | 30-11-2010 | 009 |
| 02 | તમે આસ્તીક કે નાસ્તીક? | 24-05-2013 | 015 |
| 03 | ઈશ્વરની ઈજ્જતની રક્ષા કરીએ | 21-06-2013 | 017 |
| 04 | આરોપી ફરાર છે | 26-07-2013 | 022 |
| 05 | ઉત્સવોની ઉજવણી – પ્રજાની પજવણી | 30-08-2013 | 027 |
| 06 | કર્મકાંડો કરતાં કમ્પ્યુટરમાં દેશનું વીશેષ કલ્યાણ છુપાયું છે ! | 08-11-2013 | 032 |
| 07 | તો ક્યા ફાયદા, તુમ ગીતા પઢો યા કુરાન...? | 27-12-2013 | 037 |
| 08 | ગુજરાતી સાહીત્યમાં **'દલીત સાહીત્ય'** શબ્દ શા માટે પ્રયોજાવો જોઈએ ? | 22-02-2014 | 041 |
| 09 | કેટલીક અન્ધશ્રદ્ધાની કૉસ્ટ ઑફ પ્રોડક્શન બહુ ઉંચી હોય છે ! | 14-03-2014 | 050 |
| 10 | બુદ્ધીનો બાયોસ્કોપ | 09-05-2014 | 055 |
| 11 | ધર્મને અધર્મથી અલગ તારવીએ...! | 04-07-2014 | 060 |
| 12 | રામચંદ્રથી રામગોપાલ વર્મા સુધી | 29-09-2014 | 066 |
| 13 | સીનેમાની ટીકીટના અડ્ધીયા જેવો ધર્મ | 02-01-2015 | 071 |
| 14 | શ્રદ્ધા અને સંતો : સમાજની બેવડી મુસીબતો | 03-04-2015 | 076 |
| 15 | રેશનાલીઝમનો એક વીષય અભ્યાસક્રમમાં દાખલ કરવો જોઈએ | 04-09-2015 | 082 |
| 16 | ધર્મ એટલે સારું જીવન જીવવાની નીયમાવલી | 08-01-2016 | 088 |
| 17 | શનીદેવ અને સત્યશોધક સભા | 01-04-2016 | 093 |
| 18 | સાયન્સ એટલે સંશોધનનું સ્વર્ગ | 06-05-2016 | 098 |
| 19 | નાસ્તીકતા દીપી ઉઠી | 17-06-2016 | 102 |
| 20 | ગુરુઓનું અજ્ઞાન... ધર્મનું મોટું ભયસ્થાન | 21-10-2016 | 106 |

**1-30-11-2010**

## મુફલીસ દેશના માલદાર ભગવાનો

અનુક્રમણીકા

‘નયા માર્ગ’માં સુનીલ ચેતન લખે છે : ‘ભારત ભલે ગરીબ દેશ કહેવાય; પણ અહીંના ભગવાનો બેહદ અમીર છે.’ એમણે દેશનાં કયાં મન્દીરની તીજોરી કેટલી તરબતર છે તેની વીગતે માહીતી પણ આપી છે. એ આંકડાઓ વાંચી ઈશ્વરની અસ્ક્યામત અંગે કોઈને પણ ઈર્ષા થઈ શકે. અહીં એક સાથે બે તારણો–રીઝલ્ટ સામે આવ્યાં છે. પહેલું એ કે માણસની શ્રદ્ધા એવો જાદુઈ ચીરાગ છે જે વડે આસાનીથી અબજો રુપીયા ભેગા કરી શકાય છે. અને બીજું એ કે શ્રદ્ધાના ઉપાર્જનમાંથી માણસ ધારે તો પોતાનાં સેંકડો દુઃખો દુર કરી શકે છે; પણ ઓછા કીસ્સામાં તેમ થતું જોવા મળે છે. (એ માટે ફરી ફરી નવસારીના રામજી મન્દીરને ધન્યવાદ આપવા ઘટે કે તેઓ મન્દીરની આશરે કુલ એક કરોડની વાર્ષીક આવકમાંથી વર્ષે દહાડે 85 લાખથી પણ વધુ લોકકલ્યાણ અર્થે વાપરે છે. એ રુપીયા વીધવા સહાય, મેડીકલ, શીક્ષણ, ભોજન, મેડીકલના કેમ્પ તથા ગરીબોને અનાજની સહાય વગેરેમાં વપરાય છે.)

દોસ્તો, અહીં પ્રશ્ન થાય છે જે દેશના ભગવાનો આટલા અમીર છે તે દેશના લોકો આટલા ગરીબ કેમ? કદાચ એ માટે માણસ જ જવાબદાર છે. શ્રદ્ધાળુ માણસે પોતાની ગરીબીમાં દુર્બુદ્ધીનું ખાતર નાંખીને તેને કાળજીપુર્વક ઉછેરી છે. પોતાની શ્રદ્ધાનો માનવજીવન સાથે બુદ્ધીપુર્વકનો

વીનીયોગ કરવાનું તે ચુકી ગયો છે. એ સન્દર્ભે એક મુર્ખ ખેડુતની કથા યાદ આવે છે. એ ખેડુતના વાડામાં એક ઘટાદાર આંબો હતો. એ આંબા વીશે એની માતાએ મરતાં પુર્વે કહેલું, 'આ આંબામાં મારો જીવ છે. એને કાપવાનું તો દુર; એનું એક પાંદડુંય તોડીશ નહીં.' દર વર્ષે એ આંબા પર પુષ્કળ કેરીઓ આવતી પણ માતાના આદેશ પ્રમાણે ખેડુત એક પણ કેરી તોડતો નહીં. ન તો એ ખેડુત પોતે કેરી ખાતો, ન તો વેચીને કમાણી કરતો. અન્તે બધી કેરીઓ કોહી–સડી જતી. આપણાં મન્દીરોની આવકની હાલત પણ એ કેરી જેવી થઈ છે. કેમ કે આપણે સૌ પેલા ખેડુત જેવા છીએ.

દોસ્તો, એક વાત સાબીત થઈ ચુકી છે કે શ્રદ્ધા એ માણસની પ્રચંડ તાકાત ધરાવતી લાગણી છે. ધારો તો શ્રદ્ધાની આવકમાંથી આખા દેશની ગરીબી દુર થઈ શકે. પણ કોઈએ સાચું જ કહ્યું છે : 'જીવનમાં સુખ હોવું પુરતું નથી. સુખી થતાં પણ આવડવું જોઈએ.' એક માણસને ત્યાં રાત્રે ચોર બધું લુંટી ગયો. લોકોએ સવારે એને પુછ્યું : 'પણ તારી પાસે બંદુક તો હતીને...?' પેલાએ જવાબ આપ્યો : 'એ તો મેં પલંગ નીચે સંતાડી દીધી હતી એથી બચી ગઈ.' માણસ પાસે બંદુક હોવા છતાં તેને ચોર લુંટી જાય એમાં બંદુકનો વાંક ખરો? (એણે ધડાકો કર્યો હોત તો ચોર બીજેથી ચોરેલી મતા પણ ત્યાં મુકીને ભાગ્યો હોત !) દોસ્તો, જેમ બંદુક ચલાવવા માટે તેમ પૈસા ખર્ચવા માટે હોય છે. શ્રદ્ધાને સાચે જ પ્રભુકૃપામાં ફેરવવી હોય તો મન્દીરોમાં જે આર્થીક ઉપાર્જન થાય છે; તેમાંથી ગરીબો માટે રોટી, કપડાં અને મકાનનો પ્રબન્ધ કરો. સરકારની ગરીબકલ્યાણ યોજના તરફ હાથ ફેલાવવાને બદલે ઈશ્વરની તીજોરીનાં નાણાં માનવકલ્યાણમાં વાપરો. નહીં વાપરશો તો પેલા

ખેડુતની કેરી જેવી એની હાલત થશે. ઈશ્વરે પૈસાની પીસ્તોલ આપી છે. દુ:ખરુપી ધાડપાડુઓને એના ધડાકા વડે ભગાડવાના છે. પીસ્તોલ સ્વયં ધડાકો કરવાની નથી. તમે ગમે તેટલા શ્રદ્ધાળુઓ હશો તો પણ, તમારાં દુ:ખદર્દો નીવારવા ભગવાન ધડાકો કરવા આવવાનો નથી. તેના નીમીત્તે મળેલા પૈસાની પીસ્તોલ તમારે ચલાવીને જીન્દગીને ખુશહાલ કરવાની છે. ઈશ્વર સીક્કાનો નહીં; શ્રદ્ધાનો ભુખ્યો છે. માણસો પાસે અબજો ટન શ્રદ્ધા છે. તે દ્વારા સીક્કાની ટંકશાળ પડી શકે છે. મદ્રાસ સહીત દેશનાં હજારો મન્દીરોની દાનપેટીમાંથી એ વાતની સાબીતી મળે છે. એ સીક્કાઓ પેલી કેરીની જેમ નીરર્થક પડ્યા રહે. તેને બદલે માણસ ધારે તો તેમાંથી પોતાનાં મહત્તમ દુ:ખો અને સમસ્યાઓનું નીવારણ કરી શકે. અને તે જ ઈશ્વરનો આશીર્વાદ ગણાય. તાત્પર્ય એટલું જ કે ઘઉં ફાકીને તમે પેટની ભુખ ન મીટાવી શકો; પણ એ ઘઉંમાં તમારી બુદ્ધી અને આવડત વડે રોટી બનાવી શકો તો આખા કુટુમ્બની ભુખ મટી શકે. માણસ ઈશ્વરના ખજાનાને મન્દીરમાં જ સંઘરી રાખશે તો ન તો એ રુપીયા ઈશ્વરનું કલ્યાણ કરી શકશે, ન એનાથી માણસનું દળદર ફીટી શકશે.

બચુભાઈ કહે છે : ‘અંગ્રેજો ગયા પછી સરદાર વલ્લભભાઈએ સાતસો દેશી રજવાડાઓનું વીલીનીકરણ કરી એક અખંડ રાષ્ટ્ર બનાવ્યું હતું. તે રીતે ભારતના નામી–અનામી તમામ ભગવાનોની તમામ સ્થાવર જંગમ મીલકતને દેશની તીજોરીમાં ખાલસા કરવી જોઈએ. અને તે અબજો રુપીયામાંથી દુ:ખીઓનાં આંસુઓ લુછી શકાય એવા રુમાલો બનાવવા જોઈએ. અપંગોના અંગો ચાલી શકે એવાં સાધનો બનાવવાં જોઈએ. ભુખ્યાઓનાં પેટ

ભરાઈ શકે એવાં ભોજનાલયો બનાવવાં જોઈએ. માણસની દરેક સમસ્યા મટી શકે એવાં આયોજનો કરવાં જોઈએ ભગવાનનાં મન્દીરો ભલે 'દીન દુગુની; રાત ચૌગુની' તરક્કી કરતાં રહે; પણ માણસના ઘરમાં પણ સુખશાન્તી અને સમૃદ્ધીનાં સાધનો હોવાં જોઈએ. માણસ ધારે તો માત્ર મધ્યમ વર્ગ જ નહીં; ગરીબીની રેખા નીચે જીવતા સાવ રાંક માણસો આર.સી.સી.નાં મકાનોમાં રહી શકે. લાખ વાતની એક વાત એટલી કે ઈશ્વર માટે તો રોટી, કપડાં અને મકાન (અર્થાત્ નૈવેદ્ય, જરકસી જામા અને મન્દીરો)ની વ્યવસ્થા માણસે જ કરી છે. હવે આપણા જ આધ્યાત્મીક આંબાવાડીયામાં લાગેલી લુમખાબંધ કેરીઓનો માણસ સદુપયોગ કરે તો તેમાં કોઈ નુકસાન નથી. મન્દીરોની દાનપેટીમાં પડતા સીક્કાઓ એ ઈશ્વરનો આશીર્વાદ નથી તો બીજું શું છે?

દોસ્તો, હવે એક નજર ઈશ્વરની દાનપેટી પર કરીએ. ઈશ્વરની અસ્ક્યામતના આંકડાઓ જાણી તમે બોલી ઉઠશો – 'અધધધ...! આ દેશને ગરીબ હોવાનો કોઈ અધીકાર નથી!' બચુભાઈ કહે છે કે આપણે પ્રભુપીતાના સન્તાનો છીએ. ભારતીય સંવીધાન–બંધારણ મુજબ પીતાની તમામ મીલકતના વારસદાર તેનાં સંતાનો હોય છે એ નાતે તો આપણે આપણી જાતને ગરીબ કહેવાનો કોઈ અધીકાર નથી. (અને આપણને ગરીબ રહેવાનો પણ અધીકાર નથી) આપણે 125 કરોડ ભારતવાસીઓ શા'આલમનાં સગાં છીએ... આપણે શેરીએ ભીખ માંગવાની જરુર નથી! ઈશ્વરે મુકપણે 'તથાસ્તુ' કહીને એની તીજોરી આપણને અર્પણ કરી દીધી છે. એનો ઉપયોગ કરવો કે એને ઈશ્વરનાં ચરણોમાં જ પડી રહેવા દેવી એ નક્કી કરવાનું કામ આપણા

રાજનેતાઓ અને ધર્મનેતાઓની વીવેકબુદ્ધી પર નીર્ભર છે. ઈશ્વરની સ્થાવર જંગમ મીલકત આ પ્રમાણે છે : (જુઓ 'ધુપછાંવ'માં)

## ધુપછાંવ

કેરળની રાજધાની તીરુઅનન્તપુરમના શ્રી પદ્મનાભસ્વામી મન્દીરના ભોંયરામાં છ ઓરડા ખોલવામાં આવ્યા છે. હજુ સાતમો ઓરડો ખોલવાનો બાકી છે. છ ઓરડાઓમાંથી આશરે એક લાખ (1,00,000) કરોડની સમ્પત્તી મળી છે. ખજાનામાંથી મળેલી મુખ્ય વસ્તુઓ પર નજર કરીએ.

(1) સોનાનાં આભુષણોથી ભરેલા 70 કોથળાઓ અને સાત મોટાં ખોખાં.

(2) દાણાના આકારમાં એક હજાર (1,000) કીલો સોનાનો ઢગલો.

(3) ઈસ્ટ ઈન્ડીયા કમ્પની સમયની 10 કીલો સોનાની ઈંટો. ત્રાવણકોર ટંકશાળમાં 14 કીલો સોનાના સીક્કાઓ.

(4) નેપોલીયનના સમયના બીજા 100 સીક્કાઓ.

(5) 18 ફુટ લાંબા એક હજાર (1,000) વધુ સોનાના હાર.

(6) સુવર્ણ અને હીરાથી જડીત 10 કીલો વજનનો સોનાનો એક નેકલેસ અને બબ્બે કીલોના સોનાના ચાર હાર.

(7) પાંચ હજાર (5,000) કરોડ રુપીયાની કીંમતના સોનાચાંદીનાં વાસણો, મુગટો અને સુવર્ણછત્રો.

(8) સોનાની એક હજાર (1,000) જંજીરો.

(9) પાંચ કરોડ (5,00,00,000) હીરા અને સેંકડો સોનામહોરો.

(10) એક ક્વીન્ટલથી વધુ વજનનો સોનાનો હાર, એક લાખ (1,00,000) સોનાચાંદીના સીક્કાઓ અને અનેક મીણબંધ લોકેટ વગેરે.

(11) બે કીલો વજનવાળી સોના અને ચાંદીની સેંકડો છડીઓ. (આ તો કેરળના માત્ર એક મન્દીરમાંથી પ્રાપ્ત થયેલી મીલકત છે. એ સીવાય તીરુપત્તી બાલાજી, શીરડીના સાંઈબાબા, હીમાચલ પ્રદેશનાં મન્દીરો સહીત દેશભરનાં તમામ મન્દીરોની બધી દાનપેટીઓ એક જગ્યાએ ખોલવામાં આવે તો તેમાંથી એક અંદાજ મુજબ આશરે 91,87,89,90,00,000 અબજ કરોડની અસ્ક્યામત પ્રાપ્ત થવા સમ્ભવ છે.)

♦

**2-24-05-2013**

# તમે આસ્તીક કે નાસ્તીક?

અનુક્રમણીકા

એક ગામમાં આસ્તીકો અને નાસ્તીકો વચ્ચે ઈશ્વરના અસ્તીત્વ વીશે ઉગ્ર ચર્ચા થઈ રહી હતી. તેવામાં ત્યાંથી પસાર થતું કુંભારનું એક બળદગાડું ઉંડી ગટરમાં ઉથલી પડ્યું. આની જાણ થતાં આસ્તીકો અને નાસ્તીકો સૌ ત્યાં દોડી ગયા. સૌએ ધક્કા મારી ગાડું બહાર કાઢ્યું. કુંભારનાં બધાં જ માટલાં ભાંગી ગયાં હતાં. નુકસાન જોઈ કુંભારની આંખમાં આસું આવી ગયાં. આસ્તીકો અને નાસ્તીકોએ થોડા થોડા પૈસાનો ફાળો એકત્ર કરી નુકસાન ભરપાઈ કરી આપ્યું.

કુંભારે સૌનો આભાર માની જીજ્ઞાસાવશ પુછ્યું, 'તમે સૌ અહીં શા માટે ભેગા થયા છો?' બધાએ જવાબ આપ્યો, 'અમે ઈશ્વર છે કે નહીં તે નક્કી કરવા અહીં ભેગા થયા છીએ.' કુંભારે પુછ્યું, 'પછી શું થયું? કોઈ નીવેડો આવ્યો?' જવાબ મળ્યો, 'ના...ચર્ચા હજી ચાલુ છે.' કુંભારે જરા સંકોચ સાથે કહ્યું, 'તમે બધા વીદ્વાનો છો. હું તો બહુ નાનો માણસ છું. મને એક પ્રશ્નનો જવાબ આપો,' કહી કુંભારે આસ્તીકોને પ્રશ્ન કર્યો, 'તમે મારી મદદે આવ્યા, તે શું વીચારીને આવ્યા?' આસ્તીકોએ કહ્યું, 'અમે એવો વીચાર કર્યો કે મુશ્કેલીમાં આવી પડેલા માણસને મદદ નહીં કરીએ તો એક દીવસ ભગવાનના દરબારમાં હાજર થવાનું છે ત્યાં શો જવાબ દઈશું?'

કુંભારે નાસ્તીકોને પ્રશ્ન કર્યો, 'તમે તો ભગવાનમાં નથી માનતા! તમે કેમ મારી મદદે આવ્યા?' નાસ્તીકોએ કહ્યું, 'અમે માનીએ છીએ કે માણસ

જ્યારે મુશ્કેલીમાં આવી પડે છે ત્યારે આકાશમાંથી કોઈ ભગવાન તો મદદ કરવા આવવાનો નથી! માનવતાને નાતે માણસે જ માણસને મદદ કરવી જોઈએ!' કુંભારે આગળ કહ્યું, 'તમે તમારી ચર્ચા અટકાવી મારી મદદે દોડી આવ્યા, મને આર્થીક મદદ પણ કરી, હું માનું છું કે મારે માટે તો તમે જ મારા ભગવાન છો. આવું માનવતાનું કામ કર્યા પછી તમે ઈશ્વરના અસ્તીત્વને સ્વીકારો કે નકારો, કોઈ જ ફરક પડતો નથી. ભાઈઓ, આસ્તીક છે તેમણે ભગવાનને નજરમાં રાખીને માનવતાનાં કામો કરવાં અને નાસ્તીક છે તેમણે ભગવાન નથી, તેથી આ તો આપણી જ ફરજ છે એમ સમજી માનવતાનાં કામો કરવાં જોઈએ!' કહી કુંભાર તો રસ્તે પડ્યો..

કુંભારની વાત પેલા આસ્તીકો અને નાસ્તીકો સમજ્યા કે નહીં તેની જાણ નથી; પણ આપણને એક વાત સમજાય છે. ઈશ્વર છે કે નહીં તેની ચીંતા કર્યા વીના માણસે દુનીયામાં ભલાઈનાં કામો કરતા રહેવું જોઈએ. ભગવાન હશે તોય તેમને એવા જ આસ્તીકો ગમશે જે માણસના ઘોંચમાં પડેલા ગાલ્લાને ધક્કો મારી બહાર કાઢી આપે અને નાસ્તીકો માટે તો તેને કોઈ ફરીયાદ જ ન રહે જો તેઓ લોકોનાં ડુબતાં વહાણ તારશે, દુઃખીઓનાં આંસુ લુછશે. આસ્તીકતા કે નાસ્તીકતા કરતાં માનવતા મહાન છે. માનવતા જ સાચી પ્રભુતા છે. દરેક માનવીને પેલા કુંભાર જેટલી સમજ મળી જાય તો..!

♦

**3-21-06-2013**

# ઈશ્વરની ઈજ્જતની રક્ષા કરીએ

અનુક્રમણીકા

હમણાં એક સરકારી ઑફીસમાં દાખલો કઢાવવા જવાનું થયું. એવો ધક્કે ચઢાવ્યો કે સાવ નાખી દેવા જેવા કામમાં પુરા બે દીવસની રજા બગાડવી પડી. કર્મચારીઓની અંદરોઅંદરની વાતચીત પરથી એટલો ખ્યાલ આવ્યો કે દાખલો કાઢી આપવાનું કામ કરતા મી. ગાંધી નામના સજ્જન ચાલુ ઑફીસે સત્યનારાયણની કથા સાંભળવા ગયા હતા. એ ગાંધીભાઈ જલદી પાછા આવી જાય એવી મેં સત્યનારાયણને પ્રાર્થના કરી; પણ વ્યર્થ!

અમેરીકાથી પધારેલા એક મીત્ર મારી સાથે હતા. ચાલુ નોકરીએ સત્યનારાયણની કથા સાંભળવાની સરકારમાન્ય સુવીધા નીહાળી તેઓ ઈર્ષાના માર્યા બળીને ખાક થઈ ગયા અને હીજરાતાં હૈયે બોલ્યા, ‘અમારે ત્યાં તો ઑફીસે પાંચ મીનીટ મોડા પહોંચો તોય પગાર કાપી લેવામાં આવે છે!’

એક વાત સમજાય છે. માણસના રોજીન્દા કામોમાં રુકાવટ લાવે એવી ભક્તી માણસે મનસ્વીપણે ઉભી કરી છે. ધર્મ કદી ચાલુ ઑફીસે કથા સાંભળવાનું કહેતો નથી. ભગવાનને પણ માણસની એવી ભક્તી સામે ખાસ્સો વાંધો હશે; પણ એનું સાંભળે છે કોણ? બેંકમાં એક માણસ ડ્રાફ્ટ કઢાવવા ગયો. ડ્રાફ્ટ લઈ એણે ગાડી પકડવાની હતી. બાજુના ક્લાર્કે કહ્યું– ‘વાર લાગશે, ડ્રાફ્ટ લખનાર ભાઈ નમાઝ પઢવા ગયા છે !’ પેલા બીરાદર નમાઝ

પઢીને આવ્યા ત્યાં સુધી ગ્રાહકે તેની આતુરતાભરી પ્રતીક્ષા કરી; પણ ગાડી તો નીકળી ગઈ!

સમજો તો દીવા જેવી ચોખ્ખી વાત છે. પ્રત્યેક માણસ માટે કર્તવ્યથી ચઢીયાતો ધર્મ બીજો એકે નથી. ખુદાની બન્દગી કે પ્રભુની પુજા એ શ્રદ્ધાનો વીષય છે. તેનો વાંધો ન હોઈ શકે; પરન્તુ તેનો સમય લોકોને અડચણરુપ થાય એવો ન હોવો જોઈએ. ચાલુ નોકરીએ કર્મચારી સત્યનારાયણની કથા સાંભળવા જાય કે નમાઝ પઢવા જાય એમાં ઈશ્વર કે અલ્લાહ રાજી રહેતા હશે કે કેમ તેની ખબર નથી; પણ ગ્રાહકો અચુક મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

જરા વીચારો, એક પારસી ડૉક્ટર ઓપરેશન અધુરું મુકી અગીયારીમાં લોબાન કે સુખડ ચઢાવવા જાય તો દરદીની શી હાલત થાય? એક હીન્દુ પાયલોટ ચાલુ વીમાને રામની માળા જપવા બેસે તો એવી ભક્તીથી રામચન્દ્રજી રાજી થાય ખરા? કોઈ જૈનબંધુ બસડ્રાઈવર હોય અને માર્ગમાં જ્યાં દેરાસર નજરે પડે ત્યાં બસ થોભાવીને દર્શને જાય તો પેસેંજરોને પરવડે ખરું? વીકસીત દેશોની પ્રજા ધર્મ પાછળ સમય બગાડતી નથી. તેઓ કામને જ પુજા ગણે છે. સરદાર વલ્લભભાઈ પટેલ અદાલતમાં કેસ લડતા હતા તે સમયે તેમની માતાના મૃત્યુના સમાચાર મળ્યા; પરન્તુ સહેજ પણ અસ્વસ્થ થયા વીના તેમણે છેવટ સુધી વકીલાત ચાલુ રાખી અને કેસ જીત્યા. દરેક માણસ સરદાર પટેલ જેવી કર્તવ્યનીષ્ઠા દાખવે તો જીવનમાં તેનાં સારાં પરીણામો પ્રાપ્ત થઈ શકે. પરન્તુ આપણી તો ભક્તીય ભંગાર અને બંદગીય બોગસ! એવી તકલાદી ભક્તીના એક બે દાખલા જોઈએ.

એક ગામમાં ગણેશોત્સવવેળા એક ઘટના બની હતી. ગણેશમંડળના થોડાક જુવાનીયાઓ મુર્તી ખરીદવા ગયા. બન્યું એવું કે પૈસા પરત કરવામાં મુર્તીવાળાથી એક ભુલ થઈ. પૈસા પરત કર્યા તેમાં સો રુપીયા સમજીને પાંચસોની નોટ અપાઈ ગઈ. થોડે ગયા ત્યાં ખ્યાલ આવ્યો કે મુર્તીવાળાએ ભુલથી ચારસો રુપીયા વધારે આપી દીધા છે. જેવી એ વાતની ખબર થઈ કે બધા યુવાનો ગેલમાં આવી ગયા. એકાદનેય એવો વીચાર ના આવ્યો કે ગરીબ મુર્તીવાળાને ચારસો રુપીયા પરત કરી દઈએ. એક–બે તો હરખના માર્યા ચીલ્લાઈ ઉઠ્યા– 'ગણપતીબાપા મોરીયા...!' (અમારા બચુભાઈ હોત તો જવાબ આપ્યો હોત– 'ને ચારસો રુપીયા ચોરીયા...!')

ધરમકરમવાળા આ દેશમાં ભગવાનના સોદામાંય લોકો આવી લુચ્ચાઈ આદરે છે ત્યાં બૉફોર્સના તોપસોદાની શી વીસાત? થોડા વખત પરની એક બીના. એક મુસ્લીમ મીકેનીકે એક માણસનું સ્કુટર રીપેર કરતી વેળા તેમાંથી નવી કોઈલ કાઢી લઈને જુની નાંખી આપી. સ્કુટર માલીકે ઝઘડો કર્યો અને પોતાની નવી કોઈલની માંગણી કરી. મીકેનીકે કહ્યું: 'અમારા રોજા ચાલે છે. રોજામાં અમે થુંક પણ ગળતા નથી તો ધંધામાં જુઠું શુ કામ બોલીએ? મેં તમારી કોઈલ બદલી જ નથી!' પેલા સ્કુટર ચાલકે છેવટે ભારે મનદુ:ખ સાથે વીદાય લીધી.

ચારેક દીવસ બાદ બન્યું એવું કે એના ભાઈના સ્કુટરની કોઈલ ફેઈલ થઈ ગઈ અને યોગાનુયોગ એ જ મીકેનીક પાસે તે ગયો. પેલા મીકેનીકે પેલી ચોરી લીધેલી કોઈલ નાંખી પૈસા ઉપજાવી લીધા. (કોઈલ પર પેલા મુળ

માલીકે રંગ વડે નીશાની કરી હતી એથી તુરત ઓળખી ગયા કે આ એમની જ કોઈલ છે.) આ દેશમાં ધર્મને ઓથે ઠગાઈ–ઉદ્યોગનો ખાસ્સો વીકાસ થયો છે. છળકપટ કોઈ કોમનો ઈજારો નથી. માનવીના પ્રપંચો સમ્પુર્ણ બીનસામ્પ્રદાયીક રહ્યાં છે. દગાબાજી, વીશ્વાસઘાત કે લુચ્ચાઈને હીન્દુત્વ કે મુસ્લીમત્વ સાથે કોઈ પક્ષપાત નથી હોતો.

હવે એક સ્ટવ રીપેર કરનાર હીન્દુ માણસનો દાખલો જોઈએ. સ્ટવનું ફક્ત વૉશર બદલવાનું હતું. સ્ટવમાં બીજી કોઈ ખરાબી હતી નહીં. ‘એક ઢાંકણીમાં થોડું તેલ લઈ આવો’ એવું કહી સ્ટવવાળાએ પત્નીને રસોડામાં મોકલી અને તે દરમીયાન પંપનો વાલ્વ બદલી તુટેલો વાલ્વ નાંખી દીધો. પછી કહ્યું ‘પંપમાં કેરોસીન આવે છે. વાલ્વ તુટેલો છે. બદલવો પડશે!’ મીત્રે જોયું કે સ્ટવવાળો લુચ્ચાઈ પર ઉતર્યો છે, એથી ધમકાવ્યો. પેલાએ કહ્યું ‘હું નાગદેવતાનો ભક્ત છું... હું ધંધામાં કદી જુઠું બોલતો નથી’ કહી એણે હાથ પર ચીતરેલો નાગ બતાવ્યો. મીત્રે એને મારવા લીધો અને પોલીસમાં પકડાવવાની ધમકી આપી. ત્યારે તેણે કરગરી પડતાં માફી માગી અને વાલ્વ બદલ્યો હોવાનું કબુલ્યું.

બચુભાઈ કહે છે, ‘માણસના ચારીત્ર્ય પર પડેલા બેઈમાનીના ડાઘ ધર્મના સાબુથી ધોઈ શકાતા ના હોય તો એવા ધર્મનો શો ફાયદો? રોજામાં થુંક ગળાઈ જાય તો પાપ લાગે એમ માનતો મુસ્લીમ આખેઆખી કોઈલ ગળી જાય તોય તેના રોજા અખંડ રહે છે. એક હીન્દુ નાગદેવતાનો ભક્ત હોવાનો ગર્વ લે છે; પણ ધંધામાં નાગની જેમ ગ્રાહકને ડંખ મારે છે ત્યાં તેનો ધર્મ ભંગ

થતો નથી. બધા જ હીન્દુ–મુસ્લીમો એવા હોતા નથી; પણ ઘણા લોકો સગવડીયો ધર્મ પાળે છે. તેઓ ધર્મ પણ પાળે છે અને તક મળતાં બેઈમાની પણ આચરી લે છે. ધર્મને એવા માણસોએ બદનામ કર્યો છે.

ધર્મ અને ભગવાનના માથા પર સૌથી વધુ હથોડા ધાર્મીકોએ માર્યા છે. માણસે ધર્મ અને ભગવાન બન્નેને રાતાં પાણીએ રડાવ્યા છે. એક વડીલે હીન્દુનો દાખલો આપતાં કહ્યું– ‘એક માણસ રોજ વહેલો ઉઠીને મંદીરે જાય. ભાવથી પ્રભુપુજા કરે. પણ પાછા આવતી વેળા એની કાકીના ઘર પર એક–બે પથ્થરો મારતો આવે. કાકી જોડે એને કોઈ મીલકત વીષયક મનદુ:ખ હતું. એ જે હોય તે પણ કોઈ પણ શાણો હીન્દુ પુજા અને પથ્થરના આ અધમ કક્ષાના કોમ્બીનેશનને આવકારી શકે ખરો? કોઈ ચુસ્ત મુસ્લીમ ત્રણ વાર નમાઝ પઢતો હોય, રોજ કુરાનેશરીફ વાંચતો હોય; પણ ત્યારબાદ આંતકવાદીઓના શસ્ત્રગોડાઉનનું મેનેજીંગ કરતો હોય તો અલ્લાહ તો દુર; શાણા મુસ્લીમોય તેને ટેકો આપે ખરા?

એટલું ખાસ યાદ રાખવા જેવું છે. શીક્ષણ મેળવ્યા પછી માણસ શું બની શકે છે તેમાં શીક્ષણની ઈજ્જત રહેલી છે. તે રીતે ધર્મનું પાલન કર્યા પછી માણસ કેવો વ્યવહાર કરે છે તેમાં તેના ભગવાનની ઈજ્જત રહેલી છે. ચાલો આપણે જીવનમાં ધર્મનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને આપણા ભગવાનની ઈજ્જતની રક્ષા કરીએ!

♦

**4-26-07-2013**

# આરોપી ફરાર છે

અનુક્રમણીકા

દુનીયાનું સૌથી હીંસક પ્રાણી કયું?

દુનીયાનું સૌથી લુચ્ચું પ્રાણી કયું?

દુનીયાનું સૌથી સુંદર અને બુદ્ધીશાળી પ્રાણી કયું?

માનો યા ના માનો પણ આ ત્રણે પ્રશ્નોનો જવાબ એક જ છે– **માણસ!**

આ પૃથ્વીલોકમાં હેવાનીયત અને ઈન્સાનીયતના બધા ઍવોર્ડ માણસે અંકે કરી લીધા છે. માણસ સાડા પાંચ ફુટનો જટીલ કુટપ્રશ્ન છે અને માણસ જ એ કુટપ્રશ્નોનો જવાબ છે. (બચુભાઈના મત મુજબ માણસ આ દુનીયાનો મેનેજીંગ ડીરેક્ટર છે. માણસે અવનવી શોધખોળો દ્વારા જે કુનેહથી દરેક કુદરતી રહસ્યની બાંધી મુઠી ખોલવા માંડી છે તે નીહાળી મને હીન્દી ફીલ્મના વીલનનું સ્મરણ થાય છે. એ વીલન પ્રારમ્ભમાં તેના માલીકનાં બધાં ધંધાકીય રહસ્યો જાણી લે છે. પછી ચાલાકીપુર્વક માલીક પાસેથી તેની સમગ્ર મીલકત પડાવી લે છે. માણસે પણ ભગવાન જોડે એવી દગાબાજી કરી હોય એવો વહેમ પડે છે.)

અલબત, જીવન અને મૃત્યુ જેવી કેટલીક મહત્ત્વની મેઈન સ્વીચો હજી ઉપરવાળાએ પોતાના હસ્તક રાખી છે. જો કે એમ કહેવુંય સંપુર્ણ સાચું નથી. જન્મની ચાવી માનવીએ ઈશ્વરના જુડામાંથી સેરવી લઈ,

કુટુમ્બનીયોજનની ખીંટીએ લટકાવી દીધી છે. આ પૃથ્વીલોકમાં, અસલના કોઈ જુલમખોર જાગીરદાર જેવી દાદાગીરી મૃત્યુની હતી. પરન્તુ ‘પેસમેકર’ની શોધ પછી હવે માણસે મૃત્યુના ગઢમાંય ગાબડું પાડી દીધું છે. એટલેથી જ એ અટક્યો હોત તો ધુળ નાખી; પણ એણે આ દુનીયાના શીલ્પી એવા ભગવાનને જ મંદીરની જેલમાં એવો પુરી દીધો છે કે બીચારો પેરૉલ પર પણ છુટી શકતો નથી! અને એથી જ મૃત્યુ બાદ ભગવાન પોતાના ગુનાનો શો ફેંસલો કરશે તે વાતની માણસને ચીંતા સતાવે છે. પણ માણસ જેનું નામ! મૃત્યુ બાદ ભગવાનને લાંચ આપી કેવી રીતે ફોડી કાઢવો તે ઉપાય પણ એણે વીચારી રાખ્યો છે. આ રહ્યો એ ઉપાય–

‘લે ચલ છુપા કે કફન મેં બોતલ
કબ્ર પે બૈઠ કે પીયા કરેંગે...
ઔર જબ ખુદા કરેગા ગુનાહોં કા ફેંસલા...
તો દો દો જામ ઉસે ભી દીયા કરેંગે...!’

ક્યારેક માણસ એવો દુષ્ટ બની રહે છે કે એને માથે હથોડો ઝીંકવાનું મન થાય છે. ક્યારેક એ એટલાં સારાં કામો કરે છે કે ગદ્ ગદ્ બની વીચારી રહીએ છીએ– ભગવાન તે વળી આનાથી જુદો કેવોક હોતો હશે ! ટુંકમાં, માણસ જ મધર ટેરેસા અને માણસ જ મેમણ બ્રધર્સ...! સમુદ્રમંથનમાંથી નીકળેલું ઝેર એટલે માણસ...! અને શંકરની જટામાંથી પ્રગટતી પ્રેમની ગંગોત્રી એટલે પણ માણસ...! માણસ નામનું કોડીયું, પુરુષાર્થનું તેલ અને બુદ્ધીની જ્યોત... આ ત્રણેના ત્રીવેણી સંગમથી દુનીયાનો ચોક પ્રગતીના પ્રકાશથી ઝળહળી ઉઠ્યો છે. ભગવાનને ખોટું ન લાગે તે માટે માણસ કહેતો ફરે છે – ‘ઈશ્વરની ઈચ્છા વીના એક પાંદડુંય હાલતું નથી.’ પણ બીજી રીતે એણે જ્ઞાન–વીજ્ઞાનના અને ટેકનૉલૉજીના વીકાસ વડે

દુનીયામાં એવું ચક્રવર્તી સામ્રાજ્ય સ્થાપ્યું છે કે એની ઈચ્છા વીના એક પાંદડુંય ઉગી શકતું નથી.

ધુળમાં ગબડી પડેલું બાળક ધુળ ખંખેરીને બેઠું થઈ જાય, એમ વીક્રમસર્જક ભુકંપમાંથીય માણસ ઝડપથી બેઠો થઈ ગયો છે. અભુતપુર્વ જળસંકટ હોય, કારમો દુષ્કાળ હોય કે ભયંકર રોગચાળો હોય... માણસને હવે મચ્છરની જેમ મસળી નાખવાનું સહેલું રહ્યું નથી. ભલું થજો માણસનું કે એણે કુદરત રુપી ઉંટના ઢેકા પર બુદ્ધીપુર્વકના કાંઠા કર્યા છે. પુનરોક્તીનો ભય વહોરીનેય કહું કે માણસને સો વર્ષનું આયુષ્ય આપીને કુદરતે 42 વર્ષે જ એને આંખે આંધળો બનાવી દીધો. માણસે ચશ્માં ના શોધ્યાં હોત તો અડધી દુનીયા હાથમાં લાકડી લઈ સુરદાસ બની ઘુમતી હોત. બે વર્ષની બેબીની આંખોમાં મોતીયો હોય એવું નજરે જોઈએ ત્યારે વીચાર આવે છે – આ તે ઈશ્વર છે કે આતંકવાદી? (માણસની આંખનો મોતીયો કાઢી આપતો ડૉક્ટર એટલે મારે મન ભગવાને રચેલી અંધાપાની જેલમાંથી માણસને જામીન પર છોડાવતો ફરીસ્તો!)

ભગવાને માણસને બહેરો બનાવ્યો તો માણસે ઈયરફોન બનાવ્યું. ભગવાને માણસને લંગડો બનાવ્યો તો માણસે કૃત્રીમ પગ બનાવ્યો. દેહની નાની મોટી બીમારીથી માંડી હૃદય અને મગજ જેવાં નાજુક અવયવોનાં ઓપરેશનો કરવાની ત્રેવડ હાંસલ કરીને માણસે માણસની લાજ રાખી છે. ભગવાન ડાળે ડાળે ચાલ્યો તો માણસ પાંદડે પાંદડે ચાલ્યો! કલ્પના કરી જુઓ, પેટમાં ઍપેન્ડીક્સનો દુઃખાવો ઉપડ્યો હોય તે ટાણે રામનામનાં મંજીરાં વગાડવાથી દુઃખાવો દુર થઈ શકે ખરો? માણસે શસ્ત્રક્રીયાની શોધ કરવાને બદલે જીવનભર પ્રભુભજન જ કર્યા કર્યું હોત તો વધેરાતા બકરા જેવી ચીસો પાડતા માણસને શી રીતે દર્દમુક્ત કરી શકાયો હોત? કુદરત આડી ફાટે અને

સ્ત્રીના ગર્ભમાં બાળક આડું થઈ જાય અથવા કોઈ કારણસર બાળક નોર્મલ રીતે ન અવતરી શકે ત્યારે શું કરી શકાય? સીઝેરીયન ઓપરેશનની શોધ નહોતી થઈ તે જમાનામાં એવી સ્ત્રીઓએ તો એડી રગડી રગડીને મરવું જ પડતું હશેને?

અમારા બચુભાઈ અને ભગવાન વચ્ચે કોંગ્રેસ અને ભાજપ જેવું ચાલે છે. તેઓ ભગવાન વીશે બહુધા હળવાશમાં તો ક્યારેક ગંભીરપણે વાતો કરતા રહે છે. તેઓ કહે છે : 'લાખ વાર કબુલ કે માણસને એ બધી શોધખોળ કરવાની બુદ્ધી ભગવાને આપી છે; પણ કોઈ મને એ સમજાવો કે ભગવાનની એ કેવી વીચીત્ર નીતી; કે પહેલાં તે સ્ત્રીના પેટમાં બાળકને આડું કરી દે છે અને પછી માણસને સીઝેરીયન કરવાની બુદ્ધી આપે છે! એ મહાશયનું ટીખળ તો જુઓ પ્રથમ માણસને દાઢનો દુ:ખાવો આપે છે પછી શાનમાં સમજાવે છે – 'હવે લવીંગનું તેલ ઘસ અને ફટકડીના કોગળા કર!' એમ સમજો કે ચોરને ચોરી કરવા ઉશ્કેરે છે અને શાહુકારને એ જાગતા રહેવાની સલાહ આપે છે! સાચું કહું, મને ચશ્માંની શોધથી એટલો આનન્દ થતો નથી, જેટલું દુ:ખ 45 વર્ષે માણસની આંખ નબળી થઈ જાય તે વાતથી થાય છે!'

હમણાં ડૉક્ટર મીત્રે એક વીચીત્ર કીસ્સો કહી સંભળાવ્યો. એમની પાસે લગભગ વ્યંઢળ પ્રકારનો એક દરદી આવ્યો. એ ભયંકર જાતીય આવેગથી પીડાતો હતો. જે શક્ય નહોતું તેની તીવ્ર તલબ જાગી હતી. એમ સમજો કે જેનું ગર્ભાશય કાઢી નાંખવામાં આવ્યું હોય એવી સ્ત્રીને માતૃત્વ ધારણ કરવાની ઈચ્છા જન્મે તેવો ઘાટ થયો હતો. પગ વીનાના પુરુષને ભગવાને પર્વત ચઢવા ઉશ્કેર્યો હતો. ફાંટાબાજ કુદરતનું આ કેવું કરુણ ટીખળ? બચુભાઈ કહે છે: 'ભગવાન માણસને ક્યારેક એવી હાસ્યાસ્પદ

સ્થીતીમાં મુકી દે છે માનો કોઈ વ્યક્તીને જુલાબની દશબાર ગોળીઓ ખવડાવી દીધા પછી તેના જાજરુમાં પાણીનો પુરવઠો બન્ધ કરી દેવામાં આવે!'

જરા વીચારો, ભગવાનની એ કેવી મેન્યુફેક્ચરીંગ ડીફેક્ટ કે એણે માણસને પુરાં સો વર્ષનું આયુષ્ય આપ્યું હોય અને બેતાલીશ વર્ષે જ આંખે બેતાલા આવી જાય! એરોપ્લેનની ટાંકીમાં એક જ લીટર પેટ્રોલ સમાઈ શકે એવી ટુંકી બુદ્ધીની વ્યવસ્થા કરનાર એન્જીનીયરને આપણે કહીએ તો શું કહીએ? માણસ કોઈ વાહન બનાવે છે ત્યારે તેના વારમ્વારના પરીક્ષણ બાદ તેને અદ્યતન અને સમ્પુર્ણ ક્ષતીરહીત બનાવીને રોડ પર દોડતું કરે છે. પણ ઉપરવાળા એન્જીનીયરે માણસની ડીઝાઈન એવી નબળી ઘડી છે કે પચાસ–સાંઠ વર્ષે જ તે પેટ્રોલ વીનાના સ્કુટરની જેમ ડચકાં ખાવા લાગે છે. ભગવાન જેવો ભગવાન થઈ આવી નબળી ક્વૉલીટીનો માલ પૃથ્વીલોકમાં સપ્લાય કરે એમાં ભલે એના ધંધાને ખોટ ના જતી હોય; પણ જેઓ એનો ભોગ બને છે તેનું જીવન તો સો ટકા બરબાદ થાય છે. નબળી આંખવાળા, નબળા હૃદયવાળા કે નબળા મગજવાળા કેટલાય કમનસીબ માણસો કુદરત સામે ગ્રાહક સુરક્ષામાં જઈ શકતાં નથી. મૃત્યુલોકની અદાલતમાં ઈશ્વર અપરાધી ઠરે તોય પ્રશ્ન એ છે કે એને કયે સરનામે સમન્સ મોકલવો? શી રીતે એની ધરપકડ કરવી? આરોપી સદીઓથી ફરાર છે!!!

♦

# ઉત્સવોની ઉજવણી – પ્રજાની પજવણી

અનુક્રમણીકા

ચોમાસાનો ભવ્ય આકાશી શૉ પુર્ણતાને આરે છે. જળ એ જીવન છે એવું પ્રથમ વાર ક્યારે સામ્ભળેલું તે યાદ નથી; પણ પુર વેળા જળને મૃત્યુનો પર્યાય બની જતાં જોયું છે. જળ વીના ધરતી ધાન પકવતી નથી અને ધાન વીના ભુખનું કોઈ સમાધાન નથી. ભુખ એવી સ્થીતી છે જ્યાં સીંહ અને શીયાળ સરખા લાચાર બની રહે છે. વીચારકો કહે છે ભુખ્યાનો ભગવાન રોટલી હોય છે. ભુખ માણસનો સૌથી જુનો પરાજય છે. યાદ રાખી લેવા જેવી બાબત એ છે કે ભગવાનને એવા નૈવેદ્ય મંજુર નથી હોતાં, જે ગરીબોની ભુખ ઠેલીને તેના મોં સુધી પહોંચ્યાં હોય.

આ દેશમાં શ્રદ્ધાની આડમાં અનેક અનીષ્ટો નભી જાય છે. ધર્મના નામે અધર્મ જાહેર માર્ગો પર રાસડા લે છે. દેશના રાજકારણીઓને હું નસીબદાર ગણું છું. અહીંના લોકોનું સ્થાયી વલણ છે – ‘મારે કેટલા ટકા?’ એવી પ્રજાકીય નીઃસ્પૃહતાને કારણે નેતાઓ માટે અહીં અભ્યારણ્ય રચાયું છે. લોકો ધરમ–કરમ, ટીલાં–ટપકાં ને ટીવી–સીરીયલોમાંથી ઉંચા આવતા નથી, તેથી નેતાઓનાં નગ્ન–નર્તન બેરોટકટોક ચાલુ રહ્યાં છે. (‘પાર્લામેન્ટ નગ્ન–નર્તકોની ડાન્સક્લબ છે’ – એવું બકુલ ત્રીપાઠી કહેતા.)

પ્રત્યેક ગણેશોત્સવવેળા અમારા બચુભાઈ બળાપો કાઢે છે, ‘આપણા ધાર્મીક ઉત્સવો આટલા તણાવયુક્ત શા માટે હોય છે? શ્રી. પાંડુરંગજી પ્રેરીત સ્વાધ્યાય પ્રવૃત્તીમાં લાખો માણસો ભેગા થાય છે, ત્યારે અનુયાયીઓ એવું સ્વયંશીસ્ત પાળે છે કે પોલીસની જરુર નથી પડતી. આપણું એક પણ ગણેશવીસર્જન પોલીસના પહેરા વીના પાર પડે છે ખરું? ધર્મમાં શ્રદ્ધાની સીતાર વાગવી જોઈએ, પોલીસની સાયરન નહીં. વીસર્જનના દીને તો સવારથી જ શહેરમાં એક અદૃશ્ય આતંક છવાયેલો રહે છે. એ દીવસે મને સવારથી જ રાજેશ રેડ્ડીની પંક્તીનું સ્મરણ થવા માંડે છે : ‘સારે શહર મેં દહેશત સી ક્યું હૈ... યકીનન આજ કોઈ ત્યૌહાર હોગા!’

દુર્ભાગ્ય એ છે કે અહીં શ્રદ્ધાળુઓ કરતાં અન્ધશ્રદ્ધાળુઓ બહુમતીમાં છે. તેઓ ભગવાનને સુખ દેનારી જડીબુટ્ટી સમજે છે. ધર્મગુરુઓને પાપમાંથી ઉગારી લેતા વકીલો સમજે છે અને મન્દીરોને ભગવાન ખરીદવાનું શૉપીંગ સેન્ટર સમજે છે. તેઓ જ્યાંથી જેવા મળે તેવા ભગવાન હોલસેલના ભાવમાં ખરીદે છે. ચમત્કારનું તેમને ભારે આકર્ષણ. કોઈ મોટો ચમત્કાર કરી બતાવે તો તેઓ સત્યશોધક સભાના સભ્યોને પણ ભગવાન માની લેતાં અચકાય નહીં. તેમની શ્રદ્ધાના શૅરમાર્કેટમાં ભગવાનના ભાવ હજી ગગડ્યા નથી.

એક પરીચીત વ્યક્તી એના પીતાની જરાય કાળજી લેતી ન હતી. પીતા બીમાર પડ્યા ત્યારે તેમને હૉસ્પીટલમાં દાખલ કરવામાં તેમણે જીવલેણ વીલમ્બ કરેલો. પછી પીતાના મર્યા બાદ કાશી, મથુરા, દ્વારકા, હરીદ્વાર વગેરે

સ્થળોએ સહકુટુમ્બ જઈને પીતાનું શ્રાદ્ધ કરાવ્યું. પાંત્રીસ હજારથીય વધુ ખર્ચો થયો. જોયું? ‘પ્રેમની પડતર કીમત પાવલી... અને અન્ધશ્રદ્ધાની કોસ્ટ ઓફ પ્રોડક્શન પુરા પાંત્રીસ હજાર!’ (એક કથાકારે કહ્યું છે : ‘બીમાર બાપનો હાથ પકડી સંડાસ સુધી લઈ જાઓ તો શ્રીનાથજી સુધી જવાની જરુર રહેતી નથી.’)

મુળ વાત પર આવીએ. દેશનો પ્રત્યેક બૌદ્ધીક એવું અનુભવે છે કે આપણા ઉત્સવો એટલે બીજું કાંઈ નહીં : ‘મુઠી આનન્દ; પણ મણ બગાડ અને ક્વીન્ટલ મોકાણ...!’ આપણે બહુ ભુંડી રીતે તહેવારો ઉજવીએ છીએ. લોકો દીવાળીમાં ફટાકડાથી દાઝે, ઉત્તરાણમાં ધાબા પરથી લપસે, હોળીમાં એક આખેઆખા જંગલ જેટલાં લાકડાં ફુંકી મારે, ધુળેટીમાં રંગ ભેગી લોહીની ધાર ઉડે અને નવરાત્રીમાં તો માતાને નામે મધરાત સુધી માઈકનો માતમ વેઠવો પડે. પોલીસને કોઈ ગાંઠે નહીં. લોકો હજયાત્રામાં મરે અને અમરનાથયાત્રામાં પણ મરે. કુમ્ભમેળામાં મરે અને રથયાત્રામાં કચડાઈ મરે...! અજ્ઞાનનો અતીરેક તો ત્યારે થાય જ્યારે એ રીતે મરેલાને વળી લોકો એમ કહીને બીરદાવે – ‘કેટલો ભાગ્યશાળી...! ભગવાનના દરબારમાં મર્યો એટલે સીધો સ્વર્ગમાં જશે...!’ શ્રદ્ધાળુઓને કોણ સમજાવે કે સ્વર્ગની વાત તો દુર રહી; એવી ઘાતકી રીતે ધર્મ પાળવો એ સ્વયં એક નર્ક બની જાય છે. એવી ભક્તીથી દુનીયાનો કોઈ ભગવાન રાજી થતો નથી...!

આપણા લગભગ પ્રત્યેક ઉત્સવમાં ગાંડપણ પ્રવેશ્યું છે. દીવાળીમાં કે લગ્નમાં જ નહીં; હવે તો તહેવારોમાં પણ બેફામ ફટાકડા ફોડવામાં આવે

છે. પોથીયાત્રા નીકળે એમાંય ફટાકડા. ચુંટણીમાં જીત થાય કે ક્રીકેટમાં જીત્યા તો કહે ફોડો ફટાકડા...! એવું લાગે છે જાણે પ્રજા જાહેરમાર્ગો પર ફટાકડા ફોડી પોતાના 'વીસ્ફોટ સ્વાતંત્ર્ય'ની ઉજવણી કરે છે. ત્રણેક વર્ષ પર દીવાળી ટાણે એક સજ્જને રસ્તા પર સળગાવેલા એટમબૉમ્બને કારણે મારી પત્નીના પગની એક આંગળી ફાટી ગઈ હતી. ફટાકડાથી આનન્દ મળે તેની ના નહીં; પણ જીવનના કોઈ પણ આનન્દનું મુલ્ય જીવનથી અધીક ના હોય શકે એ વાત ભુલવી ના જોઈએ. સત્ય એ છે કે જેઓ ઝવેરી નથી હોતા એમને હીરાનું નકલીપણું ખટકતું નથી અને જેમની ખોપરીમાં સમજદારીનો શુન્યાવકાશ હોય છે તેમને તહેવારોમાં થતી સામાજીક પજવણીનો ખ્યાલ આવતો નથી. સુરતમાં ગણેશોત્સવ ટાણે ચારે કોર બેફામ નગારાં વગાડવામાં આવે છે. તેને એક પણ એંગલથી વાજબી ગણાવી ન શકાય.

નવસારીમાં નગારાં નહીં ને માઈકનો માથાભારે ત્રાસ છે. છતાં નવસારી પ્રત્યે મને માન છે. 'નાગાની વસતીમાં લંગોટીવાળો ઈજ્જતદાર' ગણાય તે રીતે હું નવસારીને સુરત કરતાં કંઈક અંશે ઈજ્જતદાર ગણું છું. સુરત એટલે સમસ્યાઓથી છલકાતું શહેર...! ને વસતીવીસ્ફોટથી બન્યું એ અળસીયામાંથી અજગર...!

સમાજમાં ચારે કોર ધર્મના નામે અધર્મનાં નગારાં વાગતાં હોય ત્યાં બે–પાંચ બૌદ્ધીકોની બાંગ કોણ સાંભળે? ચોમેર અજ્ઞાનનો ઘોર અન્ધકાર પ્રવર્તે છે. બુદ્ધીનાં તો અહીં થોડાંક જ ટમટમીયાં જલે છે. એમ કહો કે અન્ધકારનું ક્ષેત્રફળ આકાશ જેવડું વીશાળ છે અને દીવડાનું કદ મુઠી જેવડું!

દેશમાં માત્ર એક સમસ્યા નથી; સમસ્યાનો આખો મધપુડો છે. એમાં લોકો પાછા કોમવાદ, ધર્મવાદ, પ્રાન્તવાદ કે ભાષાવાદનો કાંકરીચાળો કરે છે. જાહેર શાન્તી છીન્નભીન્ન થઈ જાય છે. સવારે અખબાર પર નજર ફેરવી લીધા પછી એક નીસાસા સહીત મુખમાંથી શબ્દો સરી પડે છે : ‘સહસ્ર સમસ્યાઓની બાણશૈયા પર લોહીલુહાણ મારો દેશ!’ રાજકારણીઓ અને દેશવાસીઓ ભેગા મળી આ દેશની હજીય ન જાણે કેવી વલે કરશે...!

♦

# કર્મકાંડો કરતાં કમ્પ્યુટરમાં દેશનું વીશેષ કલ્યાણ છુપાયું છે!

અનુક્રમણીકા

અમારી મીત્રમંડળીમાં બચુભાઈ અને ભગવાનદાસકાકા વચ્ચે સાપ નોળીયા જેવા સમ્બન્ધો રહ્યા છે. એક દીવસ બેઉ બળીયા બાથે વળગ્યા. ચર્ચાનો વીષય હતો – 'દુનીયાને કોણ વધુ ઉપયોગી – આસ્તીકો કે નાસ્તીકો?' બચુભાઈએ ભગવાનદાસકાકા તરફ તીરછી નજરે જોઈ લેતાં કહ્યું : 'ભગવાનને તેના ભક્તો, ખુંટે બાંધેલી ગાયની જેમ ભક્તીનું નીરણ પીરસ્યા કરે છે. ભગવાન છે કે નહીં, તે ક્યાં છે, કેવો છે તે વીશે તેમને કશું જ્ઞાન હોતું નથી.'

ભગવાનદાસકાકાએ હોઠ ભીંસી કહ્યું : 'દીનેશભાઈ, આ બચીયાને પુછો કે એ શ્વાસમાં હવા લે છે એ હવા કોણે બનાવી? પાણી કોણે બનાવ્યું? આ ધરતી, સુરજ, ચદ્ર, તારા, નદી, પહાડ, હવા, અગ્ની કોણે મુળશંકરે બનાવ્યાં? (મુળશંકર બચુભાઈના પીતાજીનું નામ!) વૃક્ષમાંથી પ્રાણવાયુ મળે અને તે વડે આપણે જીવીએ એ કરામત કોણે કરી? અરે! દુનીયાનો વીકાસ કરી શકાય તે માટેની બુદ્ધી એને કોણે આપી? પણ જવા દો વાત... આ લોકોની તકલીફ એ છે કે સાબીતી ના મળે તો એ લોકો સગા બાપને ય બાપ માનવા તૈયાર થતા નથી. ભગવાનની કૃપાથી જીવતો માણસ ભગવાન નથી એવું કહે છે ત્યારે એવું લાગે છે– માનો માછલી પાણીમાંથી ડોકું ઉંચુ કરીને કહેતી હોય– 'પાણી જેવી કોઈ વસ્તુ જ નથી!'

એમનો વીવાદ અત્રે અપ્રસ્તુત છે; પરન્તુ સત્ય એ બે વચ્ચે ક્યાંક પડેલું છે. એમની તકરારમાં મને એક સત્ય સાંપડ્યું અને તે એ કે આ દુનીયા આસ્તીકોની શ્રદ્ધાથી નથી ચાલતી. નાસ્તીકોના નીરીશ્વરવાદ વડેય નથી ચાલતી. ચાલે છે કામ કરનારા કર્મયોગીઓ વડે. રસ્તા વચ્ચે પથ્થર પડ્યો છે એવી ફરીયાદ કરનારાઓ કરતાં એ પથ્થરને ઉંચકીને ફેંકી દે એવા માણસની આજે દુનીયાને વીશેષ જરુર છે. પાણી પર પીએચ.ડી. કરનારા કરતાં, કુવો ખોદીને પાણી કાઢનારો વધુ ઉપયોગી નીવડે છે. જીવવા માટે ખોરાક બહુ જરુરી છે એવું ભાષણ કરનારા કરતાં ખેતી કરીને અનાજ પકવનારાઓની ખાસ જરુર છે. ઍરોપ્લેનમાં શ્રીમંતો માટે કથા કરનારા શ્રી. મોરારીબાપુ કરતાં રોડ પર લારી ચલાવતો એક મજુર દેશના વીકાસમાં વધુ નક્કર યોગદાન આપે છે. કર્મકાંડો કરતાં કમ્પ્યુટરમાં આ દેશનું વીશેષ કલ્યાણ છુપાયું છે.

પેટની આગ માણસની પ્રાથમીક સમસ્યા છે. પરન્તુ કુદરતે માણસને કેવળ ભુખ નથી આપી. ભુખની સાથે ધરતી આપી, જળ આપ્યું, બીજ આપ્યું. એ બીજમાંથી અનાજ પકવવાની સમજણ પણ એણે જ આપી. એ માટે આપણે કુદરતને થેંક્યુ કહેવું જોઈએ. (યત્ કૃપા તમ હમ વન્દે... પરમાનન્દ માધવમ્!)

સમજો તો એ ‘થેંક્યુ’થી ચડીયાતી પ્રાર્થના બીજી એકે નથી. એ માટે માણસે મન્દીરમાં જવાની કે નવ દીવસ કામધન્ધો છોડી રામકથા સાંભળવાની જરુર નથી. કોઈ કવીની કવીતા ઉપર આપણે ઝુમી ઉઠીએ ત્યારે શું કરીએ છીએ? દીલથી ‘વાહ, વાહ!’ બોલી ઉઠીએ છીએ. કવી સામે અગરબત્તી કે દીવો સળગાવી નારીયેળ ફોડતા નથી. કવીની જેમ ભગવાન નામના કલાકારનેય કેવળ થેંક્યુ કે વાહ વાહની જરુર છે. લાંબાલચ કર્મકાંડો

કે ટીલાં–ટપકાંની જરુર હોતી નથી. માણસની ભક્તીમાં કાળક્રમે કૃતજ્ઞતાનો અતીરેક ભળતો ગયો. સાચી જુઠી માન્યતાઓથી ભક્તી વીકૃત થઈ. ધર્મગુરુઓએ ધર્મના કલ્યાણકારી મુળ સ્વરુપમાં મનસ્વીપણે ફેરફારો કર્યા. મનફાવતાં અર્થઘટનો કર્યાં. કાળક્રમે મુળ ધર્મ બાજુએ રહી ગયો ને ધર્મના નામે કર્મકાંડોનો અતીરેક થવા લાગ્યો. એમ કહો કે મધના નામે ખાંડની ચાસણીનો વેપાર થવા લાગ્યો.

આ બધી વરવી ધાર્મીક પ્રક્રીયાઓમાંથી જનમ્યો એક વર્ણસંકર રાક્ષસ...! એ રાક્ષસ તે આજનો કહેવાતો ધર્મ! સમગ્ર દુનીયામાં માત્ર માનવધર્મ જ સાચો એમ માનવાને બદલે, આ મેનમેઈડ ધર્મે માણસોને અનેક ટોળાંમાં વહેંચી નાખ્યા. જેટલાં દેવ એટલાં ટોળાં થયાં. કોના દેવ સાચા અને વધારે પાવરફુલ તે મુદ્દા પર ક્યારેક ટોળાં વચ્ચે જુથઅથડામણ થાય છે. દરેક માથું પોતાના દેવ ખાતર ખપી જવા જંગે ચઢે છે. જોતજોતામાં લોહીનાં ખાબોચીયાં છલકાઈ જાય છે. ઘણીવાર ધાર્મીક સરઘસોમાં ગુપ્તી, હોકી સ્ટીક, સોડાવોટરની બાટલીઓ, ખંજર કે તલવારો મળી આવ્યાની ઘટનાઓ પણ બની છે.

માણસનો આ કહેવાતો ધર્મ, કમળામાંથી કમળી થઈ ગયા જેવી દુર્ઘટના છે. નહીંતર શ્રદ્ધા અને સોડાવોટરની બાટલીઓનો મેળ શી રીતે ખાય? તલવાર અને ધર્મ એક મ્યાનમાં શી રીતે રહી શકે? પેટ્રોલના પીપડામાં સળગતી મશાલ ખોસવા જેવી એ મુર્ખતા ગણાય! વધારે આઘાતની બાબત એ છે કે એ ધર્મપંડીતો વીજ્ઞાનનો વીરોધ કરે છે અને ગળુ ફાડીને ભક્તોને સમજાવે છે કે તમે દીનરાત ભગવાનના ચરણોમાં મંજીરાં વગાડતાં રહો! દયાના સાગરને નામે દેહને કષ્ટ આપતાં રહો. સંસારની મોહમાયા ત્યજો અને મોક્ષપ્રાપ્તી માટે મંડ્યા રહો! આત્માના કલ્યાણ માટે તરેહ તરેહના

ટીલાં–ટપકાં ને કર્મકાંડો કરતા રહો. સાધુસન્યાસીઓ, ગુરુઓ કે સ્વામીઓના ચરણોમાં આળોટતા રહો અને એવા કેશવાનન્દોની સેવામાં ઘરની બહેન–દીકરીઓને મોકલતા રહો. આટલું કરો તો તમારા મોક્ષનો વીઝા પાકો! તમારું કલ્યાણ નક્કી! પણ આટલું કરવા છતાં તમારું કલ્યાણ ન થઈ શકે તો નક્કી માનજો કે તમારી શ્રદ્ધા ઓછી, તમારી ભક્તી કાચી ને તમારી નીષ્ઠા નકામી!

આપણો મુળ પ્રશ્ન છે – માણસ માટે કઈ શાન્તી વધુ જરુરી – મનની શાન્તી કે પેટની? આ પ્રશ્ન, માણસ માટે શું વધુ જરુરી – શર્ટ કે નેકટાઈ જેવો ગણાય! ઉઘાડા શરીરે ગળામાં માત્ર ટાઈ પહેરી ફરનારો માણસ ભુંડો લાગે છે. તેને પાગલ કહી શકાય; પણ એવા માણસને શું કહીશું, જેઓ પોતાનાં સન્તાનોને પુરું ખાવાનું આપી શકતાં નથી; છતાં દર મહીનાના પગારમાંથી રુપીયા એકાવનનો મનીઓર્ડર અમુકતમુક મન્દીરમાં મોકલે છે!

પેટની આગ ઠારવા માટે માણસ ખેતરમાં જઈ અનાજ પકવવાને બદલે મન્દીરમાં જઈ મંજીરાં વગાડશે તો એની ભુખ મટશે ખરી? માણસની આધ્યાત્મીક આવશ્યકતાઓ કરતાં પ્રાથમીક જરુરીયાતો વીશે વીચારવાની તાતી જરુર છે. ગામડાંઓમાં લાખો લોકો પાસે જાજરુની સુવીધા હોતી નથી; છતાં એ લોકોને પૈસા ભેગા કરી મન્દીર બાંધવાનું સુઝે છે; પણ જાજરુ બાંધવાનું સુઝતું નથી. આજના તણાવયુક્ત વાતાવરણમાં પ્રભુભજન કે દેવદર્શનથી માણસના મનને કોઈ મનોવૈજ્ઞાનીક રાહત મળતી હોય તો ભલે મન્દીરો બંધાતાં; પણ તેનો ક્રમ જાજરુથી અગ્રક્રમે કદી ન હોવો જોઈએ. તવંગર માણસ તીરુપત્તી જઈ ભગવાનના ચરણોમાં સોનું ચઢાવી આવે છે. એવી લક્ઝુરીયસ અન્ધશ્રદ્ધા અમીરો ઍફોર્ડ કરી શકે છે. ગરીબો પોતાની કાળી મજુરીના પૈસા પરીવાર પાછળ ખર્ચવાને બદલે ભગવાન પાછળ ખર્ચે છે, તે લંગોટી વેચીને પાઘડી ખરીદવા જેવી ભુલ ગણાય.

આપણે ત્યાં આઠમા ધોરણના પ્રવેશવંચીત વીદ્યાર્થીઓ માટે પ્રતીવર્ષ આંદોલન થાય છે. એવું આંદોલન પ્રજાએ ક્યારેય 'મન્દીરને બદલે શાળા કૉલેજો બાંધવી જોઈએ' એવા મુદ્દા પર કર્યું છે? થોડાં વર્ષો પર અશ્વમેધયજ્ઞમાં કરોડો રુપીયાનો ધુમાડો કરવામાં આવ્યો હતો. જરા મનના કેલ્ક્યુલેટર પર હીસાબ માંડીને કહો– એક અશ્વમેધયજ્ઞ પાછળ થતા કરોડો રુપીયાના ધુમાડામાંથી કેટલી શાળાઓ બાંધી શકાઈ હોત? પણ જવા દો એ વાત... અશ્વમેધયજ્ઞ એ આપણા અન્ધશ્રદ્ધાળુ સમાજનું સીનેમાસ્કૉપ પ્રતીક છે. જ્યાં દશમાંથી નવ માણસો એવાં યજ્ઞોની તરફેણ કરતા હોય, ત્યારે તેને અટકાવવાનું કામ ગાંડા હાથીના પગમાં સાંકળ બાંધવા સમુ કપરું છે.

તાત્પર્ય એટલું જ, સાચી જરુરીયાત મનની શાન્તી કરતાં પેટની શાન્તીની છે. ભુખ્યા ભીખારીને ધ્યાન લાગે ખરું? આધ્યાત્મીક શાન્તી મળે ખરી? મનની શાન્તી ભોજન પછીના પાનબીડાં જેવી છે. પેટ ભોજનથી તૃપ્ત થયું હોય તો જ પાનની મઝા આવે. જીવનમાં ભોજનનું મહત્ત્વ પાનબીડાં કરતાં હંમેશાં વધારે રહ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો જીવન માટે શું વધારે જરુરી પાણી કે શરબત? જવાબ પાણી જ હોય શકે શરબત નહીં! કેવળ ઈશ્વરનાં મંજીરાં વગાડ્યા કરવાથી માણસનું પેટ ભરાઈ શકતું નથી અને ઈશ્વરના અસ્તીત્વને સતત ઈન્કારવાથીય માણસનો દહાડો વળતો નથી.

આસ્તીકો–નાસ્તીકો બન્ને માટે રોકડું સત્ય એ જ કે 'ઈશ્વર છે કે નહીં' તેની ચીંતા કર્યા વીના કામે લાગો. કામ એ જ પુજા છે. કામ એ જ ઉર્જા છે. માનવદેહને ટકાવવા પહેલી જરુરીયાત રોટીની છે. શ્રમ કર્યા વીના કોઈને રોટી મળતી નથી. જોકે કેવળ રોટીનું નહીં– ઈજ્જતની રોટીનું મુલ્ય છે. રોટી તો દાઉદ ઈબ્રાહીમનેય મળે છે અને સ્વામી સચ્ચીદાનન્દજીનેય મળે છે. પણ એક રોટી, શબરીના બોર, વીદુરજીની ભાજી કે સુદામાના તાંદુલની જેમ દરેક ધર્મના રામ અને કૃષ્ણને વહાલી હોય છે. મુળ વાત એટલી જ, બેઈમાનીની બાસુંદી કરતા ઈજ્જતની ભડકી સારી !

**07-27-12-2013**

## તો ક્યા ફાયદા, તુમ ગીતા પઢો યા કુરાન...

અનુક્રમણીકા

નાનપણમાં અમે મામાને ત્યાં ફરવા જતા. મામા મજાકમાં પુછતાં, 'બોલો અક્કલ બડી કે ભેંસ...?' અમે બધા છોકરાઓ સમુહસ્વરમાં બોલી ઉઠતાં – ભેંસ...!' અક્કલની ઉંચાઈ માપવા માટે બુદ્ધીની મેઝરટેપ જોઈએ; પણ તે વખતે અક્કલ દુધીયા દાંત જેવી કુમળી... આંખોની ફુટપટ્ટી વડે જે મોટું જણાતું તે અમને મોટું લાગતું. આજનાં બાળકો ખાસ્સાં પરીપકવ હોય છે. તેમની સામે ચોકલેટ અને સો રુપીયાની નોટ ધરવામાં આવે તો તેઓ ચોકલેટ નહીં; સોની નોટ લઈ લે છે. (ત્રીજા ધોરણમાં ભણતા વીદ્યાર્થીને પુછવામાં આવ્યું, 'કુંભમેળો ઉપયોગી કે વીજ્ઞાનમેળો...' તેણે જરા વીચારીને જવાબ આપ્યો : 'વીજ્ઞાનમેળો'... સુન્દર જવાબ)

એકવાર ટીવી પર બાળકો ટીવી સીરીયલ જોઈ રહ્યાં હતાં. બન્યું એવું કે નાયીકાને ઉલટી થવા લાગી. એ સમયે એક બાળકે બીજા બાળક તરફ જોઈને અર્થસુચક સ્મીત કર્યું. બીજાએ બન્ને હાથના આંગળા એકમેકમાં ભીડી પારણું ઝુલાવવાની એક્ટીંગ કરતાં 'ઉંવા... ઉંવા' એવો અવાજ કાઢ્યો. કશાય પદ્ધતીસરના શીક્ષણ વીના આજનાં બાળકો ઘણું જાતીય જ્ઞાન ધરાવતાં હોય છે. તેમને સતત પ્રશ્નો થતા રહે છે. તેમનામાં શ્રદ્ધાવાદ કરતાં બુદ્ધીવાદ વધુ ઝડપથી વીકસી રહ્યો છે. એ સારી નીશાની છે. અન્ધશ્રદ્ધા સામેની તેમની પ્રતીકારક શક્તી વીશેષ છે. પુજાની અગરબત્તી કરતાં કાચબાછાપ અગરબત્તીની ઉપયોગીતા તેમને વીશેષ જણાય છે. મન્દીરના ઘંટ કરતાં નીશાળના ઘંટ જોડે તેમને વધુ ઘરોબો છે. એક વાર આ સ્થળેથી લખ્યું હતું –

'દેશની વસતી પ્રતી સેકન્ડે ટાઈમ–બૉમ્બના ટાઈમરની ગતીએ વધી રહી છે. એ સંજોગોમાં સમાજને નાળીયેર કરતાં નીરોધ વધુ ઉપયોગી છે.' એક ચૌદ વર્ષના છોકરાએ એ ટાઈટલ લાયબ્રેરીમાં તેના બીજા મીત્રને બતાવીને કહેલું – 'વાત સાચી છે.' (સીત્તેર–એંશી વર્ષ પહેલાના કોઈ કીશોરને આ વાત સાચી ન લાગી હોત; બલકે નીરોધ એટલે શું એ પ્રશ્ન પર જ તે મુંઝાઈ ગયો હોત!)

આપણી મુળ વાત શ્રદ્ધાની સરખામણીમાં જીન્દગીની નક્કર જરુરીયાતો કેટલી મહત્ત્વની હોય છે તે અંગેની છે. અબીલ, ગુલાલ, કંકુ, લોબાન કે અગરબત્તી એ શ્રદ્ધાનાં સાધનો છે; પરન્તુ શ્રદ્ધાપુર્તી એ પેટપુર્તી પછીના ક્રમે આવતી બાબત છે. માનવ–વસતીમાં શ્રદ્ધાવાદ કરતાં ભૌતીકવાદનાં મુળીયાં ઉંડાં છે. ઈશ્વરપુજા વીના જીવી શકાય; પેટપુજા વીના નહીં! માણસને પ્રભુ વીના ચાલે; પંખા વીના નહીં. હમણાં એક મન્દીરમાં મેં ભગવાનની મુર્તીને માથે પંખો ફરતો જોયો. મુર્તીને પવનની જરુર હોય તો માણસને કેમ નહીં? પણ અમે જે ધર્મશાળામાં ઉતર્યા હતા ત્યાં બધી રુમોમાં એક પણ પંખો નહોતો!

આજના વીજ્ઞાનયુગમાં બીલીપત્ર કરતાં બકનળી (ટેસ્ટટ્યુબ)નું મહત્ત્વ વીશેષ છે. આસ્તીક અને નાસ્તીકને સરખી ભુખ લાગે છે. આસ્થા એ આત્માનો ખોરાક છે. દાળરોટી એ પેટની જરુરીયાત છે. કુદરતે વ્યવસ્થા જ એવી કરી છે કે માણસને શ્રદ્ધા કરતાં શીરામણની વધુ જરુર પડે છે. શ્રદ્ધાળુઓ એકાદ–બે ઉપવાસ કરી શકે; આખી જીન્દગી ભુખ્યા રહી શકતા નથી. ભગવાન વીના તેઓ જીવી શકે; પણ માણસ વીના એમનું કામ અટકી પડે. મન્દીર વીના ચાલી શકે; પણ સંડાસ વીના નહીં. સ્નેહ વીના જીવી જવાય; પણ શ્વાસ વીના નહીં. કોઈ પીઅક્કડને પુછજો. તે કહેશે, 'મન્દીર વીના ચલાવી લઉં; પણ મદીરા વીના નહીં.'

મુળ વાત એટલી જ, માણસને શ્રદ્ધા કરતાં સાધનોની વધુ જરુર પડે છે. કોઈ કથાકારને ઑપરેશન કરાવવું જ પડે એવું હોય, ત્યારે તેણે મન્દીરનાં નહીં; હૉસ્પીટલમાં પગથીયાં ચઢવાં પડે છે. સંસાર છોડીને સાધુ બની ગયેલા લોકોને પણ જીવનજરુરીયાતનાં સાધનોની જરુર પડે છે. બસ–ગાડીમાં મુસાફરી કરવાને બદલે પગપાળા ભ્રમણ કરનારા સન્તોનેય ચંપલ કે પાવડી વીના ચાલતું નથી. જૈન ધર્મના ઘણા વયોવૃદ્ધ સાધુ–મુનીઓ વ્હીલચેરમાં બેસી ભ્રમણ કરે છે. વીજ્ઞાનનો ઘોર વીરોધ કરતાં એ ગુરુઓ ધર્મપુસ્તકો વાચતાં પુર્વે આંખે ચશ્માં ચઢાવવામાં કશો છોછ અનુભવતા નથી. દાંતનું ચોકઠું પહેરવામાં પણ એમને વીજ્ઞાન પ્રત્યેનો તીરસ્કાર આડે આવતો નથી. સરદર્દ ઉપડે ત્યારે તેઓ પ્રભુને પ્રાર્થના કરતા નથી; પેરાસીટામોલ ટેબ્લેટ ગળી લે છે. એપેન્ડીક્સનું ઑપરેશન કરવાનું હોય ત્યારે તેઓ થોડાક સમય પુરતી વીજ્ઞાન પ્રત્યેની ઘૃણાને બાજુ પર રાખી હૉસ્પીટલમાં દાખલ થઈ જાય છે. ગંગાજળને જીવનજળ સમજતો સાધુ–સન્ત બીમાર પડે ત્યારે તેને ગંગાજળના નહીં; ગ્લુકોઝના બાટલા ચઢાવવા પડે છે. (જહાં કામ આવત સુઈ, વહાં ક્યા કરે તલવારી?)

જે દીવસે ઈશ્વરની આરતી કરવાથી એઈડ્સ સાજો થઈ શકશે તે દીવસે નાસ્તીક લોકો પણ કાનની બુટ ઝાલીને શ્રદ્ધાળુ બની જશે. ઉનાળામાં પ્રસ્વેદની પીડા પંખાથી જ દુર થઈ શકે; પરમેશ્વરથી નહીં. (પરમેશ્વરને તો ખુદ મન્દીરમાં પંખો જોઈએ છે!) ક્યારેક થીજાવી દે એવી કાતીલ ઠંડી પડે છે ત્યારે ઈશ્વરના પ્રખર ભક્તને પણ શ્રદ્ધાનું આવરણ પુરું પડતું નથી. (શ્રદ્ધા સોલાપુરી ચારસાનો વીકલ્પ બની શકતી નથી) ભુખ લાગે ત્યારે ભગવાનની નહીં; ભાખરીની જરુર પડે છે. રોજ ગીતાના ચાર અધ્યાય વાંચવાનો તમારો પાકો ક્રમ હશે. તોય કેન્સર થયું હશે તો ગંગાજળ પીવાથી કે ચારધામની

યાત્રા કરવાથી નહીં મટે. તે માટે કેન્સરની હૉસ્પીટલમાં દાખલ થવું જ પડે. શ્રી. હરીને રોજ ‘સાહેબજી’ કરી હોય તે ત્યાં કામ આવતી નથી.

જીવનમાં ડગલે ને પગલે શ્રદ્ધા કરતાં સાધનોનું આટલું મહત્ત્વ રહ્યું હોય ત્યારે સાધનોની જાળવણી જરુરી છે. જીવન એ જીવાત્માનું પ્લેટફોર્મ છે. જીવ મુસાફર છે. જીન્દગી એનો રસ્તો છે. એથી જીવ અને જીવનની પુરા આદરથી જાળવણી કરવી એ સૌનો જીવનધર્મ છે. ગોધરામાં ટ્રેનનો ડબ્બો સળગાવ્યા બાદ ઠેરઠેર માણસોને જીવતા જલાવી મુકવામાં આવ્યા. જીવ અને જીવન બન્ને સળગ્યાં. એમાં ન તો રામ રાજી થયા; ન અલ્લાને આનન્દ થયો. જીવતો જાગતો માણસ રહેંસાઈ જાય પછી સલામત રહેલી શ્રદ્ધા, બકરી કપાઈ ગયા પછી બાજુમાં પડેલા છરા જેવી હોય છે, એવી જીવલેણ શ્રદ્ધાને માથે આપણે કુરબાની કે શહીદીનું લેબલ લગાવી દઈએ છીએ. આગજનીને ધર્મયુદ્ધમાં ખપાવી દેવાય એનાથી મોટો ધાર્મીક દમ્ભ બીજો એકે નથી. રામ–રહીમ માંહોમાહે કપાઈ મરે છે, ત્યારે ઈશ્વર અને અલ્લાનું અરણ્યરુદન માણસના કાન સુધી પહોંચતું નથી. કેટલા હીન્દુ મર્યા કે કેટલા મુસ્લીમ એવી ચર્ચા થાય છે. ખરો હીસાબ તો કેટલા માણસો મર્યા એનો કાઢવો જોઈએ. ડાબો હાથ કપાય કે જમણો; દેહને સરખી વેદના થાય છે. તમારી આંખો ફોડી નાખતાં પુર્વે કોઈ તમને પસન્દગીની તક આપતા પુછે – ‘ડાબી ફોડું કે જમણી..?’ તો તેનો કોઈ આનન્દ થાય ખરો?

આપણી કમનસીબી એ છે કે આપણે હીન્દુ કે મુસ્લીમને મરતાં જોઈએ છીએ પણ ઈશ્વર કે અલ્લાના આઘાતને જોઈ શકતા નથી. આ પૃથ્વીલોકમાં છાસવારે બુદ્ધીનાં ઉઠમણાં થતાં રહે છે અને માનવતાનાં મૈયત પર જીન્દગીઓ કુરબાન થતી રહે છે. બચુભાઈ એથી જ કહે છે – ‘ઈન્સાન અગર ઈન્સાન કો કરે કુરબાન; તો ક્યા ફાયદા, તુમ ગીતા પઢો યા કુરાન…?

**08-22-02-2014**

# ગુજરાતી સાહીત્યમાં ‘દલીત સાહીત્ય’ શબ્દ શા માટે પ્રયોજાવો જોઈએ?

અનુક્રમણીકા

સુરતમાં સાહીત્ય પરીષદના અધીવેશનમાં અનેક દીગ્ગજો પધાર્યા હતા. તેમના ચીંતનાર્થે અત્રે એકાદ બે પ્રશ્નો રજુ કર્યા છે. એ સર્વવીદીત સત્ય છે કે મા સરસ્વતીના પવીત્ર સાહીત્યક્ષેત્રમાં આજે સ્થીતી ખાસ ગૌરવ લઈ શકાય એવી રહી નથી. બધાં ક્ષેત્રોમાં મુલ્યોનું ધોવાણ થયું છે તેમ સાહીત્યમાંય થયું છે. જુની પેઢીના સર્જકો, પન્નાલાલ પટેલ, પીતામ્બર પટેલ, ઈશ્વર પેટલીકર, ગોવર્ધનરામ ત્રીપાઠી, રવીન્દ્રનાથ, શરદબાબુ વગેરેનું પ્રદાન સાત્ત્વીક અને ચીરસ્મરણીય રહ્યું હતું. તેમના સર્જનમાં જીવન ધબકતું હતું. આજના બહુધા સર્જકો વાડાબન્ધીના ભોગ બન્યા છે. મૈત્રી–વીવેચનોનું પ્રદુષણ વધ્યું છે. રોયલ્ટી લેખકની બુદ્ધીશક્તીનું પારીશ્રમીક ગણાય એથી લેખક રોયલ્ટી ઝંખે તે અનુચીત નથી; પરન્તુ એથી આગળ વધીને એવોર્ડો મેળવવા માટે પેંતરા કરવા, પાઠ્યપુસ્તકોમાં પોતાની કૃતીનો સમાવેશ કરાવવો અથવા પોતાના પુસ્તકને પાઠ્યપુસ્તક તરીકે ઘુસાડવું, એવી બધી જ ‘મેલીવીદ્યા’માં આજનો લેખક પારંગત થઈ ગયો છે. કહેવાતા ટોચના ધુરન્ધર સાહીત્યકારો વીશે પણ ઘણાં ઘૃણાસ્પદ સત્યો બહાર આવે છે. સાહીત્યકારો સાથે સાધારણ માણસનો અંતરંગ સમ્બન્ધ તુટી રહ્યો છે. શ્રી. ગોવર્ધનરામ ત્રીપાઠી કૃત ‘સરસ્વતીચંદ્ર’નો લોકજીવન પર એવો ગાઢ પ્રભાવ હતો કે લોકો તેમની નવલકથાનાં પાત્રો પરથી સન્તાનોનાં નામ રાખતા. આજે લેખકની

કલમ અને કલ્પનામાં એવું કૌવત રહ્યું નથી. પ્રયોગખોરીના નામે એબ્સર્ડ(દુર્બોધ) સાહીત્ય ઠઠાડવામાં આવી રહ્યું છે. શાળાઓની, ગ્રામપંચાયતોની કે શહેરોની લાયબ્રેરીઓમાં લાખો રુપીયાનાં એવાં પુસ્તકો ઘુસાડવામાં આવે છે. મા સરસ્વતીનું ક્ષેત્ર ‘લીયા... દીયા’ જેવું સ્ટૉક–એક્સચેન્જ બની ચુક્યું છે. સાહીત્ય પરીષદમાં ભેગા થનારા લેખકો કેવળ સાહીત્યની ક્વૉલીટીની જ નહીં; આજના લેખકોની પણ ચર્ચા કરે તે જરુરી છે. પરન્તુ દુ:ખની વાત છે કે તેમ થતું નથી.

હવે દલીતો અને તેમના સાહીત્ય પર નજર કરીએ. ગાંધીજીનું એક સ્વપ્ન દલીતોનો ઉદ્ધાર કરવાનું હતું. આજે પણ દેશના અમુક ભાગોમાં દલીતોની સ્થીતી દયનીય છે. યેનકેન પ્રકારેણ તેમનું શોષણ કરવામાં આવે છે. દલીતોને થતાં અન્યાય અને સામાજીક શોષણને કારણે ન છુટકે તેમણે ધર્મપરીવર્તન પણ કરવું પડે છે. આપણા બન્ધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે એ જ કારણે બૌદ્ધ ધર્મ અંગીકાર કરવો પડેલો. દલીતો આપણી વસતીનું જ એક અંગ છે. આપણી સંસ્કૃતીમાંથી તેમની બાદબાકી શક્ય નથી. તેમને જો વીકાસની યોગ્ય તકો આપવામાં આવે તો તેઓમાંથી પણ અબ્દુલ કલામ કે બાબાસાહેબ આંબેડકર પ્રાપ્ત થઈ શકે છે. દલીતોએ પણ એક વાત સમજી લેવી પડશે. તેમણે પોતાનાં રખોપાં માટે સામાજીક હમદર્દીની દયા પર જીવવાને બદલે આત્મબળથી ઘુંટણીયાભેર ઉભા થવાની ઉત્કંઠા દાખવવી પડશે. યાદ રહે, પ્રગતી અને વીકાસ માટે નીષ્ઠા અને લગનનો કોઈ વીકલ્પ નથી. દલીતો ખુદની ખુમારીથી સ્વયમ્ સંકલ્પ કરશે તો એક દીવસ જરુર એવો આવશે કે દલીતોને પોતાને કુવે પાણી ન ભરવા દેતા ઉજળીયાતો, કોઈ દલીતે શોધેલા મીનરલ વોટરથીય ચઢે એવા શ્રેષ્ઠ જળ માટે તેમના આંગણામાં લાઈન લગાડશે. આજે વીકાસના

જમાનામાં હવે સ્થીતી એવી રહી નથી કે દ્રોણગુરુ કહે અને એકલવ્ય અંગુઠો કાપી આપે! બલકે દલીતોએ એવો સુન્દર વીકાસ કર્યો છે કે આજે કેટલાંય એકલવ્યો ડૉક્ટર બની દ્રોણ ગુરુઓના અંગુઠાનું ઑપરેશન કરીને તેમની વીદ્યાને જીવતદાન આપે છે. આ કાંઈ જેવા તેવા આશ્વાસનની વાત નથી. એક વાત મીનમેખ છે. કોઈએ પણ પ્રગતી કરવી હશે તો ઉછીનો ઉત્સાહ કામે નહીં લાગે. પ્રેરણા સ્વયંભુ હોવી જોઈશે. અન્તરીક્ષમાં પહોંચ્યા વીના કલ્પના ચાવલાને કે સુનીતા વીલીયમ્સને દુનીયા ઓળખી ના શકતી હોય તો ખીણમાં ઉભેલા દલીતોનો ઉદ્ધાર તો સ્વયમ્ બાબાસાહેબ આંબેડકર પણ ના કરી શકે.

આપણા દેશે શીક્ષણ, વીજ્ઞાન અને ટૅક્નોલૉજીના ક્ષેત્રે હરણફાળ પ્રગતી કરી છે. સૌને માટે વીકાસની એક જ શરત છે. દુનીયાના બજારમાં બુદ્ધીપ્રતીભા અને શીક્ષણનું ચલણ ચાલે છે. તે ચલણ તમારી પાસે હોવું જોઈશે. ભુતપુર્વ રાષ્ટ્રપતી અબ્દુલ કલામ દલીત વર્ગના છે. નાનપણમાં એ છાપાના ફેરીયા હતા. એમને દેશના સર્વોચ્ચ સ્થાને બીરાજતાં કોણ અટકાવી શક્યું? એ ભણવામાં ‘ઢ’ નીકળ્યા હોત તો આટલી પ્રગતી કરી શક્યા હોત ખરા?

સમાજની એક રીત વખાણવા જેવી છે. તમારામાં કૌવત હશે તથા ભીતર ચેતનાનું અજવાળું હશે અને શીક્ષણ દ્વારા તમે સદીની સમકક્ષ વીકાસ સાધી શક્યા હશો તો સમાજ તમારા ચરણોમાં પડતા ખંચકાશે નહીં. તમે આત્મબળથી પ્રગતી કરશો તો તમારી દલીત જાતી તમારો વીકાસ રોકી શકશે નહીં. અને એ પણ એટલું જ સાચું છે કે આવડત નહીં હોય તો બ્રાહ્મણે, ક્ષત્રીયે કે વૈશ્યે પણ ભીખ માગવી પડશે. માણસની જાતી મહત્ત્વની નથી; ખ્યાતી મહત્ત્વની છે. અમીતાભ બચ્ચનની અટક પરમાર હોત તો પણ તે એટલી જ પ્રસીદ્ધી પામ્યા હોત. પ્રસીદ્ધી અમીતાભના નામમાં નથી

અભીનયમાં છે. કૌવત હોય તો દલીતો પણ કોણી મારીને આગળ આવી શકે છે. દેશની સરકારી કે ખાનગી ઑફીસોમાં એક બે નહીં કરોડોની સંખ્યામાં દલીતો ઉંચેરાં સ્થાને બેઠા છે. દુનીયાના બજારમાં કાબેલીયતનું જ ચલણ ચાલતું હોય તો દલીતોએ ડરવાનું કોઈ કારણ નથી. આજે પણ સેંકડો દલીત નેતાઓ પાર્લામેન્ટની ખુરશી શોભાવે છે. તેમના વીકાસમાં ઉજળીયાતો કદી આડા આવ્યા નથી. સ્વ. સુરેશ જોષીએ સાહીત્યમાં દુર્બોધ સાહીત્યનો નવતર પ્રયોગ કરેલો. એમની અટક ચૌહાણ હોત તો શું એ પ્રયોગ ન સ્વીકાર્યો હોત? અખો અને કબીર શુદ્ર હતા; છતાં તેમનું તત્ત્વજ્ઞાન આજે કૉલેજોમાં ભણાવાય છે. કોઈ અનુસુચીતજાતીનો માણસ પાણીથી ચાલતા સ્કુટરની શોધ કરે તો શું ઉજળીયાતો તેને નહીં અપનાવશે? અત્રે (સ્વપ્રસંશા માટે નહીં પણ ફક્ત) પુરાવા ખાતર એક વાત (થોડા સંકોચ અને ખાસ ક્ષમાયાચના સાથે) લખવી પડે છે. આ લખનારે ગુજરાતના મોટાભાગના છાપાઓમાં લખ્યું છે. કદી કોઈ તન્ત્રીએ એમ કહીને નીરાશ નથી કર્યો કે તમે શુદ્ર છો એથી તમને કૉલમ નહીં મળે. આ લખનારનાં પુસ્તકોને સાહીત્ય અકાદમીનો અને સાહીત્ય પરીષદનો, એમ બબ્બે એવોર્ડ મળ્યા ત્યારે નીર્ણાયક કમીટીમાં બ્રાહ્મણો પણ હશે જ; તેમણે મારી શુદ્રતાનું નહીં સાહીત્યીકતાનું જ મુલ્ય આંક્યું હતું. વળી કોઈ બ્રાહ્મણ સર્જકની નબળી કૃતીને તેમણે ઈનામ વંચીત રાખી હોય એવું પણ બન્યું હશે.

એક વાત સમજાય છે. માણસે કયા કુળમાં જન્મ લીધો છે તેનું મહત્ત્વ નથી; પણ જીવનમાં તે શું બની શક્યો છે તે વાત મહત્ત્વની છે. આફ્રીકાના જંગલમાં રહેતો માણસ ચન્દ્ર પર પહોંચી શકે તો આખી દુનીયાની આદરભરી નજર તેના તરફ મંડાયા વીના ના રહે. પછી લોકો આફ્રીકાના જંગલને ભુલી જાય છે. જો તમે કમળ બની શકશો તો કાદવ તમારું કાંઈ

બગાડી શકશે નહીં. ગાંધીજી વાણીયા (ઉજળીયાત) હતા. પણ એમનો દીકરો હરીલાલ વેશ્યાગામી, જુગારી અને દારુડીયો બની ગયો હતો. કર્ણ (દાસીપુત્ર) કહેવાયેલો છતાં તેને ‘શ્રેષ્ઠ દાનેશ્વરી’ તરીકે આજે પણ ઓળખીએ છીએ.

માનો કે ન માનો પણ સત્ય તો એ જ છે કે હવે હરીજન હોમમીનીસ્ટર બની શકે છે. કુમ્ભારનો દીકરો કલેક્ટર બની શકે છે. સુથારનો દીકરો સાહીત્યકાર બની શકે છે અને લુહારનો દીકરો (શંકર–જયકીશનની જોડીનો જયકીશન) સંગીતકાર બની શકે છે. સમાજની અદાલતમાં ક્ષમતાનો આવો સુંદર પોએટીક જસ્ટીસ અમલી છે ત્યાં સુધી કોઈએ હીમ્મત હારવાની જરુર નથી. ચાલો, આપણે દુનીયાના એ દસ્તુરને માથે ચઢાવીએ અને એ વાતનો દઢપણે સ્વીકાર કરીએ કે કોઈ ઉંચ નથી કોઈ નીચ નથી. આપણે સૌ એક નીભાડામાં પાકેલા સંતાનો છીએ. વર્ષો પુર્વે આપણા પુર્વજો એ સત્ય સમજી શક્યા ન હતા. આપણે પણ એ સમજવામાં હજી અખાડા કરીશું તો બાવીસમી સદીમાં પણ અનામત આંદોલનો વેઠવાં પડશે. અનામત પ્રથાને ખતમ કરવાનો રામબાણ ઈલાજ એ જ કે કોઈને પછાત જ ન રહેવા દઈએ. ન રહેગા દલીત; ન હોગા કોઈ વ્યથીત...!

દલીતો વીશે આટલી પેટછુટી વાત કર્યા બાદ સાહીત્ય ક્ષેત્ર માટે પણ દલીત સાહીત્ય સમ્બન્ધે એક ફરીયાદ રહી છે તેની ચર્ચા જરુરી અને ખાસ મહત્ત્વની છે. હમણા દલીતો વીશે એક પુસ્તક વાંચવા મળ્યું. ‘ટ્રુથ એબાઉટ દલીત : કાસ્ટ સીસ્ટમ એન્ડ અન્ટચેબીલીટી’ નામના એ પુસ્તકના લેખક ઓલીવર ડીસોઝા 20 વર્ષોથી દલીત ચળચળ સાથે સંકળાયેલા છે. તેમણે દલીતોનાં વીવીધ પ્રશ્નો અને સમસ્યાઓની વીગતે છણાવટ કરી છે. એકવીસમી સદીનાં આધુનીક અજવાળામાં પણ દલીતોનો ઈલાકો શા માટે અંધારીયો રહી ગયો છે તેની વાત એમણે કરી છે. પરન્તુ અત્રે આ લખનારની

મુળ ફરીયાદ એ છે કે દલીતો દ્વારા રચાયેલા સાહીત્યને ‘દલીત સાહીત્ય’ તરીકે શા માટે ઓળખવામાં આવે છે? મા સરસ્વતીના પવીત્ર સાહીત્યમન્દીરમાં આ તે કેવી આભડછેટ? સમાજમાં તેમને હમ્મેશને માટે દલીત તરીકે જ સ્થાપી દેવાની એ કુચેષ્ઠા નહીં તો બીજું શું છે? એ શબ્દ સાહીત્યમાં શી રીતે પ્રવેશી શક્યો તેનું આશ્ચર્ય થાય છે અને એ વાતે જાગૃત દલીતો એનો વીરોધ શા માટે નથી કરતા? સાહીત્ય તો કેવળ સાહીત્ય જ હોઈ શકે. એમાં ‘દલીત– ઉજળીયાત’ જેવા ભેદ પાડી જ ન શકાય. શું જૉસેફ મેકવાનની નવલકથા ‘આંગળીયાત’માંથી દાલીત્યની ગન્ધ આવે છે? ભુતપુર્વ રાષ્ટ્રપતી ડૉ. અબ્દુલ કલામની આત્મકથા ‘અગનપંખ’માંથી દલીતતા ડોકાય છે? સાહીત્યનો એક જગસ્વીકૃત માપદંડ છે. એ ચકાસણીમાં જે ખરું ઉતરે તે સાહીત્ય કહેવાય. સાહીત્યની ઓળખ તેના લખનાર પરથી નહીં તેના સાત્ત્વીક ધોરણ પરથી જ થઈ શકે. (ગાંધીજીનું સાહીત્ય ‘વાણીયા સાહીત્ય’ અને ગોડસેનું સાહીત્ય ‘ગુંડા સાહીત્ય’ એમ ન કહેવાય.) વાલીયામાંથી વાલ્મીકી બનેલા ઋષીએ રામાયણ લખ્યું. એ ‘રામાયણ’ને ‘લુંટારા સાહીત્ય’ તરીકે ન ઓળખાવી શકાય. જરા કલ્પના તો કરો, ‘રામાયણ’ને ‘દલીત સાહીત્ય’ તરીકે ઓળખીશું તો કેવું લાગશે?

મુળ વાત એટલી જ, સાહીત્ય કેવળ અને કેવળ સાહીત્ય જ હોય. તેમાં ‘દલીત’ શબ્દ ઉમેરીને અસ્પૃશ્યતાના પેલા પુરાણા પોપડાને ઉખેડવા જેવો નથી. અનુસુચીત જાતીની માટેનો પ્રચલીત શબ્દ હવે જાહેરમાં બોલી કે લખી શકાતો નથી. કોઈ તેનો ઉપયોગ કરે તો તેના પર ‘એટ્રોસીટી એક્ટ’ મુજબ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. તે જ પ્રકારની સજાનું પ્રાવધાન આવા જાતીભેદ ઉભો કરનારા નામ માટે (અર્થાત્ **‘દલીત સાહીત્ય’** શબ્દપ્રયોગ માટે) પણ હોવું જોઈએ.

ઉદાહરણો તો અનેક આપી શકાય. પણ માણસનું જ ઉદાહરણ લઈએ. કોઈ પણ જ્ઞાતી, કોમ કે ધર્મના લોકોની દૈહીક રચના સરખી હોય છે. સાહીત્ય પણ દેહ રચના જેવું છે. બહુબહુ તો બળવાન દેહ અને નબળો દેહ એવું વર્ગીકરણ કરી શકાય, તેમ ઉત્કૃષ્ટ કોટીનું સાહીત્ય અને નબળી કોટીનું સાહીત્ય એવો ભેદ (વ્યવસ્થા ખાતર) પાડી શકાય. પણ અહીં ખરો રંજ એ વાતનો છે કે ઉત્તમ, મધ્ય અને કનીષ્ઠની ગણતરીથી વર્ગભેદ પાડવામાં આવતો નથી. દલીત દ્વારા રચાયેલું સાહીત્ય સર્વશ્રેષ્ઠ હોય તો પણ તેને 'દલીત સાહીત્ય'ના નામે જ ઓળખવામાં આવે છે. આવા અપમાનજનક જાતીભેદનો સૌથી મોટો વાંધો દલીત સમાજના અગ્રણીઓને હોવો જોઈએ. જરા વીચારો : સોનું (Gold) એટલે સોનું. એના પ્રકારો જરુર હોઈ શકે. જેમ કે વીસ કૅરેટ, બાવીસ કૅરેટ, ચોવીસ કૅરેટ વગેરે. પણ આ બધા તો ઓળખ માટે માણસે ઉભાં કરેલાં (વ્યવસ્થાપકીય) વર્ગીકરણો છે. સોનાનું મુળ 'હેમતત્ત્વ' તો એક જ હોય શકે ને! કોઈ દલીત વ્યક્તી ચોવીસ કૅરેટ સોનું વેચતો હોય તેને 'દલીત સુવર્ણ' કહેવાની ભુલ કરાય ખરી?

આ લખનારને શ્રી. જૉસેફ મેકવાનની 'આંગળીયાત' નવલકથા એટલી જ ગમેલી, જેટલી શ્રી. ભગવતીકુમાર શર્માની 'અસુર્યલોક' ગમેલી. બન્ને ઉત્તમ અને પુરસ્કૃત કૃતીઓ છે. સ્વીકાર્યું કે સામાજીક વ્યવસ્થા ખાતર બન્ને લેખકોને અલગ તારવવા પડે. મતલબ મેકવાન સાહેબને બ્રાહ્મણ ન કહી શકાય અને શર્માજીને દલીત ન કહી શકાય. પણ તેમના સાહીત્યની એક સરખી ઉત્કૃષ્ટતાનું જાતી આધારીત વર્ગીકરણ શી રીતે થઈ શકે? (શું એમ કહી શકાય કે બ્રાહ્મણની ગભાણમાં બાંધેલી ગાય દુધ આપે તે ઉજળીયાતનું પવીત્ર દુધ... અને દલીતની ગભાણમાં બાંધેલી ગાયનું દુધ અપવીત્ર?) એક વાત નીશ્વીત છે. સાહીત્ય જગતમાં સૌની પેન ભલે નોખી હોય; પણ તેમાંથી

નીપજતા સાહીત્ય વચ્ચે તો ઉંચનીચના ભેદ ન હોવા જોઈએ. આમ જ ચાલ્યું તો આગળ જતાં ઘણાં વીભાજન થશે. સાહીત્યમાં પણ વર્ણવ્યવસ્થા પ્રવેશશે. પ્રશ્ન એટલો જ કે આપણે બ્રાહ્મણો દ્વારા રચાયેલા સાહીત્યને ‘બ્રહ્મ સાહીત્ય’ નથી કહેતા. ક્ષત્રીય દ્વારા રચાયેલા સાહીત્યને ‘વીર સાહીત્ય’ નથી કહેતા. વૈશ્ય દ્વારા રચાયેલા સાહીત્યને ‘વાણીજ્ય સાહીત્ય’ નથી કહેતા. તો દલીતો દ્વારા રચાયેલા સાહીત્યને ‘દલીત સાહીત્ય’ શા માટે કહીએ છીએ? (એ રીતે તો આપણે છુતાછુતની અન્ટચેબીલીટી ઘુસાડી દઈશું.) ભવીષ્યમાં કોઈ દલીત જાતીના સાહીત્યકારને નોબેલ પારીતોષીક મળશે તોય આપણે કહીશું – ભારતના ફલાણા દલીત સાહીત્યને નોબેલ પારીતોષીક મળ્યું. (સાહીત્ય નોબેલ પારીતોષીક કક્ષાનું હોય તો પણ તે દલીત? ઉજળીયાતો દ્વારા આ તે કેવું ચતુરાઈપુર્વકનું શોષણ!)

યકીન માનજો, ઐશ્વર્યા રાયની અટક ઐશ્વર્યા રાઠોડ હોત તો પણ તે ‘બ્યુટી ક્વીન’નો ઈલકાબ જીતી ગઈ હોત. ઉજળીયાતોએ વીચારવું રહ્યું કે ઐશ્વર્યા રાઠોડના સૌંદર્યને આપણે ‘દલીત સૌંદર્ય’ કહેવાની મુર્ખામી ના જ કરી હોત. તો સાહીત્યમાં ‘દલીત’ શબ્દનું લેબલ શા માટે લગાડવું જોઈએ? સાહીત્યને માત્ર સાહીત્યના નામે જ ઓળખવામાં આવે તે વધુ ન્યાયોચીત ગણાય. ફીલ્મ ‘ખામોશી’માં ગુલઝાર સાહેબે એક સુંદર ગીત લખ્યું છે. ‘હમને દેખી હૈં ઉન આંખોંકી મહેકતી ખુશ્બુ...’ અને પછી આગળ કંઈક એવી પંક્તી આવે છેઃ ‘પ્યારકો પ્યાર હી રહને દો કોઈ નામ ન દો...!’ ગુલઝાર સાહેબની એ સલાહ અહીં જરા જુદી રીતે લાગુ પડે છે. મતલબ પ્રેમ તો હર હાલમાં પ્રેમ જ હોય છે. દલીતોના પ્યારને ‘દલીત પ્રેમ’ અને ઉજળીયાતના પ્યારને ‘સવર્ણ પ્રેમ’ કહેવાની જરુર ખરી? સાહીત્યમાં પણ એવા વર્ણભેદ ઉભા કરવાની જરુર નથી. અર્થાત્ સાહીત્યને સાહીત્ય જ રહેવા દઈએ, કોઈ નામ

ન આપીએ. ખેર, સાહીત્યમાં દલીત શબ્દ ઘુસાડનારાઓને અંતે એટલું જ કહેવાનું કે 'દલીત' શબ્દ લેખકને માટે પ્રયોજવામાં આવે છે પણ તે (અજ્ઞાનવશ અથવા તો ઈરાદાપુર્વક) એવી ખોટી રીતે ઉપયોગમાં લેવાય છે કે તે સીધો સાહીત્યને સ્પર્શે છે. એ બે રીતે વાંધાજનક છે. એકવીસમી સદીમાં જ્યારે તમામ ક્ષેત્રે નવરચનાનો વાયુ ફુંકાઈ રહ્યો છે ત્યારે કમસે કમ સાહીત્યમાં આવા જાતીભેદ ન હોવા જોઈએ. અને બીજું મહત્ત્વનું કારણ એ છે કે 'દલીત' શબ્દ પછાત જાતી માટે વપરાતો હોવાથી જાણ્યેઅજાણ્યે એ શબ્દનો સુચીતાર્થ સાહીત્યની ગુણવત્તાને ઝાંખપ લગાડે છે. ન્યાયની વાત એટલી જ કે 'દલીત' શબ્દનો અર્થ જો પછાત, અવીકસીત કે નબળુ એવો થતો હોય તો બ્રાહ્મણ લેખકની નબળી કૃતીની ગણના પણ 'દલીત સાહીત્યમાં' થવી જોઈએ. પણ તેમ થતું નથી. બીજી તરફ દલીતો દ્વારા રચાયેલા ઉત્કૃષ્ટ સાહીત્યની ગણના પણ દલીત સાહીત્ય તરીકે જ થાય છે. અંતે સાહીત્યના દીગ્ગજોને એ બાબત પર વીચારવા વીનન્તી છે કે દલીત દ્વારા રચાયેલા સાહીત્યને 'દલીત સાહીત્ય' કહેવું એટલે પાગલખાનામાં કામ કરતા ડૉક્ટરને 'પાગલ ડૉક્ટર' કહેવા જેવી ભુલ ગણાય. (અથવા 'અ' વર્ગના સભ્યને 'અસભ્ય' કહેવા જેવી મુર્ખામી ગણાય) શું એ ભુલ સુધારી ન શકાય? મોતી સાચું હોય અને તે કાળા છીપલામાંથી નીકળ્યું હોય તેથી તે 'કાળુ મોતી' ન કહી શકાય. એકવીસમી સદીના આ વીકસીતયુગમાં અર્જુન કરતાં એકલવ્ય ચડીયાતો હોઈ શકે એ સત્ય સ્વીકારવામાં કોઈએ અખાડા ન કરવા જોઈએ. આશા રાખીએ કે દલીતો અને સવર્ણો બન્ને, **'દલીત સાહીત્ય'**ના આ મુદ્દા પર – માત્ર આ ને આ જ મુદ્દા પર ઉંડાણથી વીચારીને પ્રામાણીક અને તટસ્થ પ્રતીભાવો આપશે.

♦

**09-14-03-2014**

# કેટલીક અન્ધશ્રદ્ધાની કૉસ્ટ ઑફ પ્રોડક્શન બહુ ઉંચી હોય છે!

અનુક્રમણીકા

માણસના દેહમાં ફેફસાં, મગજ, હૃદય વગેરેનું સ્થાન જાણી શકાય છે; પરન્તુ બુદ્ધી મગજના ચોક્કસ કયા ભાગમાં આવેલી છે તે જાણી શકાતું નથી. કાળક્રમે દુન્યવી વીકાસ થતાં માણસની બુદ્ધીનું અનેક વીદ્યાઓમાં રુપાન્તર થયું. એ વીદ્યા એટલે વીજ્ઞાન! જીવવીજ્ઞાન, ખગોળવીજ્ઞાન, શરીરવીજ્ઞાન, રસાયણવીજ્ઞાન જેવાં વીવીધ નામોથી એ ઓળખાય છે. માણસ ધીમે ધીમે અનેક વીદ્યાઓમાં મહારત હાંસલ કરતો ગયો અને એ રીતે એને જીવનનું વીજ્ઞાન આવડી ગયું. માણસનું સર્વોત્તમ જીવવીજ્ઞાન એટલે રૅશનાલીઝમ!

સુરતમાં વર્ષો પહેલાં શ્રી. રાવ નામના કમીશ્નર પદે સુરતને ‘સ્વચ્છનગરી’નો ઍવોર્ડ મળ્યો હતો; પરન્તુ તે એક અલગ સીદ્ધી હતી. આપણી પાર વીનાની અન્ધશ્રદ્ધાઓ, વહેમો, કુરીવાજો, વધુ પડતા કર્મકાંડો જેવી ટનબંધી વૈચારીક ગન્દકીનો પ્રશ્ન હજી ઉભો છે. ઘરનાં બારીબારણા ચોખ્ખાં રહે એટલું પુરતું નથી; એ બારણે મરચું અને લીંબુ લટકાવેલું હોય ત્યાં સુધી એ સ્વચ્છતા અભીયાન અધુરું લેખાય. સંભવતઃ વર્ષો પુર્વે સુરતની ‘સત્યશોધક સભા’એ સુરતમાં અન્ધશ્રદ્ધાનું ડીમોલીશન આરમ્ભ્યું હતું; પરન્તુ એ મનોશુદ્ધી અભીયાનને કમીશ્નર રાવ જેટલી સફળતા પ્રાપ્ત થઈ શકી નથી.

શ્રી. રાવનું લક્ષ્યાંક શહેરને સ્વચ્છ બનાવવાનું હતું. પ્રમાણમાં તે સહેલું હતું. ‘તમારી ગલી સ્વચ્છ રાખો’ એવું લોકોને કહેવાનું સહેલું છે; પરન્તુ ‘ગલીગલીમાં ગણપતી ના માંડો’ એમ કહેવાનું અઘરું છે. ગણેશવીસર્જન કે તાજીયાના જુલુસથી કલાકો સુધી મેઈન રોડનો ટ્રાફીક જામ થઈ જાય છે તે આજની દુ:ખદ વાસ્તવીકતા છે. ‘જાહેર માર્ગો પર એવા સરઘસ ના કાઢો’ – એવું કહી શકે એવો કોઈ ‘રાવ’ હજી પાક્યો નથી. લોકો અન્ધશ્રદ્ધાને બાપદાદાની મીલકત સમી ગૌરવશાળી અને જતનતુલ્ય સમજે છે.

માણસ રોજ સવારે ઉમ્બર ધુએ છે, ઠાકોરજીની મુર્તી ધુએ છે, શીવલીંગ ધુએ છે, હમામ સાબુથી કપાળ ધુએ છે અને ત્યાર બાદ ખરો ખેલ શરુ થાય છે. કપાળ કંકુથી ગન્દું કરે છે. મુર્તી જો હનુમાનની હોય તો તેને તેલસીંદુરથી ખરડે છે. શંકરની હોય તો તે પર દુધ, દહીં, મધ વગેરેની રેલમછેલ કરે છે. આટલી ભક્તી પછી પણ માણસનો ‘કપટનો ખેલ’ અને ‘મનનો મેલ’ અકબન્ધ રહે છે. લાખો કરોડોનો લાભ થઈ શકે એમ હોય તો માણસ એ મુર્તીના તમે કહો તેટલા ટુકડા કરી આપવા તૈયાર થઈ જાય છે. નવસારીમાં કોઈકે હનુમાનજીની આંખો ફોડી નાખી હતી. હું ધન્યવાદ આપું છું નવસારીની શાણી પ્રજાને કે એ કામ મુસ્લીમોનું છે એમ માની કોમી રમખાણો ન ફાટી નીકળ્યાં!

મેં ઘણા એવા વડીલો જોયા છે જેઓ સન્તાનોને ધાર્મીક પુસ્તકો નીયમીત વાંચવાની કડકાઈપુર્વક ફરજ પાડે છે. પરન્તુ તેમનો સંસ્કારમય ઉછેર કરવા અંગે લગીરે ધ્યાન આપતા નથી. કોઈ દીકરો ગીતાના બે

અધ્યાય નીયમીત વાંચતો હોય; પણ રોજ ગુટકાની એકવીશ પડીકી આરોગી જતો હોય તો તેના ગીતાપાઠથી હરખાવા જેવું ખરું? નાનપણથી જ અનેક લુચ્ચાઈઓથી ઘેરાયેલો કોઈ માણસ વેપારમાં પડે એટલે સમજો કે ‘કડવી તુમડી લીમડે ચઢી’! બચુભાઈનો ભત્રીજો એ જ પ્રકારનો સર્વદુર્ગુણ સમ્પન્ન માણસ છે. એણે વેપારમાં ઝુકાવ્યું ત્યારે બચુભાઈ એક કહેવત બોલેલા– ‘મુળે કલ્લુભાઈ કાળા અને વેપલો શરુ કર્યો કોલસાનો!’ ગલ્લા પર બેસીને ગ્રાહકોને બેફામ લુંટતા કોઈ ‘શ્રદ્ધાળુ શેઠીયા’ કરતાં ભગવાનના માથા પરનો સુવર્ણ મુકુટ ચોરનાર કોઈ ‘ગરીબ ચોર’ મને ઓછો ગુનેગાર લાગે છે.

એક દુકાનદારનો મને પરીચય છે. એ પોતાની દુકાનમાં નોકરો પાસે આખો દીવસ સખત હાથે કામ લીધા પછી તેને સાંજે મજુરીના પૈસા ચુકવવામાં ઈરાદાપુર્વકનો વીલમ્બ કરીને તેની પાસે એકાદ કલાક વધુ કામ કરાવી લે છે. એ વેપારી દર મહીને સવા એકાવન રુપીયાનો મનીઓર્ડર ગોંડલ – ભુવનેશ્વરીમાતાને મોકલે છે. માણસે આવા અન્ધશ્રદ્ધાભર્યા દમ્ભથી બચવાનું છે. તેમાં શ્રી. રાવ જેવા કોઈ મ્યુનીસીપલ કમીશ્નર આપણી કોઈ મદદ કરી શકે તેમ નથી.

દર સોમવારે અને વીશેષતઃ શ્રાવણ માસમાં ગુજરાતભરમાં શંકર ભગવાનના શીવલીંગ પર દુધનો અભીષેક કરવામાં આવે છે. આ અભીષેક એટલા મોટા પ્રમાણમાં થાય છે કે એ સઘળું દુધ ભેગું કરી ગરીબોનાં બાળકોને આપવામાં આવે તો લાખો ભુખ્યાં બાળકોનાં પેટનો જઠરાગ્ની તૃપ્ત થઈ શકે અને શંકર ભગવાનનેય સાચો આનન્દ થાય! પરન્તુ એવું થતું નથી.

થશે પણ નહીં. ક્યારેક તો પુરા કદની આખી જીન્દગી વીતી જાય છે; તોય માણસને સાવ સીધી વાત નથી સમજાતી કે ‘શીવ’ને નહીં ‘જીવ’ને દુધની સાચી જરુર હોય છે.

સમગ્ર દેશમાં મન્ત્રતન્ત્રમાં વપરાતા દોરા–ધાગાઓ, ધાર્મીક કર્મકાંડોમાં વપરાતી કંઠીઓ કે નાડાછડીઓ, તથા વટસાવીત્રી જેવા વ્રતોમાં વેડફાતું બધું સુતર ભેગું કરવામાં આવે તો સેંકડો ગરીબોનાં નગ્ન બાળકો પહેરી શકે એટલી ચડ્ડીઓ બની શકે. દર શનીવારે હનુમાનજીના મન્દીરે તેલ ચઢાવવામાં આવે છે તે સઘળું તેલ એકત્ર કરવામાં આવે તો કરોડો ભુખપીડીત ગરીબોને એક ટાઈમ ફાફડા ખવડાવી શકાય! પરન્તુ આપણે અબીલ, ગુલાલ અને કંકુમાંથી ઉંચા નથી આવતા. ક્યારેક વીચાર આવે છે : આ અબીલ, ગુલાલ, કંકુ, સીંદુર વગેરેનો ધાર્મીક વીધીઓ સીવાય અન્ય શો ઉપયોગ થતો હશે? ઓસ્ટ્રેલીયા, જાપાન કે અમેરીકામાં કંકુનાં કારખાનાં હશે ખરાં? ત્યાં તો વૈજ્ઞાનીક શોધોય વધુ વાસી થાય તો ફગાવી દેવામાં આવે છે!

બચુભાઈ કહે છે : ‘મારું ચાલે તો દેશભરમાં બારસાખે લટકતાં લીંબુઓ ભેગાં કરી સીવીલ હૉસ્પીટલના ગરીબ દરદીઓને લીંબુનું સરબત પાઉં! બલકે હું ખુદ લીંબુ હોઉં તો મને બારસાખે નીરર્થક લટકી રહેવા કરતાં ગરીબોની તૃષાતૃપ્તી ખાતર નીચોવાઈ જવાનું જ વધુ ગમે!’ શ્રી. ગુણવંત શાહે સુરતમાં કહ્યું હતું: ‘મદ્રાસમાં કોઈ ઠેકાણે ચોખામાં ભેળવવાની કાંકરીનું આખું કારખાનું ચાલે છે!’ મને ખાતરી છે આપણે ત્યાં પણ કો’ક ઠેકાણે માંદળીયાં કે તાવીજ બનાવવાની બહુ મોટી ફેક્ટરીઓ ચાલતી હશે. લોબાન

શબ્દ હું માંદળીયાં સાથે જ સાંભળતો આવ્યો છું. એની સુગંધ મને ગમે છે. પરન્તુ એ જન્તરમન્તર, ભગત–ભુવા કે મેલીવીદ્યાની સાધનામાં જ ખાસ વપરાય છે એવું જાણ્યું ત્યારે અત્તરની બોટલ જાજરુના ટબમાં ઠાલવવામાં આવતી હોય એવું લાગ્યું.

લોબાન અને માંદળીયાંનાં ગોત્રનો જ એક અન્ય પદાર્થ છે – પીંછી! ગામડાંમાં આજેય બાળકને કોઈ રોગ થયો હોય તો તેને બહારનો વળગાડ છે માની પીંછી નંખાવવા ભગત પાસે લઈ જવામાં આવે છે. એ પીંછીમાં મોરનાં રંગબેરંગી પીંછાંનો ઉપયોગ કરવામાં આવે છે. એ પીંછીઓ ભગતભુવાઓ સીવાય અન્ય કોઈને કામ આવતી નથી. એક વાર એક મેળામાં પીંછીઓ વેચતા એક માણસને પુછતા તેણે જવાબ આપ્યો હતો : ‘હું ચાલીસ વર્ષોથી પીંછીઓ વેચવાનો ધંધો કરું છું. મારા દીકરાઓ મોર મારે છે અને તેનાં પીંછાંઓમાંથી હું પીંછીઓ બનાવી વેચું છું!’ કલ્પી શકાય એવી બાબત છે. આજપર્યંત કેટલા મોર મર્યા હશે ત્યારે એક અન્ધશ્રદ્ધા જીવીત રહી શકી હશે? જોયું? આપણા રાષ્ટ્રીય પક્ષી મોર કરતાં આપણી અન્ધશ્રદ્ધાની કૉસ્ટ ઑફ પ્રોડક્શન કેટલી ઉંચી છે?

♦

**10-09-05-2014**

# બુદ્ધીનો બાયોસ્કોપ

અનુક્રમણીકા

ઈશ્વર વીશે જેમને સાચી સમજ ન હોય એવા આસ્તીકોની યાદી બનાવવામાં આવે તો આંખ પહોળી થઈ જાય એવો આંકડો નીકળે. ઘણા ધર્મગુરુઓ પણ એ લીસ્ટમાં ‘ટૉપ ટેન’માં ચમકે. રૅશનાલીઝમની સ્થીતી તો એથીય વધુ કફોડી છે. રૅશનાલીઝમના વીકાસમાં અવરોધ ઉભો કરનારાઓને એવોર્ડ આપવામાં આવે તો બધાં જ એવોર્ડ્સ કહેવાતા નાસ્તીકો જીતી જાય. માણસ આસ્તીક હોય કે નાસ્તીક પણ તેના જ્ઞાન–વીજ્ઞાન અને સંશોધનોને મર્યાદા રહી છે. માણસ સીમેન્ટ બનાવી શકે છે; રેતી બનાવી શકતો નથી. પુલો બાંધે છે; દરીયા બનાવી શકતો નથી. એણે પાણીનું બંધારણ ($H_2O$) શોધી કાઢ્યું; પણ એ સંશોધન આકાશમાં ઝબુકતી વીજળી જેવું બની રહ્યું.

ઘણા વલખાં માર્યા પછી પણ માણસને ડાયાબીટીસનો નક્કર ઉપાય ન જડ્યો ત્યારે એણે સુગરફ્રી ટૅબ્લેટ બનાવીને સંતોષ માન્યો. માણસ અનાજ પકવી શકે છે; પણ ભુખને જડમુળથી નાબુદ કરી શકતો નથી. ધરતીના પેટાળમાંથી પાણી કાઢીને એણે મીનરલ વોટર બનાવ્યું; પણ તરસને નાબુદ કરી શક્યો નહીં. લેબોરેટરીમાં લોહી બનાવ્યાની વાતો પણ આવી; પરન્તુ હજી સુધી તે $H_2O$ જેવી જ ઘટના રહેવા પામી છે. રોજ હૉસ્પીટલોમાં દરદીઓને લાખો બોટલ લોહીની જરુર પડે છે. વીજ્ઞાન એટલા લોહીનું ઉત્પાદન કરી શકે તો જ એ સીદ્ધી લેખે લાગે. વીજ્ઞાન જેટલી સરળતાથી પાવડરનું દુધ બનાવી શકે છે તેટલી સરળતાથી લોહીના પાઉચ તૈયાર કરી

શકતું નથી. માટે જ માણસ માણસ વચ્ચે ‘લોહીનો વાટકી–વ્યવહાર’ હમ્મેશાં ટકી રહેવાનો છે. સદ્ભાગ્યે સમાજમાં લોહી પીનારા કરતાં લોહી આપનારાઓની સંખ્યા વધારે રહેવા પામી છે. કોઈએ લોહીના અભાવે મરવું પડતું નથી. માણસમાં માનવતા હજી ટકી રહી છે. કો–ઑપરેટીવ બૅંક ફડચામાં જાય છે; પણ હજી સુધી કોઈ બ્લડ બૅંક ફડચામાં ગઈ નથી.

વીજ્ઞાન અને ટૅક્નૉલૉજીથી અદ્ભુત વીકાસ થઈ રહ્યો છે. મેડીકલ ક્ષેત્રે નવાં સંશોધનો થતાં રહે છે. હૃદયના વર્કીંગ અવર્સ વધતા જાય છે. મરવાનું ડૉક્ટરોએ અઘરું બનાવી દીધું છે. સાયન્સ વડે શરીર જીવી જાય છે; પણ મોંઘવારીને કારણે મન મરતાં જાય છે. દીનપ્રતીદીન આપઘાતોની સંખ્યા વધતી જાય છે. આ વર્ષે માનસીક રોગીઓની સંખ્યા ગત વર્ષ કરતાં ઘણી વધી ગઈ. મોંઘવારી, બેકારી, ગરીબી, ભુખમરો એ બધાં વચ્ચે જીવતાં માણસોના મનમુટાવ, મનમુંઝારા અને મનભેદોનો પાર નથી. સુખો છે; પણ તેમાં દુઃખોની બહોળી મીલાવટ છે. ઘરે ભેંસ બાંધો તો ચોખ્ખું દુધ મળી શકે; પણ ઘરે ભગવાન બેસાડો તોય ચોખ્ખું સુખ ન મળી શકે. ઘઉંની ગુણમાં થોડાક જ કાંકરા હોત તો ચીંતા નહોતી; પણ વીણાટ ઘઉંની આખી ગુણ કાંકરાઓથી ભરેલી નીકળે છે. સાયન્સ એ કાંકરાઓને દુર કરવાની ‘કારસેવા’ કરી રહ્યું છે.

માણસના હોઠ લાલ રહે તેટલું પુરતું નથી; હોઠ પર સ્મીત ટકી રહેવું જોઈએ. ગાલ ભરાયેલા હોય છે; પણ મન ખાલી હોય છે. પરીવાર હોય છે; પણ ભલીવાર નથી હોતો. પૈસા અને જલસા હોય છે; પણ જીવન કૃત્રીમ બનતું જાય છે. અપાર ભૌતીક સુખો વચ્ચેય મનની શાંતી વીના માણસ પીડાય છે. ઉંઘની ગોળી લીધા પછી પણ એને મુશ્કેલીથી ઉંઘ આવે છે.

માણસને હવે સમજાય છે કે માત્ર શરીર નહીં મન પણ સુખી રહેવું જોઈએ. ઘણીવાર પ્રભુની પુજા કરતાં 'પાચનવટી'થી વધુ શાન્તી પ્રાપ્ત થાય છે. ખરેખર તો એવા સમાજનું નીર્માણ થવું જોઈએ કે સુખ–શાન્તી માણસને કોઠે પડી જાય. પણ દુર્ભાગ્યે એવી સ્થીતી પેદા થઈ છે કે ચીંતા, તણાવ, ભય અને અસલામતી માણસને કોઠે પડી ગયાં છે.

વીજ્ઞાનવાદ અને બુદ્ધીવાદ ભેગાં મળે તો સ્વર્ગનો નકશો તૈયાર થઈ શકે; પરન્તુ એમાં માનવીના શુભ ઈરાદાઓ ભળે તો જ ધરતી પર સ્વર્ગનું નીર્માણ થઈ શકે છે. એક નાનકડા સ્વર્ગની વાત કરું. પોલીયોની રસીનો ધુમ પ્રચાર થઈ રહ્યો છે. પ્રજા અને પ્રશાશનના સંયુક્ત પ્રયાસોથી એક દીવસ એવો આવશે કે સરકાર આનન્દપુર્વક જાહેર કરશેઃ 'પોલીયો સમ્પુર્ણ નાબુદ થઈ ચુક્યો છે.' (શીતળાની રસી શોધાવાથી હવે એ રોગ સમ્પુર્ણ નાબુદ થઈ શક્યો છે. પહેલાં શીતળાનો કેસ શોધી લાવનારને હજાર રુપીયા આપવાની જાહેરાત કરવામાં આવતી હતી. પોલીયોના કેસ માટે પણ સરકાર હવે એવી જાહેરાત કરવાની સ્થીતીમાં છે.) સરકાર અને સમાજના સંયુક્ત ઉપક્રમે નજીકના ભવીષ્યમાં પોલીયો વીનાના સમાજનું સ્વર્ગ સ્થપાશે. એ સ્વર્ગ ઉપર સુવર્ણ અક્ષરે લખ્યું હશેઃ 'મેડ બાય હ્યુમનબીઈંગ'

હવે માણસને મૃત્યુ પછીના સ્વર્ગનો મોહ છુટતો જાય છે. એમાં વીજ્ઞાન અને રેશનાલીઝમે ખાસ્સો ભાગ ભજવ્યો છે. મેડીકલ સંશોધનોની ઉપલબ્ધીઓ જુઓ, કેટલી બધી છેઃ કૃત્રીમ માંસપેશીઓ, કૃત્રીમ ફેફસાં, પેસમેકર, ઈયરફોન, બનાવટી હાથ–પગો, ટેસ્ટટ્યુબ બેબી, ચક્ષુદાન, અંગદાન, રક્તદાન, કીડની–લીવર જેવા અંગોનું પ્રત્યારોપણ.. એવા સેંકડો સંશોધનો દ્વારા માણસનાં અડધોઅડધ દુઃખો ગાયબ થઈ ગયાં છે. એ બધાં દુઃખો પહેલાં ભાગ્યના લેખ ગણાતા. એ લેખ પર સાયન્સરુપી વીધાતાએ

સીદ્ધીના મેખ માર્યા છે. હવે સુખી થવાનું સહેલું બનતું જાય છે. સવારે શોધાયેલું સુખ બપોરે વાસી થઈ જાય છે. સાંજે નવા સુખનો સુર્યોદય થાય છે. ક્યારેક વીચાર આવે છે ચાલો, કોઈ દીવસ પુજાપાઠ કે રામનામના જપ જપવાનું બંધ રાખી આપણે સૌ જાહેરમાં એક સમુહપ્રાર્થના કરીએ કે એઈડ્સ, ડાયાબીટીસ, થાઈરોઈડ અને કેન્સર જેવાં હજી અસાધ્ય રહેલા રોગોથી પણ માણસ મુક્ત બને! એક સહસ્રકોટી યજ્ઞ કે નવચંડી યજ્ઞ કરતાં એવી એક નાનકડી પ્રાર્થનાનું મુલ્ય અનેકગણુ વધારે છે.

અમેરીકાની એક તાજી ઘટના સાંભળો. જ્હોન વીલ્સને તેની પત્ની મેરીને તેના જાડા હોઠ અને અલ્પવીકસીત છાતીને કારણે ડીવોર્સ આપ્યા. મેરી ડૉક્ટરોને મળી. ડૉક્ટરોએ મેરીની પ્લાસ્ટીક સર્જરી કરી. મેરીના હોઠ ખુબ સુંદર બની ગયા. છાતી સુડોળ બની. ત્યાર બાદ મેરી એક ધનાઢ્ય અને સુંદર પુરુષને પરણી. નવા પતી સાથે એ ખુબ સુખી હતી. એક દીવસ ક્લબમાં અચાનક એને એનો જુનો પતી મળી ગયો. તેણે મેરીને અજાણી મહીલા જાણી વખાણ કરતાં કહ્યું: 'તમારા હોઠ ખુબ સુંદર છે'. મેરીએ જવાબ આપ્યો: 'હોઠ અસલી નથી, બનાવટી છે; પણ મને પતી અસલી મળ્યો છે. તેં મને મારા જાડા હોઠને કારણે ડીવોર્સ ના આપ્યા હોત તો મને આટલો સુંદર પતી ના મળી શક્યો હોત!' જ્હોન વીલ્સન ચકીત થઈ વીચારી રહ્યો: 'ઓહ ગૉડ...! શું આ તે જ સ્ત્રી છે, જેને મેં અગ્લી (કદરુપી) કહી છોડી દીધી હતી? મારી પાસેય પૈસા હતા; પણ મને એવો વીચાર કેમ ન સુઝયો?'

એટલું યાદ રાખવું પડશે કે સુખ કેવળ સાધનોથી પ્રાપ્ત થતું નથી. તેના ઉપભોગમાં બુદ્ધી પણ વાપરવી પડે. સુખની એક્સપાયરી ડેટ વીતી જાય તે પુર્વે તેને ઉપભોગી લેવું પડે. કેરી પાકી જાય પછીય ન ખાઈએ તો કેરીનો ખરો આનન્દ માણી શકાતો નથી. કેવળ પૈસાથી સુખી થવાતું હોત તો વીલ્સન

પાસેય ખુબ પૈસો હતો; છતાં તેને પત્નીની પ્લાસ્ટી સર્જરી કરાવવાનું ન સુઝયું. ખરી વાત તો એટલી જ કે તમે ગાઢ અંધારામાં અકળાઈ રહ્યા હો; પણ બુદ્ધીની દરમીયાનગીરી વીના તમને એ વાતનો ખ્યાલ આવતો નથી કે તમારા ખીસ્સામાં ટોર્ચ પડી છે! તમે બુદ્ધીના બાયોસ્કોપ વગર સુખને જોઈ શકતા નથી.

♦

**11-04-07-2014**

# ધર્મને અધર્મથી અલગ તારવીએ...!

અનુક્રમણીકા

સંતો કહે છેઃ ‘ધર્મ એટલે શું તે જાણવા માટે પહેલા જીવનનો અર્થ સમજવો પડે. માણસના પહેલા શ્વાસથી અંતીમ શ્વાસ વચ્ચેના સમયગાળાને જીવન કહેવામાં આવે છે. અને એ જીવન ઠીક રીતે જીવી જવા માટે જે નીયમાવલી (Rules and regulations) બનાવવામાં આવે છે એને ધર્મ કહેવાય છે.’ પ્રશ્ન થાય છે– કોણે બનાવી એ નીયમાવલી? ઈશ્વરે કે માણસે? આ લખનારની નમ્ર સમજ એવી છે કે જીવનના નીયમો જીવનારાઓએ જ ઘડ્યા છે – ભગવાનો કે દેવોએ નહીં. ધર્મમાં લોકો પરાપુર્વથી અધર્મની ભેળસેળ કરતા રહ્યા. એ કારણે કેટલાંક અનીષ્ટોની ગણના પણ ધર્મમાં થવા લાગી. સદીઓ પુર્વે પતી મૃત્યુ પામે તો પત્નીએ તેની ચીતામાં બળી મરવું એ ‘પત્નીધર્મ’ કહેવાતો. (હું ભુલતો ના હોઉં તો પુરીના શંકરાચાર્યે જાહેરમાં સતીપ્રથાને ‘સતીધર્મ’ કહી ટેકો આપ્યો હતો) બુદ્ધીવાદ પ્રબોધે છે – ખુદ ઈશ્વરે એવી આજ્ઞા કરી હોય તો પણ તેનો વીરોધ કરવો જોઈએ. આપણે ત્યાં મરણ પાછળ કરવામાં આવતા કર્મકાંડો એક ખર્ચાળ અધર્મ બની જાય છે. આ બધું પરાપુર્વથી ચાલતું આવ્યું છે. એમાં નવા જમાના મુજબ થોડો ઉમેરો થયો છે. હવે મરણ બાદ શ્રાદ્ધક્રીયામાં ધાર્મીક પુસ્તકો, સ્ટીલના કુકરો કે થાળી–પ્યાલાં જેવાં વાસણો વહેંચવામાં આવે છે. પ્રશ્ન થાય છે એથી (કંસારા સીવાય) કોને ફાયદો થાય? મીષ્ઠાન્ન જમાડો તો સગાઓ રાજી થાય.

ભજનની ચોપડીઓ વહેંચો તો પ્રકાશકો રાજી થાય. પણ ગરીબોને માથે ટાલ પડી જાય! આવી બાબતોમાં સમાજના ઘણા વર્ગોનાં હીત સંકળાયેલાં હોવાથી સૌ ભેગા મળીને એવા અધર્મને જીવતો રાખે છે. રેશનાલીઝમ એવા અધર્મ સામે લાલ બત્તી ધરતું આવ્યું છે. એ કારણે સમાજની નફરતનો ભોગ બનતું આવ્યું છે.

ધર્મની વ્યાખ્યા કરવા માટે આ લખનારની કોઈ પાત્રતા નથી. છતાં કંઈક એવું સમજાય છે 'માનવીનું કલ્યાણ કરે તે ધર્મ અને લોહીલુહાણ કરે તે અધર્મ!' માનવીનો વીકાસ કરે તે ધર્મ ને કંકાસ કરે તે અધર્મ! પ્રગતી કરે તે ધર્મ અને અધોગતી તરફ લઈ જાય તે અધર્મ! દુ:ખીઓનાં આંસુનું મારણ બને તે ધર્મ અને આંસુનું કારણ બને તે અધર્મ! સાચા ધર્મમાં શ્રદ્ધાની સીતાર વાગે છે; પોલીસની સાયરન નહીં. આપણે કોને ધર્મ ગણીએ છીએ? ધર્મને અબીલ, ગુલાલ, કંકુ, પુજાપાઠ, ફળ–ફુલ, નારીયેળ, ધુપ, દીપ, મંત્રો, શ્લોકો, યજ્ઞો, આરતી, કથા, જપતપ જેવા કર્મકાંડોના સ્થુળ ઢાંચામાંથી મુક્ત કરીને, તેને કલ્યાણકારી સ્વરુપમાં ઢાળવાની જરુર છે. શું એવું થઈ શકે? માણસ આરતી કરવાનું છોડીને એમ્બ્યુલન્સ માટે દોડી જાય તે ધર્મ ગણાય. મનની શાન્તી માટે માણસ ભલે મન્દીરમાં જતો. પણ સાચી શાન્તી તો તેને ભણીગણીને જીવનમાં કંઈક બની શકવાથી પ્રાપ્ત થાય છે. (પ્રભુપુજા જ જીવનની સર્વોચ્ચ સીદ્ધી ગણાતી હોત તો મન્દીરનો પુજારી પોતાના દીકરાને ડૉક્ટરને બદલે પુજારી બનાવવાનાં જ સ્વપ્નો જોતો હોત !) એથી પુજાપાઠ ભલે કરો; પણ સ્કુલ–કૉલેજના પાઠોના ભોગે કદી નહીં. લેબોરેટરીના પ્રેક્ટીકલ છોડીને કદી રામકથામાં ન જવાય. (અને થીયેટરમાં પણ ના જવાય)

કોલેજના પીરીયડો છોડીને કદી ગણેશવીસર્જયાત્રામાં ન જવાય. (અને મેચ જોવા પણ ના જવાય) વીદ્યાર્થીઓ ભણવાનું છોડીને ‘ટાઈ–ડે’ કે ‘સુટ–ડે’ ઉજવે એ આજનો સૌથી મોટો શૈક્ષણીક અધર્મ છે. સાચો વીદ્યાર્થી ધર્મ એ છે કે પરીક્ષાઓ પતી ગયા બાદ ભલે તે રોજ બે ફીલ્મો જોતો; પણ પરીક્ષા પહેલા અભ્યાસના ભોગે એક પણ ફીલ્મ ના જુએ. (બચુભાઈ કહે છે: ‘યુવાનોએ ‘પરીક્ષા’ શબ્દનો સુચીતાર્થ શાનમાં સમજી લેવો જોઈએ. પરીક્ષાનો ‘પ’ પરીશ્રમ તરફ ઈશારો કરે છે. જો પરીક્ષામાંથી પરીશ્રમનો– ‘પ’ ઉડાવી દેશો તો પછી કદાચ જીવનભર રીક્ષા ચલાવવી પડશે!) કપાળે કંકુ, સીન્દુર, ભસ્મ જે લગાવવું હોય તે લગાવો; પણ કપાળે કંકુ હશે અને બન્ને હાથો લોહીથી ખરડાયેલા હશે તો એવા ‘કંકુવરણાં કાવતરાંઓ’થી કોઈ ધર્મનો ભગવાન રાજી નહીં થાય.’

અગરબત્તી, લોબાન, ધુપદીપ ઘરનાં મન્દીરમાં સળગાવશો તો ઘરનું વાતાવરણ સુગંધમય થશે; પણ ચીત્તમાં મલીન વીચારોની દુર્ગંધ અગરબત્તીથી દુર થઈ શકતી નથી. ઘરમાં અગરબત્તી સળગાવશો અને બહાર આગ લગાડશો તો તે અધર્મ ગણાશે. લોબાન, ધુપદીપ સળગાવવાની છુટ; પણ લોબાનના ધુમાડા કરશો અને બેંકમાં ગોટાળા કરશો, અથવા કોકના ઉછીના લીધેલા પૈસા પરત કરવામાં અખાડા કરશો તો તે અધર્મ ગણાશે. ગ્રાહકોને બાનમાં રાખીને દુકાનમાં લોબાન સળગાવવામાં સમજદારી નથી. યાદ રહે, માળા નહીં ફેરવવામાં એટલો અપરાધ નથી; જેટલો ગ્રાહકોનાં ગળાં કાપવામાં છે! રસ્તે અકસ્માતમાં ઘવાયેલા માણસને હૉસ્પીટલમાં પહોંચાડવો કે તેને માટે લોહી આપવું એ પરમ ધર્મ ગણાય. પણ પોતે બીમાર પડ્યા ન

હોય અને હૉસ્પીટલમાં ડૉક્ટરો પાસે જુઠાં બીલો લઈ ઈન્સ્યોરન્સ કંપની પાસે ખોટા મેડી–ક્લેમ પાસ કરાવવો એ અધર્મ ગણાય. માણસ માત્રને ભુખ લાગે, તરસ લાગે અને ટાઢ વાગે છે. એથી ભુખ્યાને રોટી, તરસ્યાને પાણી અને ગરીબોને વસ્ત્રો આપવાં એ ધર્મ ગણાય. પણ કોઈ ધાર્મીક સંસ્થાએ ગરીબોને વહેંચવા માટે ધાબળા આપ્યા હોય, અમુક લાખ રુપીયા દવા માટે ફાળવ્યા હોય તેમાં ભ્રષ્ટાચાર આચરવો તે અધર્મ ગણાય. લોકો ચારધામની યાત્રા કરે છે; પણ કોઈનું ઘર, ખેતર કે મીલકત પચાવી પાડવા માટે તેને કોર્ટકચેરીની યાત્રા કરાવતાં અચકાતા નથી. આપણી આધ્યાત્મવાદી પ્રજા, ધર્મ અને અધર્મનું આવું કોકટેલ કરીને મસ્ત રહે છે.

કંઈક એવું સમજાય છે કે રોજ ગીતા, બાયબલ કે કુરાન વાંચો તે જ ધર્મ ન ગણાય; પણ માણસને સુખી રાખવા માટે કે તેનાં દુઃખો દુર કરવાની ભલી ભાવનાથી જે કાંઈ કરો તે બધું જ ધર્મ ગણાય. કોઈ બાપ કે ગુંડો સાત વર્ષની દીકરી/છોકરી પર બળાત્કાર કરતો હોય તે વખતે તેના માથા પર ફટકારવા માટે લાકડી ના મળે અને ગીતાના ધર્મપુસ્તક વડે તેને ઘાયલ કરો તો તે પણ ધર્મ ગણાય. બચુભાઈ કહે છેઃ ‘કોઈનું માથું દુઃખતું હોય અને તેને એસ્પ્રોની ટીકડી આપો તો તે પણ ધર્મ ગણાય. બેશક એનો અર્થ એ નથી કે બળી મરવા માગતા માણસને થોડું કેરોસીન આપો તે ધર્મ ગણાય. કોઈ ડફોળ વીદ્યાર્થીને પરીક્ષાહૉલમાં કાપલીઓ પહોંચાડો તે અધર્મ કહેવાય. ધર્મની સફાઈમાં સાધનશુદ્ધીનું પણ એટલું જ મહત્વ છે. ધર્મની વ્યાખ્યાઓ કીસ્સે કીસ્સે બદલાતી રહે છે. કોઈના દેહમાં તીક્ષ્ણ હથીયાર ભોંકી તેને લોહી લુહાણ કરવો એ હીંસા કહેવાય; પણ ડૉક્ટર એવું કરે ત્યારે

તે ધર્મ બની જાય છે. તરસ્યાને પાણી પાવું એ ધર્મ ગણાય; પણ ઓપરેશન બાદ કોઈ દીકરો પાણી માંગે અને ડૉક્ટરની મનાઈ છતાં મા તેને પાણી આપે તો તે અધર્મ બની રહે છે. કલ્યાણમય હેતુ માટે હત્યા કરવી પડે તો તે પાપ નહીં; પુણ્ય બની રહે છે. (ગીતામાં શ્રીકૃષ્ણે પણ કંઈક એવું જ કહ્યું છે) ભયંકર રોગથી પીડાતા વાછરડાને ગાંધીજીએ ઝેરનું ઈંજેક્શન અપાવીને તેની દર્દનાક સ્થીતીમાંથી મુક્તી અપાવી હતી. એ હત્યા પવીત્ર હતી.

એથી ધર્મ અને અધર્મની ભેદરેખા નક્કી કરવા માટે વીવેકબુદ્ધીની જરુર પડે છે. ઉપરની બધી બાબતો ધર્મપુસ્તકોમાં ના લખી હોય તો પણ તેને ધર્મ ગણી તેનું પાલન કરવું જોઈએ. માણસ સદીઓથી ધર્મમાં અનીષ્ટો ઉમેરતો આવ્યો છે. એથી ધર્મની જર્જરીત બની ગયેલી 'નીયમાવલી'માં થોડા કલ્યાણકારી નીયમો ઉમેરીને તેને 'અપડેટ' કરવો જરુરી છે. સવાલ એ છે કે આવા બૌદ્ધીક પ્રકારના માનવધર્મથી ઈશ્વર મળી શકે ખરો? મોક્ષ મળે? સુખી થવાય ખરું? સાચો જવાબ જ્ઞાની પંડીતો પર છોડી દઈએ. પણ કંઈક એવું સમજાય છે કે ઈશ્વરની કે મોક્ષની ગેરેન્ટી નથી; પણ એટલું કહી શકાય કે મન્દીરમાં બેઠાંબેઠાં જ તમને ઉત્તમ પ્રકારની મદીરા મળી જતી હોય તો મદીરાલય જવાની શી જરુર? ઈશ્વરને પ્રાપ્ત કર્યા વીના આદર્શ માનવ ધર્મ વડે તમે આ ધરતી પર જ સ્વર્ગીય સુખ મેળવી શકતા હોય તો ઈશ્વરની કે મોક્ષની જરુર ખરી? દોસ્તો, ઈશ્વર આખરે છે શી ચીજ...? ગ્રાંડ ટોટલ ઓફ ઈચ એન્ડ એવરી હેપીનસ...! (તમામ પ્રકારનાં સુખોનો સરવાળો...)

# ધુપછાંવ

ધીરુભાઈ અંબાણીના જીવનની એક નાનકડી ઘટના યાદ આવે છે. ધીરુભાઈ પાયખાનામાંથી બહાર આવ્યા ત્યારે એમની સ્લીપર વડે થોડી ટાઈલ્સ ભીની થઈ. ધીરુભાઈએ રુમાલ લઈ ટાઈલ્સ પરનું પાણી જાતે સાફ કરી નાખ્યું. દીલ્હીથી  પધારેલા એક સચીવ એ જોઈ બોલી ઉઠ્યાઃ ‘અરે... અરે... ! રહેવા દો... એ તો નોકરાણી સાફ કરી નાખશે !’ ધીરુભાઈએ કહ્યુંઃ ‘નોકરાણી અથવા ઘરનું  કોઈ લપસી પડે તે પહેલાં હું તે સાફ કરી નાખું તો મને એ વાતનો આનન્દ થાય કે એક દુર્ઘટના મારી સમયસુચકતાથી અટકી ગઈ!’

♦

**12-29-09-2014**

## રામચંદ્રથી રામ ગોપાલ વર્મા સુધી

અનુક્રમણીકા

ગુજરાતમાં ગણેશોત્સવ ચાલતો હતો ત્યારે ફીલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા નીર્માતા રામ ગોપાલ વર્માએ ગણેશજી વીશે ટ્વીટર પર ટીકા કરતાં લખ્યું હતું કે, જે ગણેશજી પોતાના મસ્તકને કપાઈ જતું ન બચાવી શકેલા તે બીજાને કેવી રીતે બચાવી શકે? તેમણે એમ પણ પુછ્યું હતું કે, જેઓ આટલાં વર્ષોથી ગણેશજીની પુજા કરી રહ્યા છે તે ગણેશભક્તો મને જવાબ આપે કે તેમનાં કેટલાં દુઃખો દુર થઈ શક્યાં? રામગોપાલના આવા નીવેદનથી લાખો ગણેશભક્તોની લાગણી દુભાઈ હતી. (શહઝાદ પુનાવાલા નામના એક શખ્સે તો વર્મા પર કેસ પણ કર્યો હતો.) આ કોઈ નવી વાત નથી. શ્રદ્ધાના શીખરને રેશનાલીઝમની ફુટપટ્ટીથી માપવામાં આકાશને આંખ વડે માપવા જેવી ભુલ થાય છે. શ્રદ્ધા અને સત્ય વચ્ચે રેસીપી અને રસોઈ જેટલો તફાવત છે. વર્માને ઉદ્‌ભવેલા પ્રશ્નો વીવેકબુદ્ધીવાદના છે અને શ્રદ્ધા બીલકુલ સામા છેડાની વાત છે. પુરાણોમાં એવી ઘણી વાતો લખી છે જેનું આપણે શ્રદ્ધાભાવે રટણ કરીએ છીએ. પણ આજે 21મી સદીમાં વીજ્ઞાન અને બુદ્ધીના બેરોમીટરથી માપતાં તે વાત સાચી જણાતી નથી. તે યુગમાં દેવતાઓ પોતાના તપના બળે એ બધું કરી શકતા. એથી પુરાણોના એ કાલ્પનીક ચમત્કારોને શંકાનો લાભ આપીને નજરઅંદાજ કરવા રહ્યા. હવે આજની વાત કરીએ. ઘણીવાર એવું બન્યું છે કે ઝુંપડપટ્ટીના કોઈ પીન્ડકે ઘરમાં એકલતાનો લાભ લઈ પોતાની દીકરીનો દેહ અભડાવ્યો હોય. મીડીયા ત્યારે ચીલ્લાઈ ઉઠે છેઃ ‘બાપે હેવાન બની સગી દીકરીનો દેહ ચુંથ્યો...!’ પણ હવે એથીય જલદ એવી એક પૌરાણીક ઘટના સાંભળો. સકળ વીશ્વના સર્જક એવા બ્રહ્માજીએ પોતાની સગી દીકરી (ભા

સરસ્વતી) પર કુદષ્ટી કરી હતી. પછી તો એમણે સરસ્વતી જોડે રીતસરના લગ્ન જ કરી લીધાં હતાં. એ ઘટના ઝુંપડપટ્ટીના પીન્ડક કરતાંય વધુ આઘાતજનક છે. એને આપણે કેવી રીતે મુલવીશું? ગઈ–ગુજરી માની એને ભુલી જવા સીવાય છુટકો ખરો? સમજદારીની વાત એટલી જ કે પુરાણોની કોઠી જેટલી વધુ ધોઈશું તેટલો કાદવ વધુ નીકળશે. એટલે સમાજે રામગોપાલ વર્માનો જે ન્યાય કરવો હોય તે કરે; પણ દેવયુગની થોડીક એવી ઘટનાઓ પર નજર કરીએ અને એ નક્કી કરીએ કે હજારો વર્ષો પુર્વેની એ બધી વાતો કે જેની આજે આપણી પાસે કોઈ સાબીતી નથી તેને નાહક ચોળીને ચીકણું કરવાની જરુર ખરી?

હમણાં ટીવીની ડીસ્કવરી ચૅનલ પર એક અદ્ભુત દૃશ્ય જોવા મળ્યું. ગર્ભમાં રહેલ બાળકને કોઈ તકલીફ ઉભી થતાં ડૉક્ટરોએ તેનું ગર્ભમાં જ ઑપરેશન કર્યું. આને એકવીસમી સદીની અદ્ભુત સીદ્ધી લેખાવાય. પરન્તુ કૃષ્ણએ પાતાળમાં જઈને કાળી નાગને નાથ્યો હતો તે ઘટના આપણને જેટલી રોમાંચક લાગે છે તેટલી આ રોમાંચક નથી લાગતી. કેમ કે કૃષ્ણ સાથે શ્રદ્ધા જોડાયેલી છે. વીજ્ઞાન કરતાં શ્રદ્ધાનું પલ્લુ હર યુગમાં ભારે રહ્યું છે. હનુમાનજીએ છાતી ફાડીને રામસીતાના દર્શન કરાવ્યાં હતાં! પણ આજે લાખો દરદીઓની છાતી ફાડીને ફેફસાં, લીવર, હૃદય, જઠર વગેરેના ઑપરેશનો થાય છે. દુનીયાભરની હૉસ્પીટલોમાં રોજ લાખો સીઝેરીયન ઑપરેશનો થાય છે. અરે, પેઢુ ચીર્યા વીના (સોનોગ્રાફી વડે) સ્ત્રીના પેટમાં બાળક જોઈ શકાય છે. પણ મેડીકલ સાયન્સની એ સીદ્ધીઓમાં વીજ્ઞાન છે, શ્રદ્ધાનો કોઈ કહેવાતો અલૌકીક ચમત્કાર નથી એથી એનું કોઈને આશ્ચર્ય થતું નથી.

વીજ્ઞાને અનેક ચમત્કારો સર્જ્યા છે. ગણપતી દુધ પીએ તે જોઈને આપણે ચકીત થઈ જઈએ છીએ. પણ માણસ બીજાનું લોહી પોતાના દેહમાં પ્રાપ્ત કરીને નવજીવન મેળવે છે તેનું લગીરે આશ્ચર્ય થતું નથી! કથાપુરાણોમાં એવું વાચવા મળે છે કે દેવોના વખતમાં આકાશવાણી થતી. આજે મોબાઈલ દ્વારા વીશ્વના કોઈ પણ ખુણામાં વાતો થઈ શકે એ આકાશવાણી જેવી ઘટના ના કહેવાય? અવકાશયાત્રીઓ ચાંદ પર ઉભા રહીને પૃથ્વીવાસી જોડે વાતો કરી શકે છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્રએ કૌરવ–પાંડવોના યુદ્ધનું વર્ણન સંજય દ્વારા ઘરબેઠાં સાંભળેલું. આજે ઓસ્ટ્રેલીયામાં રમાતી મેચ આપણે સૌ (આપણો ઘરનોકર પણ) ઘરબેઠાં ટીવી પર જોઈ શકીએ છીએ. ધૃતરાષ્ટ્રના સુખ કરતાં એ સુખ ઉતરતું છે? આપણે આટલી પ્રગતી કરી છે; છતાં રામચન્દ્રજી ચૌદ વર્ષનો વનવાસ પુરો કરીને ‘પુષ્પક’ વીમાનમાં બેસીને અયોધ્યા આવ્યા હતા, એ ઘટનાનો આપણે જે મહીમા ગાઈએ છીએ તેટલો ‘ઈન્સેટ બી–4’ કે ‘મંગળયાન’નો નથી ગાતા. લોકો જર્જરીત પુરાણકથાઓની કાલ્પનીક લોલીપોપ ચુસતા રહે છે. આપણે ભુતકાળના ખોખલા ચમત્કારોનાં ચશ્માં ઉતારીને વર્તમાનના વાસ્તવીક વીકાસનું મુલ્યાંકન કરવા માગતા નથી. ભુતકાળની ભુલોય આપણને ભવ્ય લાગે છે. દેવોના સ્ખલનોનેય આપણે શ્રદ્ધાભાવે મુલવીએ છીએ. શંબુકના વધને આપણે પવીત્ર માનીએ છીએ કેમ કે તે કૃત્ય રામચન્દ્રજી દ્વારા થયું હતું. (King can never do wrong.) પણ અમેરીકાએ ઓસામા–બીન–લાદેનનો સીફ્તપુર્વક સફાયો કર્યો હતો તે–સાચા ‘વીશ્વશાન્તી–યજ્ઞ’ જેવી પરમ ઉપકારક અને પવીત્ર ઘટના આપણે ભુલી ગયા છીએ.

‘રામાયણ’ સીરીયલમાં રામ–રાવણનું યુદ્ધ ટીવી પર રોચક રીતે દર્શાવવામાં આવ્યું હતું. રામનું તીર રાવણના તીર જોડે ટકરાય અને રાવણના

તીરની પીછેહઠ થાય, એવાં દૃશ્યો જોઈ શ્રદ્ધાળુઓ ધન્ય ધન્ય થઈ જતા. પણ એનાથી અનેકગણી ચઢીયાતી ઘટના આજે વીજ્ઞાન અને ટૅક્નૉલૉજી દ્વારા બને છે. ભુતકાળમાં રશીયાએ અવકાશી પ્રયોગશાળા 'સ્કાયલેબ' તરતી મુકી હતી. પરન્તુ એમાં કોઈ યાંત્રીક ખામી ઉદ્ભવતા તે તુટી પડવાની તૈયારીમાં હતી. સ્કાયલેબ માનવવસ્તીવાળા વીસ્તારમાં પડે તો હજારો માણસો મૃત્યુ પામે એમ હતું. પરન્તુ વૈજ્ઞાનીકોએ તાત્કાલીક બીજું રૉકેટ છોડી સ્કાયલેબને ધક્કો મારી દરીયામાં પાડી હતી. એ સમયસુચકતાથી હજારોની જાનહાની નીવારી શકાઈ હતી. અત્યન્ત અદ્ભુત કહી શકાય એવું એ 'સ્કાય ડીઝાસ્ટર' હતું; પરન્તુ એ ઘટના આજે વીસરાઈ ગઈ છે અને રામ–રાવણનું તીરયુદ્ધ યાદ રહી ગયું છે. તીરયુદ્ધ કરતાં 'સ્કાયલેબ'ને દરીયામાં પાડવાની ઘટનાનું વૈજ્ઞાનીક મુલ્ય હજારગણું વધારે હતું; પણ મુશ્કેલી એ છે કે જેમાં કહેવાતી દીવ્યશક્તીની બાદબાકી હોય તેવી ઘટનાથી આપણે પ્રભાવીત થતા નથી. આપણું ભારત 'મહાભારત'ની મન્ત્રસંસ્કૃતીના સંસ્કારમાંથી મુક્ત થઈ શકતું નથી. 'મહાભારત'માં કુન્તીને મંત્રોથી બાળકો થયેલાં તે વાત આપણે શ્રદ્ધાભાવે સ્મરીએ છીએ; પણ આજે એકવીસમી સદીમાં હજારો સ્ત્રીઓને ટેસ્ટટ્યુબ દ્વારા બાળકો જન્માવાય છે તે ઘટનાનું આપણને કોઈ આશ્ચર્ય નથી. પુરાણોની કાલ્પનીક વાતો આપણને પુરણપોળી જેવી ટેસ્ટી લાગે છે. પણ ચમત્કારો વીનાની સીદ્ધીઓ આપણને ભગવાન વીનાની ભાગવત કથા જેવી લાગે છે.

મુળ ચીંતા એટલી જ કે સીદ્ધીના આજના સુવર્ણયુગમાં પણ આપણા દીલમાં સાયન્સ કરતાં શ્રદ્ધાનું મુલ્ય અનેકગણું રહ્યું છે. શ્રદ્ધા ખોટી નથી; પરન્તુ સાયન્સની ઉપયોગીતાને આજની પેઢી ઠીક રીતે સમજીને તેનો જીવનમાં યથોચીત વીનીયોગ કરે તે જરુરી છે. ભલે આપણે સદીઓ સુધી

કૃષ્ણની પુજા કરતા રહીએ; પણ કૃષ્ણના કર્મમંત્રને જીવનમાં ઉતારીએ તે જરુરી છે. સુદર્શનચક્ર કે ધનુષબાણ આપણો વીતી ગયેલો ભુતકાળ છે. ઈલેક્ટ્રીક કટર કે મીસાઈલ્સ આપણો વર્તમાન છે. ભુતકાળનું ભલે શ્રદ્ધાભાવે ગૌરવ કરીએ; પણ આજના વૈજ્ઞાનીક વીકાસની મહત્તા પણ સમજીએ તે જરુરી છે.

♦

13-02-01-2015

# સીનેમાની ટીકીટના અડ્ધીયા જેવો ધર્મ

અનુક્રમણીકા

ડૉ. ડેવીડ ફ્રોલી ભારતીય ઈતીહાસના નીષ્ણાત છે. તેમણે કહ્યું છે : ‘અમેરીકા અને જાપાન એટલા માટે સુખી અને સમૃદ્ધ છે કે ત્યાં ધર્મ સમ્પ્રદાયના વાડા નથી. જેણે જે ધર્મ પાળવો હોય તે પાળી શકે.’ મલેશીયા અને પાકીસ્તાનમાં અઢળક કુદરતી સમ્પત્તી છે. પણ એ ગરીબ રહ્યા; કારણ કે એ દેશોમાં ધર્મની બોલબાલા રહી છે. મલેશીયામાં હીન્દુ કે ખ્રીસ્તી નાગરીક મુસ્લીમ બની શકે; પણ ઈસ્લામી નાગરીક ધર્મપરીવર્તન કરીને હીન્દુ કે ખ્રીસ્તી ન બની શકે. ઈસ્લામમાંથી ધર્મ પરીવર્તન કરનારને દેહાન્તદંડની સજા થાય છે. એ સમ્બન્ધે એક ચોંકાવનારો કીસ્સો ઘૃણા ઉપજાવે એવો છે. 1988માં મલેશીયામાં જન્મેલી મુળ મલય જાતીની મુસ્લીમ છોકરી (નામ એનું લીના જૉય) ધર્મપરીવર્તન કરીને ખ્રીસ્તી બની. તે છોકરી રોમન કેથલીક યુવકને પરણવા માંગતી હતી. એથી તેના આઈડેન્ટીટી કાર્ડમાંથી ઈસ્લામ ધર્મ કાઢી નાખવા માંગતી હતી. બસ, આટલી બાબતે ગુનો ગણીને ઈસ્લામીક શેરીયા કોર્ટે તેને બેવફા જાહેર કરીને દેહાન્તદંડની સજા ફરમાવી છે. (આજે પણ એ યુવતીએ જીવ બચાવવા સંતાતા ફરવું પડે છે)

એક વાત સમજાતી નથી. ધર્મ સુખને બદલે દુઃખનું કારણ શા માટે બનવો જોઈએ? માણસે પીડાસહન કરવા કે દુઃખી થવા માટે ધર્મ પાળવો જોઈએ એવું કોઈ ધર્મગ્રંથમાં લખ્યું નથી. ધર્મ આખરે શું છે? ભુખ લાગે તો રોટી ખાવી એ જીવન છે અને કોઈ ભુખ્યો આવે તો તેને અડધામાંથી અડધી

રોટી આપવી એ ધર્મ છે. પાણી માટે કુવો ખોદવો એ જીવન છે અને તરસ્યાને માટે પરબ માંડવી એ ધર્મ છે.

મીત્રો વચ્ચે ચર્ચા ચાલતી હતી તેમાં એક પ્રૉફેસર મીત્રે જે કહ્યું તે સાંભળવા જેવું છે. એમણે કહ્યું : ‘હું કોઈ પ્રસ્થાપીત ધર્મ પાળતો નથી; પણ માનવધર્મમાં મને પુરી આસ્થા છે. હું મન્દીર, મસ્જીદ કે ગીરજાઘરોમાં જતો નથી; પણ કોઈને હૉસ્પીટલમાં લઈ જવાની ઈમરજન્સી ઉભી થઈ હોય તો મારું કામ પડતું મુકીને દોડી જાઉં છું, ભુખ લાગે ત્યારે ખોરાક ખાઉં છું; કોઈનું ભેજુ ખાતો નથી. તરસ લાગે ત્યારે પાણી પીઉં છું; કોઈનું લોહી પીતો નથી. મન્દીરમાં જવાને બદલે કોઈ સાહીત્યકારની શીબીરમાં જવાનું મને વધુ ગમે છે. મન્દીરમાં ગવાતાં ભજનો સામે મને વાંધો નથી; પણ ભજન ગાવા કરતાં સાહીત્યગોષ્ઠીમાં ચીન્તન–મનન કરવાનું મને વધુ ગમે છે. શીરડી પગપાળા યાત્રા કરીને સાંઈબાબાને રીઝવવા કરતાં ઘરડા મા–બાપની સેવા કરવાનું મને ગમે છે. ઘરમાં સાગનું નાનું મન્દીરીયુ છે. તેમાં ક્યા દેવ છે તેની મને ખબર નથી. પત્ની રોજ પુજા કરે છે. હું નથી કરતો. પત્નીએ મારી ધર્મવીમુખતા સ્વીકારી લીધી છે. હું પણ તેના ગમાઅણગમાનો ખ્યાલ રાખું છું (તે ઘરમાં પોતું મારે છે ત્યારે તે સુકાય નહીં ત્યાં સુધી હું ત્યાં પગલાં ન પડે તેનું ધ્યાન રાખું છું) એને કંટોલાંનું શાક બહુ ભાવે, મને બીલકુલ ભાવતું નથી. પણ હું બજારમાંથી ખાસ તેને માટે કંટોલાં (મોંઘાં મળે તો પણ) ખરીદી લાવું છું. મને કારેલાંનું શાક ખાસ પ્રીય છે તેને ભાવતું નથી. હું કદી તેને તે ખાવા માટે આગ્રહ કરતો નથી. અમારા સહજીવનમાં કંટોલાં–કારેલાં જેવી ઘણી અસમાનતાઓ છે; પણ અમે અનુકુલન સાધીને જીવીએ છીએ. એ ધર્મ પાળે છે, હું પાળતો નથી; છતાં સમજદારીથી સુખી દામ્પત્ય જીવન વીતાવીએ છીએ. દામ્પત્ય જીવનમાં અનુકુલનને હું પ્રેમ કરતાં પણ ઉંચી સગાઈ ગણું છું.

સુખી સંસાર માટે પ્રેમ કરતાં અનુકુલન વધુ જરુરી છે. હું બીલકુલ ધાર્મીક નથી; પણ લાખો ધાર્મીકો કરતાં વધુ સુખી છું.’

પ્રૉફેસર મીત્રે આગળ કહ્યું: ‘ઘણા લોકો ભગવાનનો ફોટો, મુર્તી વગેરે રોજ ઘસીઘસીને સાફ કરે છે; પણ જમ્યા પછી દાંત સાફ કરતા નથી. રોજ ધાર્મીક પુસ્તકોનું પોપટ–રટણ કરે છે; પણ અખબારો કે પુસ્તકો વાંચતા નથી. તેઓ શ્રદ્ધાપુર્વક ‘રામાયણ’ વાંચે છે; પણ ધંધામાં પાપનું પારાયણ કરવામાં પાછા પડતા નથી. ગલ્લા પર થતી ખુલ્લેઆમ નફાખોરી, કોમી રમખાણોમાં થતી છરાભોકથી ઓછી ખતરનાક નથી. ધર્મપુસ્તકનો રોજ એક અધ્યાય વાંચો એટલે દીવસભરનાં પાપો ધોવાઈ જાય એવું હું માનતો નથી. હું મન્દીરે નથી જતો; પણ લાઈબ્રેરીમાં રોજ જાઉં છું. ધર્મપુસ્તકોને બદલે મહાન માણસોનાં જીવનચરીત્રો વાંચું છું. આજપર્યંત ઘરમાં એક પણ વાર કથા–કીર્તન–ભજન, યજ્ઞ કે પુજાપાઠ કરાવ્યાં નથી; પણ મારા આખા કુટુમ્બે દેહદાન અને નેત્રદાનનું ફોર્મ ભર્યું છે. રક્તદાન કરવાનું અમે કદી ચુકતાં નથી. સાધુ–સંતોને દાન પુણ્ય કરવાને બદલે દર વર્ષે એકાદ–બે ગરીબ વીદ્યાર્થીને પુસ્તકો, ફી વગેરેમાં મદદ કરું છું. રથયાત્રામાં જોડાતો નથી; પણ રોજ સવારે પદયાત્રા (મોર્નીંગ વૉક) જરુર કરું છું . કુમ્ભમેળામાં કદી ગયો નથી; પણ વીજ્ઞાનમેળો કે પુસ્તકમેળો એકે છોડતો નથી. આ રીતે જીવનારનો ક્યો ધર્મ કહેવાય તેની મને ખબર નથી; પણ કદી એવી ચીન્તા થઈ નથી કે હું ઈશ્વરને નથી ભજતો, મન્દીરમાં નથી જતો, ઘરમાં કથા નથી કરાવતો, ધાર્મીક સ્થળોની યાત્રા નથી કરતો તેથી મર્યા બાદ સ્વર્ગમાં ન જવાશે તો મારું શું થશે ?’

પ્રૉફેસર મીત્રની વાતો સાંભળી એક વાતનું સ્મરણ થયું. હું લખતાં લખતાં બે ધ્યાનપણે કોઈ પુસ્તક ગોતવા કબાટ તરફ આગળ વધું કે તુરત શબ્દો સંભળાય – ‘કેટલી વાર કહ્યું કે પોતું માર્યું હોય ત્યારે સુકાય નહીં ત્યાં સુધી પગલાં પાડવાં નહીં.’ જોવા જઈએ તો આ એક વાક્યમાં સઘળા ધર્મોનો સાર સમાઈ જાય છે. આપણી વાજબી જરુરીયાત પણ આપણે એ રીતે ન સંતોષવી જોઈએ કે જેથી બીજાને અગવડ થાય. કોઈને ખપમાં ન આવીએ તો ભલે; પણ કોઈને માટે લપ ન બની જઈએ તેનું ધ્યાન રાખવું જોઈએ. સુખ માટે સ્વકેન્દ્રી અને સ્વાર્થી બની રહેવાને બદલે પારકાનાં સુખનો પણ ખ્યાલ રાખવો જોઈએ. આ જ વાત સઘળાં ધર્મપુસ્તકોમાં લખી છે. રાવણ બનવાથી બચી જાઓ, પછી ‘રામાયણ’ ન વાંચો તો ચાલે. જીવનમાં ડગલે ને પગલે દુર્યોધન કે શકુની બની રહેતા હો તો રોજ ‘મહાભારત’ વાંચો તોય શો ફાયદો? યાદ રહે જીવનના અનુભવોમાંથી જડેલાં સત્યો ગીતા, કુરાન કે બાયબલનું જ પવીત્ર ફળકથન હોય છે. શાયર દેવદાસ ‘અમીરે’ કહ્યું છે: ‘છોડ ગીતા, કુરાન અને બાયબલ... અસલી પથ તો એ છે જે જમાનો શીખવે છે!’

પૃથ્વીલોકમાં માણસનું અવતરણ જે કારણે થયું હોય તે; પણ એટલું નક્કી કે એની આંખમાંથી ક્યારેક આંસુ ટપકે છે. કો’ક દુઃખી માણસનાં આંસુને તમારી હથેળી વડે લુછો એ બાબત ધર્મ ન ગણાતી હોય તો પણ તેમ કરવામાં શું નુકસાન છે?

તરસની જેમ દુઃખ સર્વવ્યાપી સ્થીતી છે. આપણે મન્દીર ન બંધાવી શકીએ; પણ મન્દીર બહાર બેસતા ભીખારીઓમાંથી કો’ક એકના પેટની આગ ઠારીએ તેમાં ક્યું નુકસાન છે? રોડ પર અકસ્માતમાં માણસ ઘવાય ત્યારે આજપર્યંત એક પણ વાર એવું બન્યું નથી કે તેને મદદ કરવા દોડી

જનાર લોકોએ પહેલાં તેને એમ પુછ્યું હોય કે– ‘તમે હીન્દુ છો કે મુસ્લીમ....?’ એક પ્રશ્ન પર ખાસ વીચારવા જેવું છે હીન્દુ–મુસ્લીમ યુવક–યુવતીનાં મન મળી જાય અને બન્નેના અંતરનાં આંગણાંમાં હૈયાનો હસ્તમેળાપ થાય, ત્યારે એને ‘હીન્દુપ્રેમ’ અને ‘મુસ્લીમપ્રેમ’માં વહેંચી શકાય ખરો? સમગ્ર સૃષ્ટીના માણસો કન્સીલ્ડ વાયરીંગની જેમ પરસ્પર જોડે પ્રાકૃતીક રીતે સંકળાયેલા છે.

સૌનાં આંસુ સરખાં છે. સૌના આનંદ સરખા છે. સૌની દેહરચના તથા જન્મ અને મુત્યુ સરખાં છે. તે ત્યાં સુધી કે તેમના લોહીનો રંગ પણ (‘ઈસ્લામી–રંગ’ કે ‘હીન્દુ–રંગ’માં) વીભાજીત થયેલો નથી. તો માણસ માણસ વચ્ચે ન્યાત–જાત અને ધર્મ–કોમના આટલા ભેદભાવ કેમ?

## ધુપછાંવ

દરેક માણસને એક ધર્મ હોય છે. એ ધર્મ ગેટપાસ જેવો ગણાય. જીવનભર માણસ ધર્મનો બીલ્લો છાતીએ ચીપકાવીને ફરે છે પણ કબરમાં કે સ્મશાનમાં એ બીલ્લાની કોઈ મહત્તા રહેતી નથી. મન્દીર બહાર બુટ ઉતારી દેવા પડે છે, તે રીતે ચીતા પર કે કબરમાં જતાં પહેલાં એ બીલ્લો આપોઆપ ઉતરી જાય છે. ધર્મ તો સીનેમાની ટીકીટના અડધીયા જેવો છે. થીયેટર છોડ્યા પછી માણસ એ અડધીયું ફેંકી દે છે. તે રીતે ધર્મ પણ માત્ર આ પૃથ્વીલોકના ઈલાકામાં કામ આવતી ચીજ છે. મૃત્યુલોકમાં પ્રવેશીએ પછી ધર્મનું ચલણ કામ આવતું નથી. મૃત્યુ આગળ નાત, જાત કે ધર્મ, કોમના બધા ભેદ ભુંસાઈ જાય છે. તાત્પર્ય એટલું જ કે સમગ્ર વીશ્વ માટે માનવધર્મથી ચડીયાતો ધર્મ બીજો એકે નથી.

♦

**14-03-04-2015**

# શ્રદ્ધા અને સંતો : સમાજની બેવડી મુસીબતો

અનુક્રમણીકા

અમારી પાસે છે તેટલી બધી નમ્રતા ભેગી કરીને એક વાત કહેવી છે. ધર્મની વ્યાખ્યા સન્તો ભલે કરતા; પણ તે બુદ્ધીગમ્ય અને નીઃસ્વાર્થ હોવી જોઈએ. (બુદ્ધી ન હોય તો સત્યની વ્યાખ્યા કરવાનો હક હરીશ્ચન્દ્રને પણ ન હોવો જોઈએ) પ્રકાશનું સત્ય ઘુવડ ન સમજી શકે; પણ સુરજને અન્ધકારનું સત્ય સમજાઈ જવું જોઈએ. આસ્તીકો ઈશ્વર અંગેના અજ્ઞાનની આખી પેટી માથે ઉંચકીને ગુરુ પાસે જાય છે. ગુરુનો સ્વાર્થ તેના પ્રવચનમાં પ્રગટે છેઃ 'ગુરુ વીના જ્ઞાન નહીં... માટે ગુરુ કરો... સંસારની મોહમાયા ત્યજો અને પ્રભુને ભજો...!' એ કારણે થાય છે એવું કે પેટીભરીને અજ્ઞાન લઈને ગુરુ પાસે ગયેલો શ્રદ્ધાળુ પટારો ભરીને અજ્ઞાન લઈને પાછો ફરે છે. ગુરુઓ ધર્મની વ્યાસપીઠ પરથી 'અહમ્ બ્રહ્માસ્મી'નો મોઘમ હક જતાવીને પોતે જ ભગવાન બની બેસે છે. નાસ્તીકો તેમનો ભ્રમ ભાંગતા કહે છેઃ 'એ બનાવટી ચશ્મામાંથી તેમને જે દેખાય છે તે કેવળ ભ્રાન્તી છે; સત્ય નથી. રાત્રે રોડ પર નીકળો અને દુરથી દેખાતી વાહનોની હેડલાઈટને ફરતે તમને અનેક ગોળ વલયો દેખાય છે. એ વલયોનું અસ્તીત્વ હોતું નથી. તમારી નજરનો એ ભ્રમ હોય છે. વાહન નજીક આવે ત્યારે એ વલયો અદૃશ્ય થઈ જાય છે. ઈશ્વરનો મામલો એ હેડલાઈટ જેવો છે. વર્ષોથી તમે એ હેડલાઈટનાં વલયોને ઈશ્વરીય શક્તી સમજી રહ્યા છો. યાદ કરો, અનેક વાર તમારા જીવનમાં અન્ધકાર આવ્યો; પણ ઈશ્વરની

એ હેડલાઈટ તમને ખપ ના લાગી. વીજ્ઞાનની સર્ચલાઈટે જ તમારું અન્ધારું દુર કર્યું.

ધર્મગુરુઓ જેને ઈશ્વર સમજે છે તે વીજ્ઞાનને મન એક હેડલાઈટ છે. ધર્મ શું છે તે જાણવું અશક્ય નહીં; તોય અઘરું જરુર છે. ‘અહીંસા પરમો ધર્મ’ એવું કહેનાર ગાંધીજીએ તેમના આશ્રમમાં એક બીમાર વાછરડાને ઈંજેક્શન અપાવીને મારી નંખાવ્યો હતો. એ વાછરડો અસાધ્ય રોગથી પીડાતો હતો. મૃત્યુપર્યંત એણે પીડાવું પડે એમ હતું. એ સંજોગોમાં ઈંજેક્શન દ્વારા આપવામાં આવેલું મૃત્યુ ‘દયામૃત્યુ’ હતું. હતી તો એ હીંસા જ; પણ તે દયામય હોવાથી પવીત્ર હતી. એક ખુની કોઈના પેટમાં ખંજર હુલાવે, તે હીંસા ગણાય; પણ ડૉક્ટર પેટ પર છરી ચલાવે તેને હીંસા કહેવાની ભુલ કોઈ કરતું નથી. ગઠીયો, લોકોને બેહોશીની દવા સુંઘાડીને ઘરેણાં ચોરી લે છે; પણ ડૉક્ટર એનેસ્થેસીયા વડે દરદીને બેભાન કરીને તેની કીડનીમાંથી પથરી(સ્ટોન) કાઢી આપે છે. બન્નેમાં માણસને બેહોશ કરવામાં આવે છે; પણ એક બેહોશીમાં બદમાસી છે – બીજી બેહોશી કલ્યાણકારી છે. એનેસ્થેશીયાનું ઈંજેક્શન દયામૃત્યુના ગોત્રનું ગણાય. એનેસ્થેસીયા એટલે દરદીની સેન્સેટીવીટીનું મર્સીકીલીંગ!

દોસ્તો, કોઈનું ખુન કરવાની સલાહ અમે નથી આપતા; પણ સેંકડોની હત્યા કરનારા એક ખુંખાર આતન્કવાદીની તમે (અજાણતામાંય હત્યા કરી બેસો) તો હજારોને જીવતદાન આપવા જેવી એ ઉપકારક બાબત ગણાય. સમજો તો સીધી વાત છે. માત્ર ખંજરથી નહીં; ધર્મગ્રંથો વડે પણ

હત્યા કરી શકાય છે. બાબાઓ, પંડીતો અને ધર્મગુરુઓ શ્રદ્ધાનું ક્લોરોફોર્મ છાંટી શ્રદ્ધાળુઓની બુદ્ધીને બધીર બનાવી દે છે. પછી તેમની બુદ્ધીની બેરહેમીથી કતલ કરે છે. અને એ 'ખુન'ને તેઓ 'ઓપરેશન'માં ખપાવે છે, પેલો શ્રદ્ધાળુ (ખસી કરેલા બળદની જેમ) હમ્મેશને માટે અન્ધશ્રદ્ધાળુ બની જાય છે. એ રીતે તેઓ આખા સમાજમાં હજારો માણસોનાં માનસીક ખુન કરે છે. એક ગુરુનો મઠ એટલે ગુરુએ બનાવેલું કતલખાનું! એવા તો કેટલાય કહેવાતા બાપુઓની ગેંગ દેશમાં ધાર્મીક કતલખાનાંઓ ચલાવે છે. એક બાપુનો કીસ્સો ફાટીને ધુમાડે ગયો તે આપણે જાણીએ છીએ. આ કહેવાતા બાપુને કારણે કેટલીય છોકરીઓએ આત્મહત્યા કરી હતી... દેશવીદેશમાં ચાલતાં એમનાં 400 'કતલખાનાં'માં લાખો ભક્તો શ્રદ્ધા અને ભક્તીના નામે હોંશેહોંશે વધેરાઈ જાય છે. દોસ્તો, આવી દુર્ઘટનાઓ એટલા માટે બને છે કે સદીઓથી આપણી ધર્મપ્રધાન સંસ્કૃતી ધર્મના અફીણી ઘેનમાં બેહોશ થઈને જીવી રહી છે. એનેસ્થેસીયાની અસરમાં આવેલા દરદીને ખબર પડતી નથી કે એના દેહ સાથે કેવી ચીરફાડ થઈ રહી છે, તે રીતે ઢોંગી સંતોના સકંજામાં સપડાયેલા અ–બૌદ્ધીકોને ખબર પડતી નથી કે ભક્તી અને ધર્મની આડમાં એની સાથે કેવો વ્યવહાર થઈ રહ્યો છે? ધર્મના નામે પ્રવર્તતી આંધળી શ્રદ્ધામાં કેટલાક તો એવા બેહોશ બની જાય છે કે તેમના દેહ સાથે સેક્સનો હવસી ખેલ ખેલાતો હોવા છતાં તેને તેઓ 'ગુરુસેવા' સમજીને વેઠતા રહે છે. અન્ધશ્રદ્ધાનું ગાઢ ધુમ્મસ માણસની ચપટીક બુદ્ધીને ચોમેરથી ઘેરી વળે છે.

એ યાદ રાખવાનું છે કે ભગવાન કદી કોઈ સન્તને તેમની ભક્તાણીઓ સાથે શારીરીક દુર્વ્યવહાર કરવાની રજા આપતો નથી અને છતાં

વર્ષોથી આવું થતું આવ્યું છે તેના મુળમાં, માણસની આંધળી ધર્મશ્રદ્ધા છે. મા, બહેન, દીકરીઓ એવા ઢોંગી ગુરુઓના શરણે એટલી હદે સમર્પીત થઈ જાય છે કે જાણે કૃષ્ણની બાંહોંમાં ગોપીઓ...! તેમના પતી કે વાલીઓને પણ સન્તોએ ગુરભક્તીની સીરીંજમાં ભરીને અન્ધશ્રદ્ધાનું ઈંજેક્શન આપ્યું હોય છે એથી તેઓ પણ હીપ્નોટાઈઝડ થઈને આ બધું જોતા રહે છે. ધર્મ ભલે પાળો, ભક્તી પણ કરો; પરન્તુ કદી એ ભુલવાનું નથી કે કોઈ ધરમ કદી આવું કરવાનું કહેતો નથી. ખરેખર તો ઈશ્વર અને માણસ વચ્ચે આવા આડતીયાઓ (ગુરુઓ) હોવા જ ન જોઈએ. સાચી શ્રદ્ધા હોય તો તમારા અન્તરના ટેલીફોન બુથમાંથી ઈશ્વર સાથે તમારું ડાયરેક્ટ ડાયલીંગ થઈ શકે છે. ધર્મના નામે આવા ઢોંગી બાપુઓ સેક્સના જે કુટણખાનાં ચલાવે છે તેમાં 99 ટકા વાંક અન્ધશ્રદ્ધાળુઓનો હોય છે. ઢોંગી બાપુઓ તો ભુખ્યા વાઘની જેમ (અત્રે ભુખ્યા શબ્દ એટલા માટે વાપર્યો કે તેઓ સંસાર છોડી ચુકેલા હોય છે) પોતાના સંપ્રદાયની ગુફામાં જડબુ ફાડીને બેઠા હોય છે. સમાજની કેટલીય નાદાન હરણીઓ સામે ચાલીને તેમના મુખમાં જઈ પડે છે. જંગલમાં વાઘ હરણનો શીકાર કરે છે ત્યારે તેના પર ખુનનો આરોપ લગાવી શકાતો નથી; કારણ કે શીકાર કરવો એ વાઘની કુદરતી પ્રકૃતી છે. સંસારના દરેક ડાહ્યા વડીલને એટલી સામાન્ય બુદ્ધી હોવી જોઈએ કે ભુખ્યા રહીને અકુદરતી જીવન જીવતા સાધુ – બાવટાઓને ગુરુ સમજીને તેમની પાસે તમારી મા–બહેન–દીકરીને મોકલવા જેવું મોટું જોખમ બીજું એકે નથી. સત્ય એ છે કે કોઈ ગાંડો માણસ પોતાના ઘરના ગાર્ડનમાં ગુલાબને બદલે બાવળ રોપે અને

પછી રોજ પાણી પાઈને બાવળને ઉછેરે તેમ આપણા ધાર્મીકો સમાજમાં આવા શેતાનોને ઉછેરે છે.

દોસ્તો, આપણા ધર્મગુરુઓએ ધર્મના રેપરમાં વીંટાળીને અધર્મનાં એટલાં બધાં પડીકાં સમાજમાં વહેંચ્યાં છે કે ધર્મ બાજુએ રહી ગયો છે અને અધર્મનો ડંકો વાગી રહ્યો છે. આપણા રાજકારણીઓ પણ તેમની વોટબૅંક સાચવવા માટે જરુરી પાપ કરી છુટે છે.

સાધુ અને શેતાનો ભેગાં મળી સંસ્કૃતીની સ્મશાનયાત્રા કાઢે છે. અહીં એક બે નહીં; કરોડો માણસો અજ્ઞાની, અન્ધશ્રદ્ધાળુ અને મુર્ખ છે. એવા પથરાઓથી ભરેલું વહાણ પોતાના ભારથી જ ડુબશે ત્યારે દુ:ખ જરુર થશે; પણ કોઈને આશ્ચર્ય નહીં થાય. ફરી ફરી એ કહેવાનું પ્રાપ્ત થાય છે કે આપણા દેશને, ચીન કે પાકીસ્તાને નથી પહોંચાડ્યું એટલું નુકસાન આપણા જ દેશની અજ્ઞાની પ્રજાએ પહોંચાડ્યું છે. બુટલેગરો, નેતાઓ, દાણચોરો અને હવસખોર સન્તોએ આદરેલા આ ‘દેશડુબાવ’ યજ્ઞમાં 125 કરોડ લોકોએ ખભેખભા મીલાવી આહુતી આપી છે ત્યારે આ દેશમાં દુર્દશાનો ડંકો વાગી શક્યો છે. આખો દેશ જાગૃત બૌદ્ધીકોથી ભરેલો હોત તો થોડાક હવસખોર બાબાઓ અને લુચ્ચા લફંગા નેતાઓની શી મજાલ કે તેઓ એકલે હાથે 125 કરોડ જનતાને આટલું નુકસાન પહોંચાડી શકે?

# ધુપછાંવ

પહેલી નજરે સાચી ન લાગે એવી વાત એ છે કે આપણી આસ્તીકતાએ અનેક આપત્તીઓ ઉભી કરી છે. જરા વીચારો, જે કન્યાએ કહેવાતા બાપુ કે ગુરુના હવસનો શીકાર બનવું પડ્યું તે કન્યા નાસ્તીક હોત તો તે આવા સ્વામીઓ કે બાપુઓ પાસે જતી હોત ખરી? એ જ તર્ક આગળ વધારી એમ પણ કહી શકાય કે ખુદ આવા સ્વામી અને બાપુ નાસ્તીક હોત તો તેમણે ઈશ્વરના નામ પર હજારો આશ્રમો સ્થાપવાની કે આટલા ચેલાઓની ફોજ ઉભી કરવાની જરુર પડી હોત ખરી?

♦

**15-04-09-2015**

## રૅશનાલીઝમનો એક વીષય અભ્યાસક્રમમાં દાખલ કરવો જોઈએ

અનુક્રમણીકા

એક ગૃહીણી લખે છે : ‘મેં નાનપણમાં અલુણાં વગેરે વ્રતો બહુ કર્યાં હતાં; પરન્તુ પછી સારાં વાચન, વીચાર અને મનનની ટેવ પડતાં ખુબ પુસ્તકો વાંચ્યાં. બહોળા વાચનથી ચૈતસીક સ્તરે વીકાસ થયો અને એ કારણે વ્રત–ઉપવાસોની નીરર્થકતા સમજાઈ. હવે હું કોઈ જ વ્રત ઉપવાસો કરતી નથી. મારી દીકરીઓને પણ તેની નીરર્થકતા સમજાવું છું. એક પ્રશ્ન થાય છે આજના સંઘર્ષભર્યા જીવનમાં, વડીલો રોજીરોટીના ચક્કરમાં અધમુઆ થઈ જતાં હોય છે. તેમની પાસે બાળકોને રૅશનલ શીક્ષણ આપવાનો સમય હોતો નથી; બલકે તેઓ ખુદ અન્ધશ્રદ્ધાળુ હોય છે. એથી મને લાગે છે કે રૅશનાલીઝમનો એક વીષય અભ્યાસક્રમમાં જ સામેલ કરી દેવો જોઈએ, જેથી યુવાપેઢીમાં અન્ધશ્રદ્ધા આટલી વ્યાપક ન હોય.’

એ બહેનને ખાસ અભીનન્દન તો એટલા માટે આપવાં રહ્યાં કે સ્ત્રી હોવા છતાં તેમણે રૅશનલ વીચારધારાને અપનાવી છે. અન્યથા મહીલાઓને તો ગળથુથીમાંથી જ પુજાપાઠ અને વ્રત–ઉપવાસોના સંસ્કારો આપવામાં આવે છે. સમાજમાં બહુ ઓછી મહીલાઓ રૅશનાલીઝમને આવકારે છે. કહેવાતી નારીવાદી સ્ત્રીઓ પણ આજે એવું પ્રચારી શકતી નથી કે દીકરીઓને સારો વર મળે તે માટે અલુણાં કરાવવાં એ નર્યું ધાર્મીક તુત છે. દરેક ઘરોમાં જુનવાણી વડીલો રહેતા હોય છે. વહુઓ એડ્યુકેટેડ હોય તોય ઘરના વડીલો સમક્ષ એવું કહેવાની હીમ્મત કરી શકતી નથી કે દીકરીઓને અલુણાં કે જયાપાર્વતીનાં વ્રત કરાવવાનો જમાનો ગયો… તેને બદલે નાનપણથી જ

દીકરીને દરેક પ્રકારની તાલીમ આપીને એવી કેળવીએ કે સારો વર વગર વાંકડે દોડતો આવે... ઉત્તમ તો એ જ કે અલુણાં કરવા છતાં; વર લુણ વીનાનો (અર્થાત્ મીઠા વગરનો) મળે તો, દીકરી સ્વયં નોકરી કરીનેય સંસારની સઘળી જવાબદારી ઉપાડી શકે, એવી તે બાહોશ બને તે માટે તેની પાસેથી 'સંતોષી મા' કે 'વૈભવલક્ષ્મી'ની ચોપડીઓ લઈ તેના હાથમાં 'જ્ઞાન–વીજ્ઞાન'નાં પુસ્તકો મુકવાં જોઈએ. બચુભાઈ ઉચીત જ કહે છે : 'વૈભવલક્ષ્મી કે સંતોષીમાની ચોપડીઓ કરતાં 'ચીત્રલેખા', 'અભીયાન' કે 'ફેમીના' સ્ત્રીઓ માટે વધુ ઉપયોગી સાબીત થઈ શકે. છાતી ઠોકીને કહી શકાય એમ છે કે આજના વીકસીત યુગમાં દીકરીએ યોગ્ય શીક્ષણ નહીં મેળવ્યું હશે તો કેવળ મહોલ્લામાં ગોળચણા અને તુલસીનાં પત્તાં વહેંચતા રહેવાથી કદી કોઈનો 'શુક્કરવાર' વળતો નથી.'

દુ:ખદ સ્થીતી એ છે કે તરેહતરેહનાં વ્રત–ઉપવાસોમાં ગળાડુબ રહેતી મહીલાઓને ક્યારેય પ્રશ્ન થતો નથી કે વીકસીત દેશોની સ્ત્રીઓ કદી એવાં વ્રત–ઉપવાસો કરતી નથી; છતાં સુખી છે. જ્યારે આ દેશની સ્ત્રીઓ અલુણાંથી શરુ કરી મૃત્યુપર્યંત અનેક પ્રકારનાં વ્રત–ઉપવાસો કરતી રહે છે; છતાં તે દુનીયાના કોઈ પણ દેશની સ્ત્રી કરતાં વધુ દુ:ખી કેમ છે? સ્ત્રીને જીવતી બાળી નાખવાનું પાપ આ ધરમકરમ વાળા દેશમાં જેટલું થાય છે તેટલું બીજા કોઈ દેશમાં થતું નથી. અરે! સંતોષીમાના વ્રતથી સ્ત્રીનો સંસાર સુખી થઈ શકતો હોત તો આ દેશમાં આટલી મોટી સંખ્યામાં નારીસંરક્ષણગૃહો સ્થાપવાં પડ્યાં હોત ખરાં? કોઈ પણ નારીસંરક્ષણગૃહ એટલે સંતોષીમાતાનાં વ્રતની નીષ્ફળતાનું મુર્તસ્વરુપ એમ કહેવું ખોટું નથી. પણ જવા દો વાત... દુ:ખપુર્વક નોંધવું રહ્યું કે સ્ત્રીઓને કુદરતે સૌન્દર્ય તો ખોબલે–ખોબલે આપ્યું છે, પણ...?

આપણે રૅશનાલીઝમની વાત લઈ બેઠા છીએ ત્યારે એક ઘટનાનું સ્મરણ થાય છે. અમદાવાદના એક લેખકમીત્ર આમ તો પુરા રૅશનાલીસ્ટ છે; પણ તેમને એવી ટેવ કે લેખ શરુ કરતાં પહેલાં ઉપર મથાળે ‘શ્રી નાગદેવતાય નમઃ’ લખે પછી જ લેખની શરુઆત કરે. અમે કારણ પુછ્યું તો એમણે સ્પષ્ટતા કરી : ‘વાત એમ છે કે મારા પીતાજી નાગદેવતાના જબરા ઉપાસક હતા. તેમણે અમારા આખા કુટુમ્બને એવા સંસ્કાર આપેલા કે કોઈ પણ કામની શરુઆત કરતાં પહેલાં નાગદેવતાનું સ્મરણ કરવું. પરીક્ષામાં હું સપ્લીમેન્ટરીમાં પણ ‘શ્રી નાગદેવતાય નમઃ’ લખતો. જો કે તેમ કરવાથી પેપરો સારાં જતાં એવું નહોતું. નાનપણમાં હું ઘણીવાર નાપાસ થયો છું; પણ પીતાજીના સંસ્કાર લોહીમાં ભળી ગયેલા એટલે અમે કુટુમ્બનાં બધાં જ બાળકો એ પ્રમાણે કરતાં. આજે હવે પીતાજી રહ્યા નથી અને મનેય અનેકવાર સમજાયું છે કે, ક્યારેક ‘શ્રી નાગદેવતાય નમઃ’ લખવાનું ચુકી જવાય તો પણ; લેખ તો સરસ જ બને છે. પણ એ આદત માનસીક રીતે એવી પ્રગાઢ બની ચુકી છે કે એવું ન લખું તો મનમાં કશુંક અસુખ લાગે છે. કશુંક ચુકી ગયો હોઉં એવો અપરાધ જાગે છે અને તેની અસર લેખન પર પડે છે. એથી નથી માનતો તોય એ કુટેવ છુટતી નથી. એમ કહો કે બાપદાદાએ રોપેલો આંબો ખાટી કેરી આપતો હોય તોય તેને કાપી નાખવાનો ઝટ જીવ ચાલતો નથી. બાકી ઘરમાં ઘુસી ગયેલો નાગ મારા પરીવારને ડંખ દે એવી શક્યતા હોય તો હું નાગને મારતાંય નહીં અચકાઉં.’

આ લેખકમીત્રનો પ્રસંગ અત્રે અકારણ ઉલ્લેખ્યો નથી. સમાજમાં ખુણે ખુણે આવી સંસ્કારગત અન્ધશ્રદ્ધાઓ છવાયેલી છે. કમ્પ્યુટર બનાવતી ફૅક્ટરીની મશીનરી સાથે પણ લીંબુ અને મરચું લટકાવેલું જોવા મળે. હમણાં એક ડૉક્ટરના દવાખાનામાં અમે ઘોડાની નાળ લગાવેલી જોઈ. એમ.

એસસી.માં ગોલ્ડમેડલ મેળવનાર એક યુવતી એના રડતા બાળકને કોઈની નજર લાગી છે, એમ માની તેના પરથી મીઠું અને મરચું ઓવારી ચુલામાં નાખે છે. શોધવા નીકળો તો કૉલેજમાં સાયન્સ શીખવતો કોઈ પ્રોફેસર બાવડે માંદળીયું બાંધીને પીરીયડ લેતો મળી આવે. અમે એક એવા નોનમૅટ્રીક યુવકને ઓળખીએ છીએ જે માથે ફુલ ઓવારીને ભગતને બતાવે છે અને પુછે છે, ‘મને નોકરી ક્યારે મળશે?’

ગામ ત્યાં ઉકરડાના ન્યાયે આ બધું સર્વત્ર છે. પરન્તુ ખરું દુઃખ એ જાણીને થાય છે કે ખુદ વીજ્ઞાનીઓ પણ ઉપગ્રહ છોડતી વેળા શુભમુહર્ત અને ચોઘડીયાં જુએ છે. અન્ધશ્રદ્ધાના વાયરસથી વીજ્ઞાનીઓ પણ બાકાત નથી. સમાજમાં લાખો અન્ધશ્રદ્ધાળુઓ ભેગા મળે ત્યારે અશ્વમેધયજ્ઞ શક્ય બને છે. માણસના આવા આંતરબાહ્ય વીરોધાભાસને કારણે પ્રજાનો યોગ્ય વીકાસ થઈ શક્યો નથી. દેશમાં પ્રતીવર્ષ મનુષ્ય ગૌરવદીવસ ઉજવાય છે. આમ તો એ અનુત્પાદક ઉજવણી છે. છતાં મનુષ્ય ગૌરવદીવસ ઉજવાતો રહે તે ઈચ્છનીય છે. ઘરમાં ફુલદાની હશે તો તેમાં ક્યારેક ફુલો મુકવાની આપણને ઈચ્છા થશે.

કહેવાનું એટલું જ કે મનુષ્યગૌરવ દીવસ ઉજવ્યા પછી એક ડગલું આગળ વધીને હવે આપણે મનુષ્યને ગૌરવ મળતું થાય તે દીશામાં સક્રીય થવું જોઈએ. શું અનેક વહેમો, અન્ધશ્રદ્ધાઓથી ખદબદતો માણસ ગૌરવશાળી હોઈ શકે ખરો? માદળીયાં બાંધીને ફરતા માણસ માટે આપણને માન ઉપજે ખરું? ભગત–ભુવાઓનું મંડળ આપણું સન્માન કરે તો આપણને આનન્દ થાય ખરો? આજના અન્ધશ્રદ્ધાળુ માણસને તો આપણે જેમતેમ વેઠી લઈશું; પણ ભવીષ્યમાં એમના પૌત્રો અને પપૌત્રોથી બનેલો સમાજ એવો ન રહી જાય તે માટે, આજથી જ શાળા મહાશાળાઓમાં રૅશનાલીઝમનો વીષય દાખલ કરવો જોઈએ. આજનાં બાળકોને ગળથુથીમાંથી જ એવું શીખવવામાં આવશે કે

સાપનું ઝેર કદી ભગતથી ઉતરતું નથી, માંદળીયું બાંધવાથી કદી નોકરી મળી શકતી નથી અને પ્લેગ થાય તો તે યજ્ઞ કરાવવાથી નહીં; દવા કરાવવાથી જ મટી શકે છે, તો એવું રૅશનલ શીક્ષણ મેળવેલો વીદ્યાર્થી કદી અન્ધશ્રદ્ધા નહીં આચરે. બલકે તે પોતાનાં સંતાનોનેય એવો રૅશનલ વીચાર વારસો આપશે. અને તે સંતાનોય વળી મોટા થઈ તેમનાં સંતાનોને એ પ્રકારની સમજ આપશે. આમ રૅશનાલીઝમની એક અતુટ સાંકળ ચાલુ થશે અને કાળક્રમે એવા કરોડો વીદ્યાર્થીઓથી બનેલો ભાવી સમાજ, આજના અન્ધશ્રદ્ધાળુ સમાજ કરતાં વધુ સુદૃઢ અને સ્વસ્થ બનશે.

યાદ રાખીએ કે ગળથુથીમાંથી જે સંસ્કારો પ્રાપ્ત થાય છે એની અસર બહુ પ્રબળ અને ચીરકાલીન રહે છે. નાગનું ઝેર ઉતરી જઈ શકે; પણ નાગદેવતાના નામે જે અન્ધશ્રદ્ધા ફેલાવવામાં આવે છે તે નીવારવાનું કઠીન છે. અમારા લેખકમીત્ર રૅશનાલીસ્ટ હોવા છતાં લેખને મથાળે ‘શ્રી નાગદેવતાય નમઃ’ લખે છે. કેમ કે એમના દીમાગના કમ્પ્યુટરમાં બાળપણથી એ પ્રોગ્રામ ફીટ કરવામાં આવ્યો છે. મીત્ર તો બૌદ્ધીક છે. ‘શ્રી નાગદેવતાય નમઃ’ ન લખવાથી કોઈનું ભલું થઈ શકે એમ હોય તો તેઓ અચુક તેમ કરી શકે. પરન્તુ જેઓ અશીક્ષીત અને ગમાર છે, તેમની અન્ધશ્રદ્ધા કેવી ખતરનાક સાબીત થાય છે તેનાં બે ઉદાહરણો બસ થશે.

થોડા સમયપુર્વે જામનગરના ધનુડા ગામે જેસીંગ નામના એક દુધમલ યુવાને સ્વહસ્તે પોતાનું મસ્તક વધેરી કમળપુજા કરી હતી. (તે સફળ ન થયો તો બાપે તેનું ડોકું કાપવામાં મદદ કરી) એવી જ બીજી ઘટના ખેડા જીલ્લાના હરીયાણા ગામે બની હતી. જેમાં બાપે પોતાનાં ત્રણ સંતાનોને સ્વહસ્તે વધેરી મેલડી માને બલી ચઢાવ્યો હતો. પશ્ચીમના દેશોમાં મૃત માણસને જીવીત કેમ કરી શકાય તેના વીજ્ઞાનલક્ષી પ્રયોગો ચાલી રહ્યા છે;

જ્યારે આજના રૉકેટ યુગમાંય અહીં લોકો મુર્ખતાભરી જીવલેણ અન્ધશ્રદ્ધામાં રાચે છે. જો ગળથુથીમાંથી જ એ માણસોને રૅશનલ શીક્ષણ આપવામાં આવ્યું હોત તો આવી ક્રુર દુર્ઘટનાઓ ન બની હોત. હજીય મોડું થયું નથી. ઉપર્યુક્ત બન્ને કરુણાંતીકા વીશે પુરી ગંભીરતાથી વીચારી આપણું શીક્ષણતન્ત્ર અભ્યાસક્રમોમાં રૅશનાલીઝમનો એક વીષય દાખલ કરશે તો તે થકી આપણી ભાવી પેઢીનું કલ્યાણ થશે. 'સત્યશોધક સભા'એ પણ અન્ધશ્રદ્ધાના કીસ્સાઓને છુટકછુટક પડકારતા રહેવાને બદલે અભ્યાસક્રમોમાં રૅશનાલીઝમનો વીષય દાખલ થઈ શકે તે માટે સક્રીય થવું જોઈએ. અર્થાત્ માટલે–માટલે જંતુનાશક દવા નાખવાને બદલે સીધી કુવા–તળાવમાં જ દવા નાંખવાનું વીશેષ બુદ્ધીગમ્ય લેખાય. મુલો નાસ્તી કુતો શાખા?

♦

**16-08-01-2016**

## ધર્મ એટલે સારું જીવન જીવવાની નીયમાવલી

અનુક્રમણીકા

એકવાર અમે ટ્રેનમાં જઈ રહ્યા હતા. મીત્રો જોડે ધર્મની ચર્ચા ચાલતી હતી. તેમાં એક મુસાફરે વચ્ચે પુછ્યું, 'તમે ક્યો ધર્મ પાળો છો?' જવાબમાં શું કહેલું તે યાદ નથી; પણ આજે કોઈ પુછે તો કહીએ કે અમે 'જીવનધર્મ' પાળીએ છીએ. જીવનધર્મ આમ તો 'માનવધર્મ'નો જ પર્યાય ગણાય પણ બે વચ્ચે થોડો ફેર છે. માનવધર્મ આદર્શવાદી છે. જીવનધર્મ વાસ્તવવાદી છે. થોડાં ઉદાહરણો વડે એ વાત સમજવાનો પ્રયત્ન કરીએ. *માનવધર્મ એટલે* કોઈનું બુરું ન કરવું, પાપ ન કરવું, બેઈમાની ન આચરવી, દુઃખીઓને મદદ કરવી, ભુખ્યાઓને ભોજન આપવું... વગેરે વગેરે. અને *જીવનધર્મ એટલે* તમે જ્યાં જે સ્થીતીમાં ઉભા હો તે સ્થીતીમાં જે રીતે જીવવું પડે તેમ જીવવું તે જીવનધર્મ કહેવાય. એક દાખલો લઈએ. બસમાં ચડતી વેળા (ધક્કામુક્કી કરવાને બદલે) લાઈનમાં, શીસ્તબદ્ધ રીતે બસમાં ચઢવું એ નાગરીક ધર્મ ગણાય. પણ બધા જ પેસેન્જરો ધક્કામુક્કી કરીને ચડતાં હોય તો તમારે પણ ન છુટકે એ રીત અપનાવવી પડે. જો તમે શીસ્તબદ્ધ રીતે બસમાં ચડવાનો આગ્રહ રાખો તો સવારની સાંજ પડે તોય કોઈ બસમાં ચડી ના શકો. પ્રથમ નજરે આ વાત ખોટા ઉપદેશ જેવી લાગશે; પણ રસ્તો જ વળાંકવાળો હોય તો સીધા માણસે પણ વંકાવું પડે. એક બીજીય વાત સ્વીકારવી પડશે. જીવનમાં માત્ર અહીંસાની જ નહીં; હીંસાનીય જરુર પડે છે. એથી ક્યારેક દયા ત્યજીને હીંસા આચરવી પડતી હોય છે. આપણા સૈનીકો ચીન કે પાકીસ્તાન સામે જે બન્દુકબાજી કરે છે તે હીંસા જ કહેવાય; પણ દેશના રક્ષણ માટે તે જરુરી છે. (*પાકીસ્તાનના લશ્કરમાં કોઈ ભારતીય સૈનીક*

*હોય અને તેણે ભારતના સૈનીકો પર ગોળીબાર કરવો પડે, તો તે તેનો જીવનધર્મ ગણાય. જો તેને આપણે ભારત સાથેની બેવફાઈ કહીશું તો આપણા દેશના પાકીસ્તાન તરફી મુસ્લીમોને વખોડવાનો આપણને કોઈ હક રહેશે નહીં.*) જીવનધર્મની આચારસંહીતા એ છે કે ‘જેની ઘંટીએ દળીએ તેનાં ગીત ગાઈએ.’

સુરતના મુસ્લીમ બીરાદર મરહુમ ફીરોઝ સરકાર સાહેબ કહેતા : ‘ધર્મ માણસને બીજા સાથે હળીમળીને કેમ જીવવું તે શીખવે છે.’ તેઓ એક પંક્તી ટાંકતા : ‘મજહબ નહીં સીખાતા આપસ મેં બૈર રખના... હીન્દી હૈં હમ, વતન હૈ હીન્દોસ્તાં હમારા!’ હમણાં બે ત્રણ મુસ્લીમ મીત્રોને મળવાનું બન્યું, ત્યારે ફીરોઝ સરકાર સાહેબનું સ્મરણ થયું. મીત્રોએ ઈસ્લામ ધર્મ અંગે જે વૈજ્ઞાનીક અને મહીમાસભર વાતો કરી તે સાંભળી આનન્દ થયો. અમારે કબુલવું જોઈએ કે અમે કોઈ પણ ધર્મના અધીકૃત અભ્યાસુ નથી; પણ એટલું સમજાય છે કે કોઈ પણ ધર્મ કદી માણસને ઝનુની કે હીંસક બનવાનો ઉપદેશ આપતો નથી. ધર્મોને ગ્રંથો કરતાં જીવન સાથે વધુ ગાઢ સમ્બન્ધ હોય છે. ધર્મ એટલે બીજું કાંઈ નહીં; સારું જીવન જીવવાની નીયમાવલી! ધર્મ હીંસા ન આચરવાનું કહે છે; પણ એ વાતને વીવેકબુદ્ધીના ત્રાજવે તોળીને તેનો અમલ કરવો પડે. ગાંધીજી અહીંસાવાદી હતા; પણ તેમણે આશ્રમમાં રોગથી પીડાતા વાછરડાને ઈંજેક્શન મુકાવી જીવનમુક્ત કરાવ્યો હતો. (આજે તેઓ ફરી જન્મે તો મચ્છરોના ત્રાસ સામે તેમણે પણ બેગોનસ્પ્રેનો છંટકાવ કરવો પડે) મહાભારતના યુદ્ધવેળા અર્જુને મુંઝવણ વ્યક્ત કરી હતી : ‘જેના પર મારે બાણ ચલાવવાનાં છે એ બધા તો મારા ભાઈઓ છે. હું એ આપ્તજનોને શી રીતે મારી શકું?’ કૃષ્ણને બદલે ગાંધીજી હોત તો તેમણે જવાબ આપ્યો હોત : ‘અહીંસા પરમો ધર્મ’ એમ હુંય માનું છું; પણ મારા બગીચામાં ઉધઈ, ઈયળ કે

અન્ય જીવાતો છોડવાઓનો નાશ કરતી હોય, તો મારે વીવેકબુદ્ધી વાપરીને તેનો નાશ કરવો પડે. ઘરમાં વીશ–પચ્ચીશ ઉંદરો ચીજવસ્તુઓનો બગાડ કરતા હોય તો તેમના પ્રત્યે કરુણા ન દાખવી શકાય. જે વીનાશ કરે છે તેનો નાશ કરવો એ પાપ નથી; જીવનધર્મ છે.

દોસ્તો, ફરજના ભાગરુપે હીંસા આચરવી પડતી હોય તો તે જરુરી છે. કોઈ માણસ કસાઈને ત્યાં પશુઓની કતલ કરવાની નોકરી કરતો હોય, તો તેનાથી અહીંસક બની શકાય ખરું? તે દયાળુ હોઈ શકે; પણ હીંસા એનો જીવનધર્મ બની રહે છે. કોઈનું ખુન કરતા ગુંડાને (અથવા બોમ્બબ્લાસ્ટ કરતા આતંકવાદીને) પોલીસો એન્કાઉન્ટરમાં મારી નાખે, તો તેવી હત્યા પવીત્ર ગણાય. (રીઢા ગુનેગારને ફાંસીની સજા થાય ત્યારે તે રાષ્ટ્રપતીને દયાની અરજી કરે છે. મોટે ભાગે રાષ્ટ્રપતી તેની અરજી માન્ય રાખીને તેને ફાંસીથી બચાવી લે છે. એવી કહેવાતી દયા ‘મુર્ખામીભરી માનવતા’ ગણાય. આતંકવાદીઓ કે ધન્ધાદારી ખુનીઓ દયાને પાત્ર હોતા નથી. કાયદો તેને ફાંસીની સજા ફરમાવે પછી તેની દયાની અરજી માન્ય રાખવી એ થુંકેલું ચાટવા જેવી સંવૈધાનીક બેવકુફી ગણાય.) પાકીસ્તાનના આતંકવાદી અજમલ કસાબને ફાંસી થયેલી તે પુર્વે આખા દેશનો જીવ તાળવે ચોંટી ગયો હતો. (સરકાર એ શેતાનને ફાંસીને બદલે ‘શતમ્ જીવ શરદ’નો આશીર્વાદ આપી બેસે!) આપણા રાજકારણીઓમાં પણ 162 સાંસદો પર કોર્ટમાં કેસો ચાલે છે, એથી ક્રીમીનલો પ્રત્યે તેમનો સ્થાયીભાવ ક્ષમાનો જ રહેતો આવ્યો છે. (એમ જ હોય... વાઘ જંગલનો વડોપ્રધાન બને તો તે હરણોને બંદુકની ફેક્ટરી ખોલવાનું લાયસન્સ નહીં આપે. દીપડો કદી ‘અહીંસા પરમોધર્મ’નું પાટીયું ગળામાં લટકાવીને ફરે ખરો?)

ધર્મના મુળ મુદ્દા પર આવીએ. માણસની પાર વીનાની અન્ધશ્રદ્ધાઓને કારણે ધર્મમાં એટલી વીકૃતીઓ પ્રવેશી ગઈ છે કે આજે ધર્મ ન પાળવા કરતાં, પાળવાથી વધુ મુશ્કેલીઓ ઉભી થાય છે. નાસ્તીકો ભગવાનનું અસ્તીત્વ નથી એમ કહીને શાંતીથી બેસી રહે છે. પણ આસ્તીકો શ્રદ્ધાને નામે મોટું ધર્મયુદ્ધ આચરી બેસે છે. એશ–આરામબાપુ અને નારાયણ સાંઈ નાસ્તીક હોત તો સેંકડો સ્ત્રીઓ બચી ગઈ હોત. (પેલી ભોગ બનેલી સગીરા પણ નાસ્તીક હોત તો બાપુના આશ્રમમાં જવાનું તેને ના સુઝ્યું હોત.) દોસ્તો, દરેક સત્ય વાત શક્ય હોતી નથી. બધાંને રાતોરાત નાસ્તીક બનાવી દઈ શકાતા નથી. પણ સત્ય અને ન્યાયનો ધરમકાંટો બન્નેનો સરખો ન્યાય કરે છે. આસ્તીક– નાસ્તીકને વચ્ચે લાવ્યા વીના એક વાત છાતી ઠોકીને કહી શકાય, કોઈ પણ વ્યક્તી દુષ્ટતા આચરે તો તેનો બચાવ ન થઈ શકે. એક સત્ય વારંવાર સમજાય છે, દેશના તમામ હીન્દુ મુસ્લીમો નાસ્તીક હોત તો (અથવા વધુ સાચું એ કે તેઓ સમજદાર આસ્તીકો હોત તો) મન્દીર મસ્જીદનો કલહ ના થતો હોત. વીનોબા ભાવેએ કહેલું : ‘બે ધર્મો કદી લડતાં નથી. બન્ને ધર્મના અજ્ઞાની અનુયાયીઓ લડે છે’ એક ‘ધર્મખોર હીન્દુ’ અને એક ‘ધર્મખોર મુસ્લીમ’ જીદે ચડે તો ધર્મયુદ્ધના નામે ધીંગાણું થાય છે. પણ સજ્જન હીન્દુઓ અને સજ્જન મુસ્લીમો ભેગા મળે; તો એ સ્થળે ધર્માદા હૉસ્પીટલ બને અને બન્ને ધર્મના લાખો ગરીબ ભક્તોનો મફત ઈલાજ કરે. ધર્મનાં મુળીયાં જીવનમાં પડેલાં છે. પણ માણસ સ્થુળ ધર્મથી નહીં; બુદ્ધીયુક્ત ધર્મથી જ સુખી થઈ શકે. એ કારણે ધર્મ કદી બુદ્ધી વગરનો ન હોઈ શકે. વાત ન સમજાય તો હવે આગળ વાંચો. ભુખ એ કુદરતી પ્રકૃતી છે, અને અન્ન વીના માણસ મૃત્યુ પામી શકે છે. એથી ભુખ્યાને અન્ન આપવું એ ધર્મ કહેવાયો. એ કારણે જ ભોજનને ‘અન્નદેવતા’ કહેવામાં આવે છે. જળ વીના જીવન અશક્ય છે એથી તરસ્યાને પાણી પાવું એ ધર્મ કહેવાયો. (ઉનાળામાં

લોકો તરસ્યા મુસાફરો માટે પરબ માંડે છે) દષ્ટી વીના માણસની જીન્દગી નકામી થઈ જાય છે. એથી અંધજનો માટે ચક્ષુદાન કરવું એ ધર્મ કહેવાયો. એ રીતે રક્તદાન, દેહદાન, કીડનીદાન, વીદ્યાદાન, વસ્ત્રદાન, અન્નદાન એ સર્વ શબ્દો સાથે 'દાન' શબ્દ જોડાયો છે. યાદ રહે પુજાપાઠ, આરતી, ધુપ, દીપ, હોમ–હવન જેવા કર્મકાંડોનો ઉલ્લેખ વેદ ઉપનીષદોમાં ક્યાંય નથી. એ બધું પાછળથી ધર્મગુરુઓએ ઘુસાડ્યું છે. પરન્તુ માણસની જીવનલક્ષી જરુરીયાતો પરાપુર્વથી ચાલી આવે છે એથી ઉપર જણાવ્યા તે સર્વ પ્રકારનાં દાન કરવાં એ આજનો શ્રેષ્ઠ માનવધર્મ છે અને એથીય સર્વશ્રેષ્ઠ તો એ જીવનધર્મ ગણાય.

## ધુપછાંવ

'રક્તદાન, ચક્ષુદાન કે દેહદાન કર્યા પછી,
માણસે મન્દીરમાં જઈ ઘંટ વગાડવાની જરુર રહેતી નથી.
જો એટલાં પુણ્ય કરો તો તમારી જીવનની સફર સુખરુપે પુરી થઈ શકે
એટલું પુણ્યનું પેટ્રોલ કુદરત તમારી જીવનની ટાંકીમાં પુરી આપે છે.'

♦

**17-01-04-2016**

# શનીદેવ અને સત્યશોધક સભા

અનુક્રમણીકા

વીજાપુર જીલ્લાનું મહુડી ગામ શ્રી. ઘંટાકર્ણ મહાવીરદાદાને કારણે જાણીતું બન્યું છે. ત્યાં એવી માન્યતા છે કે દાદાની ડેરીની બાજુમાં ઘંટ છે. તેનો અવાજ જ્યાં સુધી સંભળાય તેટલા વીસ્તારમાં કોઈ પણ પ્રકારની તકલીફ કે ઉપદ્રવો થતાં નથી. શ્રી. ઘંટાકર્ણદાદા લોકોનાં સંકટો દુર કરીને તેમને સમ્પત્તીવાન બનાવે છે. દાદાની સુખડીનો પ્રસાદ ત્યાં જ ખાઈ જવો પડે. જો દરવાજાની બહાર લઈ ગયા તો તે વ્યક્તીને માનસીક વીકૃતી આવે અથવા પરત જતી વેળા તેમની કાર–વાહનને અકસ્માત નડે. આ માન્યતાને પ્રયોગની એરણ પર ચકાસવા માટે અંક્લેશ્વરની ‘સત્યશોધક સભા’ના પ્રમુખ શ્રી. અબ્દુલ વકાની તથા ગોધરાની ‘હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી’ના પ્રમુખ શ્રી. મુકુન્દ સીંધવ ત્યાં ગયા હતા. ‘વીજ્ઞાનમંચ’, નવસારીના સેક્રેટરી અને આ ‘અભીવ્યક્તી’ બ્લોગના સર્જક શ્રી. ગોવીંદ મારુએ પણ ત્યાં જઈને તપાસ કરી હતી; પણ એ વાત જુઠી હોવાનું જણાતાં શ્રી. મારુએ તારીખ 09 જુલાઈ, 1997ના ‘ગુજરાતમીત્ર’માં એક ચર્ચાપત્ર લખીને જાહેર કર્યું હતું કે એ બધી જ વાતો જુઠી છે. અમે સ્વયમ્ ત્યાં જઈને સુખડીનો પ્રસાદ ઘર સુધી લઈ આવ્યા હતા. પણ ન તો અમને કોઈ માનસીક વીકૃતી આવી હતી કે ન તો અમારી બસને કોઈ અકસ્માત નડ્યો હતો

દોસ્તો, આ વાત એટલા માટે યાદ આવી કે મહારાષ્ટ્રના અહમદનગરથી 35 કીલોમીટર દુર આવેલા શીંગણાપુર ગામમાં શનીદેવનું મન્દીર આવેલું છે. ત્યાંના શનીદેવ વીશે પણ આવી જ લોકવાયકાઓ પ્રવર્તે

છે. કહે છે કે ત્યાં શનીદેવનો એવો પ્રતાપ છે કે વર્ષોથી ગામમાં ચોરી થઈ નથી. ગામમાં લોકો રાત્રે પોતાનાં ઘર ખુલ્લાં રાખીને સુએ છે. બલકે ત્યાં ઘરને બારી–દરવાજા જ નથી! કોઈ યાત્રાળુ અખતરો કરવા માટે ત્યાંથી માટીનું એક ઢેફું પણ કારમાં લઈ આવે તો કારને અચુક અકસ્માત થાય છે. (આ અંગે સત્યશોધકોએ ત્યાં જાતે જઈને સત્ય શોધવું જોઈએ)

## રૅશનલ અભીગમ દ્વારા પૈસાનો વ્યય અટકી શકે

દોસ્તો, અન્ધશ્રદ્ધાળુ લોકોની પાયાની તકલીફ એ છે કે તેમની આગળ જે કાંઈ રજુ કરવામાં આવે તે બધું જ તેઓ આંખો મીચીને સાચું માની લે છે. ભક્તી અને ધર્મના અફીણી નશામાં તેઓ એવા ચકચુર હોય છે કે લુંટાઈ ગયા પછી પણ તેમને ભુલનું ભાન થતું નથી. (આસારામનો ભોગ બનેલી એક મહીલાએ પોલીસને કહ્યું હતું, ‘અમારી પાસે બીજું શું હતું...? એક શરીર હતું. ઈશ્વરે આપેલું.. એ શરીર ઈશ્વરના ચરણે સમર્પીત કરીને અમે આ ભવ સુધારી લીધો...!’) આવી આંધળી શ્રદ્ધાએ ધર્મ ભેગું સમાજને પણ મોટું નુકસાન પહોંચાડ્યું છે. એ કારણે આજે સમાજને મન્દીરો કરતાં સત્યશોધક સભાની વીશેષ જરુર છે. દેશભરની તમામ સત્યશોધક સભાઓ લોકોને અન્ધશ્રદ્ધાથી મુક્ત થઈને, નક્કર સત્યોના આધારે રૅશનલ જીવન જીવવાનો સંદેશો આપે છે. તાજેતરમાં જ તેમણે રોડ પર નીકળતા લગ્નના વરઘોડા વગેરેનો વીરોધ કર્યો. આપણે ત્યાં જાહેર માર્ગો પર હવે તો ધર્મગુરુઓની પાલખી પણ નીકળે છે. દશ હજાર ફટાકડાની લુમ ફોડવામાં આવે છે. લોકો જાહેર રસ્તા વચ્ચે ડીસ્કો કરે છે... ગરબા ગાય છે અને રાહદારી તે જોવા ત્યાં ઉભા રહી જાય છે. એ કારણે ટ્રાફીક જામ થઈ જાય છે અને લોકોની પરેશાનીનો પાર રહેતો નથી. કંઈક એવું સમજાય છે કે દેવદર્શન દ્વારા જે શાન્તી પ્રાપ્ત થાય છે તે કેવળ મનોવૈજ્ઞાનીક શાન્તીની ભ્રાન્તી હોય

છે. બાળપણથી આપણને એ પ્રકારની ખોટી સમજણ વારસામાં પ્રાપ્ત થઈ છે. એથી દેવીદેવતાના ફોટાઓને આપણે દુઃખ મીટાવનારા ભગવાનો ગણીએ છીએ. તેમના ફોટા કે મુર્તી જોઈને આપણને થોડી આભાસી શાન્તી મળે છે; પણ એ શાન્તી મનમાં ફીટ થયેલી પુર્વધારણાઓને કારણે મળતી હોય છે. આફ્રીકાના જંગલી આદીવાસીઓને શ્રી ગણેશજી કે શ્રી. રામચન્દ્રજીની મુર્તી બતાવો તો તેને શાન્તી નહીં મળે; કેમકે તેમના દીમાગમાં રામચન્દ્રજી વીશે કોઈ પુર્વધારણા બંધાયેલી નથી. આપણે ત્યાં વર્ષભર અનેક જાહેર યજ્ઞો થતા રહે છે. એક યજ્ઞમાં લાખો રુપીયા હોમાય છે; પણ એ યજ્ઞથી માણસના કેટલાં દુઃખ–દર્દો દુર થઈ શક્યાં તેના 'પ્રોફીટ એન્ડ લોસ' જાણી શકાયાં નથી. બૌદ્ધીકો એથી જ કહે છે કે અંધારામાં છોડાતા તીર જેવી ભક્તી પાછળ સમય અને નાણાંની બરબાદી કરવાને બદલે, જીવનની નક્કર સમસ્યાઓ પાછળ સમય આપવો જોઈએ. તાત્પર્ય એટલું જ, આ દુનીયાને 'આસારામ' કરતાં 'આઈન્સ્ટાઈન' વધુ ઉપયોગી છે.

## શનીદેવમાં 144મી કલમ

શનીદેવની મુળ વાત પર આવીએ. અત્યારે મહારાષ્ટ્રમાં ત્યાંની સરકારે 144મી કલમ લાગુ પાડી છે. કારણ એ છે કે મહીલાઓને ત્યાં શનીદેવના મન્દીરમાં પ્રવેશ ન મળતો હોવાને કારણે તેઓ આન્દોલને ચઢ્યાં છે. 'આર્ટ ઓફ લીવીંગ'ના શ્રી શ્રી રવીશંકરજીએ કહ્યું કે દેશના બંધારણે સર્વને સમાન અધીકાર આપ્યો છે, એથી મહીલાઓને પણ મન્દીરમાં પ્રવેશ મળવો જોઈએ. પણ મન્દીરના વહીવટીતન્ત્રને એ નીર્ણય મંજુર નથી, તેથી ગજગ્રાહ હજી ચાલુ છે. ભુમાતા રણરાગીણી બ્રીગેડના તૃપ્તી દેસાઈએ કહ્યું છે કે 'અમને પુજાનો અધીકાર ન આપવામાં આવશે તો અમે નરેન્દ્ર મોદીજી પાસે જઈશું!' અહીં એ નારીવાદી બહેનોને પુછવાનું મન થાય છે કે તમને

આખરે દેખાયો દેખાયો ને માત્ર ભક્તીનો અધીકાર જ દેખાયો? તમે છાસવારે નારીના હકો માટે ઝંડો લઈને નીકળી પડો છો. તમારી ઘણી ફરીયાદો સાચી હોય છે તેની ના નથી; પણ જરા વીચારો, શું ભક્તી કરવાનો અધીકાર મળશે એથી તમારું કલ્યાણ થઈ જશે? તમે મોદી સાહેબ સુધી જવા માગો છો તે તમારી ખુમારી ગમે છે; સ્ત્રીઓ પોતાને થતા અન્યાયો માટે આટલી જાગૃત થઈ છે તે આનન્દની વાત છે. બસ, સ્ત્રીઓએ હવે પુરી તટસ્થતાથી પોતાના નારી જીવનના પ્લસ માઈનસનો અભ્યાસ કરવો જોઈએ. સ્ત્રીઓ સંસારમાં હૃદય જેવું મહત્ત્વનું સ્થાન ધરાવે છે એ કારણે સ્ત્રીઓની જવાબદારી વધી જાય છે. એથી તેમણે તેમની મર્યાદાઓ પણ નજરમાં રાખવી જોઈએ. આ વાત માત્ર સ્ત્રીઓની જ નથી, તમામ ધાર્મીક સ્ત્રી–પુરુષોને સરખી રીતે લાગુ પડે છે.

સ્ત્રી–પુરુષોને પુજા કરવાનો સમાન અધીકાર હોવો જોઈએ એવો શ્રી શ્રી રવીશંકરજીનો મત આવકારદાયક ગણાય. સન્તો એટલે ટોળાની આગળ ચાલતું પહેલું મોટું ઘેટું. એ ઘેટું જો ભીંત ભુલશે તો આખો સમાજ ખોટા માર્ગે ચાલશે. સમાજની બૌદ્ધીક તન્દુરસ્તી માટે ધર્મગુરુઓની મનદુરસ્તી રહે તે જરુરી છે. કેમ કે કુવાના પાણીની ગંદકી દુર નહીં થશે તો આખા ગામે ગંદુ પાણી પીવું પડશે. હમણાં થોડા સમય પુર્વે ટીવી પર દેશના સાત મોટા ધર્મગુરુઓ તથા જ્યોતીષીઓ વચ્ચે એક ચર્ચા યોજાઈ હતી. તેમાં શનીદેવ, દેવ નહીં; માત્ર એક ઉપગ્રહ છે એવો પ્રધાન સુર વહેતો થયો હતો. આપણા સમાજ પર સદીઓથી આંધળી ધાર્મીક્તાનો પ્રભાવ રહ્યો છે. પણ એકાદ–બે ભગવાધારી સન્તો પણ હવે સત્યશોધક સભાનું કામ કરી રહ્યા છે તે આનન્દની વાત ગણાય. વેલ ડન સન્તો...! બસ, હવે શનીદેવની આ 'પનોતી' ઉતરે એટલે બીજું અભીયાન એ ચલાવો કે- 'ઈશ્વર છે કે નહીં...?'

## ધુપછાંવ

એક શ્રદ્ધાને ખાતર ધરમ કેટલા…?
એક ઈશ્વરને માટે મમત કેટલો…?

–બરકત વીરાણી ‘બેફામ’

♦

**18-06-05-2016**

# સાયન્સ એટલે સંશોધનનું સ્વર્ગ

અનુક્રમણીકા

માણસ નીત્ય નવી શોધખોળો કેમ કરતો રહે છે તે પ્રશ્નમાં થોડા વધુ ઉંડા ઉતરીએ તો વાત પેલી કહેવત પર આવીને અટકે : 'નેસેસીટી ઈઝ ધ મધર ઓફ ઈન્વેન્શન' (જરુરીયાત એ શોધખોળની જનેતા છે). વાત ખોટી નથી. ભુખ ના જન્મી હોત તો ખેતીની શોધ થઈ હોત ખરી? વસતી–વધારાથી માણસ પરેશાન ના થયો હોત તો એણે કુટુમ્બ–નીયોજનની શોધ ના કરી હોત. ઉંદરો નુકસાન ના કરતા હોત તો માણસે છટકું ના બનાવ્યું હોત. મચ્છરો સખણાં રહ્યાં હોત તો ડી.ડી.ટી. છાટવાની જરુર ના પડી હોત. માણસે વાહનોની ગતી પર નીયન્ત્રણ રાખવા માટે બ્રેક બનાવી; પણ યુવાનો જીવલેણ ગતીની છન્દે ચઢ્યા તેથી ડામર રોડ વચ્ચે માણસે ટેકરા ઉભા કરવા પડ્યા. અમારા મીત્ર બચુભાઈ કહે છે : 'ઍક્સીલેટર સાથેનો માણસનો અબૌદ્ધીક વ્યવહાર હદ વટાવે છે ત્યારે ઓર્થોપેડીક હૉસ્પીટલના પાયા નંખાય છે!'

ભાલા, ખંજર, છુરા, ગુપ્તી, તલવાર... એ બધા હીંસા–સંસ્કૃતીના પુર્વજો ગણાય. ભાલા–સંસ્કૃતીનું મોર્ડન કલ્ચર એટલે મશીનગન, રાઈફલ, હેન્ડગ્રેનેડ, અણુબોમ્બ. ફાંસીના માંચડાનો જન્મ તો બહુ પાછળથી થયો. ટુંકમાં જુલ્મગાર, ગુનેગાર અને સીતમગર સમાજમાં હાહાકાર મચાવે ત્યારે કાયદો, કારાગાર અને ફાંસીગરની જરુર પડે છે. તાત્પર્ય એટલું જ કે ચોરી ના થતી હોત તો માણસે તાળાં ના બનાવ્યાં હોત. તાળાં તુટતાં ના હોત તો માણસ ઘરવખરીનો વીમો ના ઉતરાવતો હોત. વીમા કંપની જો અખાડા ના કરતી હોત તો ગ્રાહકસુરક્ષા કોર્ટ સ્થાપવાની જરુર જ ના પડી હોત!

માણસની સમસ્યાઓ અને સમાધાનો એકમેક સાથે(દાંતાવાળાં ચક્રોની જેમ) જોડાયેલાં છે. ઉંટે ઢેકા ના કર્યા હોત તો માણસે કાંઠા કરવાની જરુર પડી હોત ખરી? 'જરુરીયાત' અને 'શોધખોળ' એ જીન્દગીના સમાન્તર પાટા પર હાથમાં હાથ નાખીને દોડતી બે સગી બહેનો છે.

માણસે જીવનમાં કાપકુપ ભેગી સાફસુફ પણ કરવી પડે છે. કાતર અને સોય બન્ને વીના એને ચાલતું નથી. મદારીના કરંડીયામાં સાપ અને નોળીયા સાથે રહે, તેમ દરજીના ખાનામાં સોય અને કાતર સાથે રહે છે. સોય અને કાતરની કામગીરી શરુ થાય એ પહેલાં મેઝરટેપ પોતાનો ચુકાદો સંભળાવે છે. ક્યાંથી કેટલું કાપીને દુર કરવું અને ક્યાં કેટલું સાંધવું તેનું સાચું માપ મેઝરટેપ બતાવે છે. મેઝરટેપની ભુમીકા, સોય અને કાતર કરતાં વધુ મહત્ત્વની છે.

મેઝરટેપ એટલે સત્યનો ધરમકાંટો! દરજીની મેઝરટેપ સીવાય પણ સમાજ પાસે બીજી ઘણી મેઝરટેપો છે. ધર્મની મેઝરટેપ, શીક્ષણની મેઝરટેપ, સમાજની મેઝરટેપ! પણ એ સૌમાં એક મેઝરટેપ અનોખી છે, અને એ છે 'વીજ્ઞાન અને સત્ય'ની મેઝરટેપ. તેનું નામ છે : 'રેશનાલીઝમ!' શ્રદ્ધાળુઓની મેઝરટેપ સાથે તેના આંકડા મળતા નથી. તેથી રેશનાલીઝમનું નામ પડતાં જ તેમનું મોં ચઢી જાય છે. આસ્તીકોની ફુટપટ્ટીમાં દશ ઈંચ હોય છે. નાસ્તીકોની ફુટપટ્ટીમાં ચૌદ ઈંચ હોય છે. એક માત્ર વીજ્ઞાન પાસે 'બાર ઈંચની સાચ્ચી' ફુટપટ્ટી છે. દરેક વૈજ્ઞાનીક તારણ પર આઈ.એસ.આઈ.નો માર્કો લાગેલો હોય છે. થોડા વધુ નવા પ્રયોગો કરવાથી પોતાનું જુનું તારણ જુઠ્ઠું સાબીત થાય તો વીજ્ઞાન કશીય નામોશી વગર નવાં સત્યનો સ્વીકાર કરે છે. વીજ્ઞાનની એક ટેવ પર અમે આફરીન છીએ કે તે 'સોનાને સોનું' અને 'કથીર ને કથીર' કહી દેવામાં કોઈની સાડાબારી રાખતું નથી. પણ માણસ એટલો ચોક્કસ નથી.

પાકી ચકાસણી કર્યા પછી જ સોના–ચાંદીને ખરીદતો માણસ, ભગવાનના મામલામાં જરાય ગંભીર નથી. તે જ્યાંથી જેવો મળ્યો તેવો ભગવાન હોલસેલના ભાવમાં તે ખરીદી લે છે. વીજ્ઞાનના ઘડીયાળમાં તો સત્યના સાચા ટકોરા જ પડે છે.

આસ્તીક–નાસ્તીક વચ્ચે હમ્મેશાં એક અદૃશ્ય ગજગ્રાહ ચાલતો આવ્યો છે. બન્ને સમ્પુર્ણ સાચા ના હોઈ શકે અને સમ્પુર્ણ ખોટા પણ ના હોઈ શકે. પણ સત્ય તો એક જ હોય છે! અર્થાત્ બેમાંથી કોઈ એકની પાસે અસત્ય છે. દરેક જણ પોતાની વાત જ સાચી છે એવી જીદ પર અડી જાય ત્યારે વીજ્ઞાનની બાર ઈંચવાળી અસલી ફુટપટ્ટીની જરુર પડે છે. આસ્તીક સમકક્ષ કોઈ અજાણ્યા બાળકને એમ કહી રજુ કરવામાં આવે કે, આ તમારો નાનપણમાં ખોવાઈ ગયેલો દીકરો છે, તો તે કોઈપણ ચકાસણી વીના સ્વીકારી લે છે. નાસ્તીકોનું દુ:ખ એ છે કે ખુદ તેમનાં માબાપ હાથ જોડીને કહે કે અમે જ તારાં માબાપ છીએ તો પણ તેઓ ડી.એન.એ. ટેસ્ટ કરાવવાની જીદ પકડે છે. બન્ને વચ્ચે કેવળ સત્યની જ લડાઈ હોત, તો સત્ય સાબીત થયા પછી હાર–જીતની નામોશી વીના સૌએ તે સ્વીકારી લીધું હોત. પણ બન્ને ઈચ્છે છે કે મારી પાસે જે છે તેને જ સામેવાળો સત્ય તરીકે સ્વીકારે. કોઈ પોતાની મમત છોડવા માગતું નથી.

ન્યાયનો તકાદો એ છે કે પ્રત્યેક બૌદ્ધીકે એવું વલણ રાખવું જોઈએ કે આસ્તીક–નાસ્તીક જે માનતા હોય તે, પણ વીજ્ઞાન દ્વારા જે છેવટનું સત્ય બહાર આવે તે જ સાચું. મુશ્કેલી એ છે કે વીશ્વભરના તમામ વીજ્ઞાનીઓમાં પણ ઈશ્વર અંગે મતમતાન્તરો પ્રવર્તે છે. એ સંજોગોમાં શું કરવું? આખો પ્રશ્ન ભવીષ્ય પર છોડી દઈ સૌએ પોતપોતાનું કામ કરતાં રહેવું જોઈએ. આમેય ઈશ્વરની ચર્ચા કેવળ બૌદ્ધીક વ્યાયામ છે. ઈશ્વર હોય કે ન હોય, માનવીની

રોજીન્દી જીન્દગીમાં તેનાથી કશો ફરક પડતો નથી. ઈશ્વરનું અસ્તીત્વ સાબીત થવાથી આસ્તીકોના દુ:ખ–દર્દો ઓછાં થઈ જવાનાં નથી. ઈશ્વર નથી એવું સાબીત થાય તો નાસ્તીકોનું કલ્યાણ થઈ જવાનું નથી.

આનન્દની વાત એ છે કે વીજ્ઞાનના મન્દીરમાં રૅશનાલીઝમનો દીવડો જલે છે. એ દીવડાનું ‘તેલ’ એટલે ‘બુદ્ધી’! એ બુદ્ધીના બલ્બ વડે ઉત્તમોત્તમ સંશોધનો થઈ રહ્યાં છે. વીજ્ઞાનના આકાશમાં રૅશનાલીઝમનો ધ્રુવતારક સદા ચમકતો રહેશે. બાવીસમી સદીમાં પણ સાયન્સનો સુરજ ઝળહળતો રહેશે. ચીન્તનના ચોકબજારમાં ચર્ચાની ચોપાટ પર સત્યનાં સોગટાં રમાતાં રહેશે. રૅશનાલીઝમ અને વીજ્ઞાન હવે પ્રચારના ઓશીયાળાં રહ્યાં નથી. એકવીસમી સદી, ‘વીજ્ઞાન’ અને ‘સત્ય’નાં બીમ–કૉલમ પર ઉભી છે. આજનાં બાળકો રૅશનાલીસ્ટ બનીને જન્મે છે. તેઓ ખેલદીલીથી સત્યનો સ્વીકાર કરે છે. એ બાળકો દોરા–ધાગા, તાવીજ–માદળીયાં અને લીંબુ–મરચું મ્યુઝીયમમાં રાખી મુકશે. બાવીસમી સદીમાં તેમનાં બાળકો તેમને પુછશે, ‘ડેડ, વૉટ ઈઝ ધીસ?’ તેઓ જવાબ આપશે, ‘ધીઝ આર ધ ‘સીમ્બોલ્સ’ ઓફ ‘બ્લાઈન્ડ ફેઈથ’ ઓફ અવર ફોરફાધર્સ!’

♦

19-17-06-2016

# નાસ્તીકતા દીપી ઉઠી

અનુક્રમણીકા

એક પ્રૉફેસર મીત્રે કહ્યું : ‘ઈશ્વરચીન્તન દીમાગી કસરતથી વીશેષ કશું નથી. એવા વૈચારીક વ્યાયામની કોઈ નક્કર ફલશ્રુતી હોતી નથી. ઈશ્વર હોય કે ન હોય; માણસ જે રીતે જીવતો આવ્યો છે તેમ જ જીવ્યે રાખશે. તે વનવેમાં ઘુસી જશે અને ટ્રાફીક ઈન્સ્પેક્ટર પકડશે ત્યારે આસ્તીક હશે કે નાસ્તીક, પોલીસને સો પચાસનું પત્તું પકડાવીને છુટી જવાની પેરવી કરશે.’

વાત ખોટી નથી. મુસીબતમાં માણસની ભીતરી સાત્ત્વીકતાનું સાચુ માપ નીકળે છે. અલબત્ત, વીચારપ્રક્રીયાનું મુલ્ય કદી ઓછું હોતું નથી. વીચારો, પ્રશ્નો, સંશયો, ચર્ચા વગેરેથી બુદ્ધીની બૅટરી ચાર્જ થતી રહે છે. વીચારમંથન હમ્મેશાં ફળદાયી હોય છે. તેના વડે જીવનના ધોરી માર્ગો પર છવાયેલા કાંટા, ઝાંખરાં અને રોડા હઠાવીને માર્ગને ચોખ્ખો બનાવી શકાય છે. જેમને પ્રશ્નો નથી થતા તેવા માણસો ‘કેરી ન આપતા આંબા’ જેવા હોય છે. વાંઝીયો આંબો સુકાં પાન્દડાં ખેરવતો રહીને ઉમ્મર પુરી કરવા સીવાય બીજું કાંઈ કરતો નથી. સમાજમાં સારી–નરસી ઘટના બને અને જેમને પ્રશ્નો થતા નથી તેમના દીમાગનો બલ્બ શૉટ થઈ ગયેલો જાણવો. ગમે તેવા હાઈ વૉલ્ટેજ કરન્ટનો લોડ આવે તોય એ બલ્બમાં ઝબકારા થતા નથી. વાવાઝોડું આવે ત્યારે મડદાને કશું ટેન્શન રહેતું નથી.

વીલ્સન મીઝનરે કહ્યું છે : ‘શ્રદ્ધાનું હું સન્માન કરું છું, પણ કેળવણી તો આપણને શંકામાંથી જ મળે છે!’ શંકા એટલે પ્રશ્નોનું પ્રજનન અને

વીચારોનું વાવેતર! વીચારપ્રક્રીયા અન્ધારામાં ટૉર્ચની ચાંપ દબાવવા જેવી ઉપયોગી ટેવ છે. જેઓ વીચારતા નથી તેઓ ચુંટણીવેળા 40–50 રુપીયા લઈને કહો તેને વોટ આપી આવે છે. દેશની પાર્લામેન્ટમાં 146 ગુંડા ચુંટાઈ આવ્યા છે તે એવા 'વીચારવાંઝીયાઓ'એ કરેલી બેવકુફીનું પરીણામ છે. બહોળા પરીવારમાં બે બાળકો અપંગ હોય તેના ભરણપોષણની છેવટ સુધીની જવાબદારી બાકીના સભ્યો પર આવે છે, તે રીતે પાર્લામેન્ટમાં એવા 'દ્વીપગા પશુઓ' થકી વટાતો ભાંગરો આખા દેશે વેઠવો પડે છે.

વીચારશુન્ય પ્રજા એટલે દેશના બજેટની અદૃશ્ય ખાધ...! એક હાલતું–ચાલતું બાળક તોફાન કરીને ઘર ગજવી મુકે છે. એવું બાળક વગોવાય છે ખરું; પણ પથારીમાં નીષ્ક્રીય પડી રહેતા નીષ્ક્રીય લકવાગ્રસ્ત બાળક કરતાં એ વધુ આશાસ્પદ હોય છે. માબાપે તેની પથારીવશ નીરુપદ્રવતાની ઉંચી કીમ્મત ચુકવવી પડે છે. પેલા તોફાની બાળક કરતાં તે ચાર ગણી મોટી હોય છે.

અમારા પ્રૉફેસર મીત્રે યોગ્ય જ કહ્યું છે – 'માણસ ચર્ચા કરે છે ત્યારે જ નીયમો, આદર્શો કે સત્યનું યશોગાન કરે છે. જીવનની વાસ્તવીકતામાંથી પસાર થતી વેળા તે તમામ માનવસહજ કમજોરીથી ભરેલો 'બીબાઢાળ' ઈન્સાન બની રહે છે. પોતાની ફરજ દરમીયાન જેણે ઘણા ખુનીઓને ફાંસીની સજા સુણાવી હોય એવા ન્યાયાધીશનો પોતાનો દીકરો કોઈનું ખુન કરીને આવે, ત્યારે તે ન્યાયાધીશના વાઘા ઉતરી જાય છે. તે એક પીતા બની જાય છે અને દીકરાને બચાવી લેવાનો તે મરણીયો પ્રયાસ કરે છે.

માણસ આસ્તીક કે નાસ્તીક પછી હોય છે, પહેલાં તો તે એક માણસ હોય છે. ક્યારેક સજ્જન કહેવાતો માણસ પણ મકાનમાલીકને તેના

ઘરનો કબજો આપવામાં છટ્ઠીનું ધાવણ ઓકાવી દેતો હોય છે. હું ભુલતો ના હોઉં તો પ્રા. રમણ પાઠકે વર્ષો જુનું ભાડેનું મકાન તેના માલીકને હસતાં હસતાં ખાલી કરી આપ્યું હતું. એમના કો'ક લેખમાં એવું વાંચ્યાનું યાદ છે કે ઘરમાં લટકાવેલો જુનો પંખો અને એવું કેટલુંક ફરનીચર સુધ્ધાં તેઓ ત્યાં જ છોડી આવ્યા હતા. આવી ઈમાનદારીથી માણસની નાસ્તીકતા દીપી ઉઠે છે. રૅશનાલીસ્ટ બન્યા પછી માણસ જીવનમાં કેવું વર્તે છે તેમાં રૅશનાલીઝમની લાજ રહેલી છે.

ઈમાનદારીનો તકાજો એ હોય છે કે કો'કની માલીકીની વસ્તુ આપણે વર્ષો સુધી વાપરીએ છીએ, ત્યારે તેના ઋણી બનતા હોઈએ છીએ. તે માટે આભાર માનવાને બદલે, તેને કોર્ટકચેરીનો માર મારીએ એ શેતાની વૃત્તી છે. સાચી વાત એ છે કે 'મફતનું લઈશ નહીં' એ સુત્ર ફ્રેમમાં મઢીને દીવાલે ટીંગાડી રાખવાની માણસને જેટલી મજા આવે છે, તેટલી મજા પેલી દીવાલ તેના મુળમાલીકને પરત કરી દેવામાં નથી આવતી! સમાજમાં આવી ઘટનાઓ વીરલ હોય છે. મન્દીર–મસ્જીદના ઝઘડામાં જીવતા માણસોને બાળી નાખતા આસ્તીકો કરતાં; ઈન્સાનીયતમાં માનતા નાસ્તીકોનું સમાજે ચાર હાથે સ્વાગત કરવું જોઈએ.

લોકો વીચારોમાં જુદા હોય છે અને વર્તનમાં પણ જુદા હોય છે. રામાયણની કથામાં મોરારીબાપુના કંઠે રામ અને ભરતના મીલાપની વાત સાંભળી ચોધાર આંસુએ રડી પડતા બે સગા ભાઈઓ, સાંજે કથામાંથી ઘરે આવીને ખેતરના સેઢાની તકરારમાં એકમેકના માથા ફોડી નાંખે છે. એક વાત નક્કી છે. માણસો સારા પણ હોય છે અને ખરાબ પણ હોય છે. ક્યારેક તેઓ આસ્તીક હોય છે તો ક્યારેક નાસ્તીક...! હજારે એકાદ લીમડો મીઠો નીકળી આવે તો તે જીનેટીકલ એન્જીનીયરીંગની કમાલ કહેવાય ! બાકી, આસ્તીકતા

ઈમાનદારીની વણલખી ગેરન્ટી બની રહે એવું હમ્મેશાં નથી બનતું. ઘણીવાર લોકો કંકુવરણાં કાવતરાં કરી બેસે છે. તેમની આંગળીએ કંકુ છે કે લોહી તે ઝટ કળી શકાતું નથી. આસ્તીકતામાં માનવતા ભળે ત્યારે માનવધર્મ દીપી ઉઠે છે.

શ્રદ્ધા, સ્નેહ અને સૌજન્યના વરખમાં વીંટળાયેલી હોય તો જ ઈશ્વરની બૅન્કમાં તે માણસના ખાતે જમા થઈ શકે છે. શોધવા નીકળીએ તો ઈતીહાસમાંથી એવાં અનેક ઉદાહરણો મળી રહે છે. રાવણ, કંશ, દુર્યોધન, શકુની એ બધાં જ આસ્તીક હતા; છતાં એમણે માતાની કુંખ લજવી હતી.

એક સંતે કહ્યું છે : *‘ઈશ્વરમાં ન માનતો ખાટકી નખશીખ સજ્જન અને ઈમાનદાર માણસ હોય તો; કોઈ દંભી ધર્મગુરુ કરતાં ભગવાનની નજરમાં તેનું સ્થાન ઉંચુ હોય છે. ધર્મની ગાદી સાચવવા ખુન કરાવતા ધર્મગુરુ કરતાં ધંધા ખાતર ખાટકી બનેલો માણસ વધુ નીર્દોષ ગણાય!’*

## ધુપછાંવ

અલ્લાહકો નમાઝકી જરુરત નહીં,
ભગવાનકો પુજાકી જરુરત નહીં;
રામ–રહીમ ગલે મીલ જાય તો,
ઈન્સાનકો મજબહકી જરુરત નહીં.

♦

**20-21-10-2016**

# ગુરુઓનું અજ્ઞાન...
# ધર્મનું મોટું ભયસ્થાન

અનુક્રમણીકા

એકવાર એક ધર્મગુરુએ ભક્તોની મોટી મેદની વચ્ચે કહેલું : ‘ઈશ્વરે આનન્દ માટે નહીં; માત્ર સંતાન મેળવવા માટે જાતીયવૃત્તી આપી છે. એથી સંતાનો થઈ ગયા પછી સ્ત્રીસંગ કરવો એ પાપ છે!’ ત્યાં બેઠેલા લાખો શ્રદ્ધાળુઓ અન્દરખાનેથી એ વાત સાથે સમ્મત નહોતા; પણ ગુરુની વીચારધારાનો કોઈ વીરોધ કરતું નહોતું. ધર્મ અને શ્રદ્ધામાં સંશયને સ્થાન હોતું નથી. બહુધા આસ્તીકો ગુરુવાણીને ઈશ્વરવાણી સમજી તેનો ચુસ્તપણે અમલ કરે છે. કદાચ કોઈ શ્રદ્ધાળુ શંકા ઉઠાવે તો બીજા લોકો તેનો વીરોધ કરીને ગુરુના અજ્ઞાનને છાવરવાની કોશીશ કરે છે. આજપર્યન્ત લઠ્ઠો પીને કેટલા મર્યા તેના આંકડા અખબારોમાં પ્રગટ થયા છે; પણ લઠ્ઠા જેવી અન્ધશ્રદ્ધાથી કેટલાં સામુહીક મરણ થાય છે તેના આંકડા છાપામાં જોવા મળતાં નથી. અમુક નુકસાન દુષીત વાયરસ જેવાં હોય છે– તે દેખાતાં નથી ભોગવવા પડતાં હોય છે.

સોનોગ્રાફી વડે ગર્ભમાં પુત્ર છે કે પુત્રી તે જાણી શકાય; પણ એ સુવીધાનો દુરુપયોગ કરીને ભૃણહત્યા કરવામાં આવે તે ઠીક ન ગણાય. કોઈ વીજ્ઞાનવાદી પણ જો એ ભુલને છાવરવાની કોશીશ કરે તો તે વીજ્ઞાનમાં અન્ધશ્રદ્ધા ધરાવે છે એમ કહી શકાય. ધુરન્ધર નાસ્તીકનો પણ કોઈ વીચાર ખોટો હોઈ શકે. પણ તે તેના મીત્રો તેને છાવરવાની કોશીશ કરે છે. એ જેટલી મોટી ભુલ છે તેટલી જ મોટી ભુલ આસ્તીકો ધર્મગુરુઓને છાવરે તે પણ

ગણાય. આપણે ચાના કપમાં તરતી માખીને કાઢીને ફેંકી દઈએ છીએ; પણ ગુરુની નબળાઈઓને ગળી જઈને તેમને સાષ્ટાંગ વન્દન કરીએ છીએ. સાચી વાત એ છે કે આસ્તીકો ધર્મચાહક હોય છે સત્યચાહક નથી હોતા. ધર્મના સ્વાંગમાં કેટલીક અધાર્મીક બાબતો (ચામાં પડેલી માખી જેવી) છે, તેને તેઓ જીવનભર પમ્પાળતા રહે છે. નાસ્તીકો દ્વારા તેમની ભુલોનું ભાન કરાવવામાં આવે ત્યારે અહમ્ કે મમત ખાતર તેનો વીરોધ કરવામાં આવે છે. પરન્તુ યુદ્ધ–ઝઘડા–વાદ–વીવાદ કે કલહ કુસમ્પથી ધર્મની જ નહીં; આખા સમાજની તન્દુરસ્તી કથળે છે. એ સત્ય સ્વીકાર્યા વીના ચાલે એમ નથી. બોલનાર કોણ છે તેનું મહત્ત્વ નથી; પણ તે શું બોલે છે તેનું મહત્ત્વ અંકાય છે. માણસ આસ્તીક હોય કે નાસ્તીક પણ તેણે તટસ્થપણે એવું વલણ દાખવવું જોઈએ કે દાઉદ ઈબ્રાહીમ શાંતી જાળવવાની અપીલ કરે તો તેનું સ્વાગત કરવાનું હોય અને ગાંધીજી ખુન કરવાની સલાહ આપે તો તેનો વીરોધ જ કરવો જોઈએ.

વારમ્વાર એક વાત સામે આવે છે. જેમણે કર્મને જ સાચો ધર્મ ગણ્યો છે એવાં પશ્ચીમીના લોકો સર્વ ક્ષેત્રે આપણાં કરતાં આગળ છે. આપણે ૩૩ કરોડ દેવી દેવતાઓ વચ્ચે જીવીએ છીએ. છતાં અનેક યાતનાઓ અને દુર્ગુણોના દલદલમાં ખુંપ્યા છીએ. આપણા ધાર્મીક દેશમાં કર્મકાંડોની બોલબાલા રહી છે. દેશમાં ચોમેર કથા–કીર્તન, હોમ–હવન, પુજા–પાઠ, યજ્ઞો વગેરે થતાં રહે છે. સરકારી ઑફીસોથી માંડી ગાડીના ડબ્બામાં પણ સત્યનારાયણની કથા થાય છે; પણ લોકોની વ્યથામાં એક મીલીગ્રામનો ય ફરક પડ્યો નથી. ક્રીકેટનો વર્લ્ડકપ આપણને મળે તે માટે યજ્ઞો કરાવવામાં આવે છે. અમીતાભ બચ્ચનની તન્દુરસ્તી માટે ધાર્મીક વીધીઓ થાય છે. સલમાન ખાન કે સંજય દત્તે જેલ નહીં જવું પડે તે માટે લોકો પુજાપાઠ કરાવે

છે. વીશ્વની શાંતી માટે આજપર્યંત હજારો વીશ્વશાંતી યજ્ઞો થઈ ગયા; પણ વીશ્વ તો શું, દેશમાં પણ શાંતી સ્થપાઈ શકી નથી.

આનો સીધો અર્થ એ થાય છે કે વીશ્વશાંતીના ઉપાયો પુજાપાઠ કે કર્મકાંડોમાં નહીં; પણ કઠોર પરીશ્રમ, ઈમાનદારી, સમજદારી અને માનવતામાં રહેલા છે. ધર્મ માણસ માટે ચા જેવી એક આદત માત્ર છે. જીવવા માટે ચા પીવી ફરજીયાત નથી. ચા ન પીનારા મૃત્યુ નથી પામતા; પણ ધર્મને નામે અધર્મનું આચરણ થાય છે ત્યારે ચાના કપમાં દારુ કે લઠ્ઠો પીરસવા જેવી ઘટના બને છે. વીદેશી લોકો કામને જ પુજા ગણે છે. એ કર્મમન્ત્રને કારણે તેઓ ચન્દ્ર પર પહોંચી શક્યા છે. પ્રત્યેક ક્ષેત્રમાં તેમનો હરણફાળ વીકાસ થઈ શક્યો છે. નાસ્તીકો અને ખાસ તો વીજ્ઞાનવાદીઓ વીજ્ઞાન અને ટૅક્નોલૉજી વડે માણસને સુખી કરવાની કોશીશ કરે છે તે સાચી દીશાનું પગલું છે. શ્રદ્ધા એ માણસની અંગત વીચારધારા છે. પણ સમાજમાં સાયન્સ અને ટૅક્નોલૉજી વડે સુખસમૃદ્ધીનો સુરજ ઉગાડી શકાય છે. નાસ્તીકો અન્ધશ્રદ્ધાનો પર્દાફાશ કરે છે તે ઘટના, નગરપાલીકાના માણસો મચ્છરનો નાશ કરવા માટે ડીડીટીનો છંટકાવ કરે તેવી આવકારદાયક બાબત છે. શ્રદ્ધાથી ફંડફાળા ભેગા કરીને ધર્માદા દવાખાના ખોલી શકાય. એટલું જ સુંદર કામ વીજ્ઞાન વડે થાય છે. શ્રદ્ધાળુઓ દીવસમાં પા અડધો કલાક ઈશ્વરની ભક્તી કરે છે. તેમને થોડીક માનસીક શાંતી મળે છે. પણ વીજ્ઞાનીઓ રાત દીવસ સંશોધનની સાધનામાં મંડ્યા રહે છે. અને કરોડો લોકો સદેહે ભોગવી શકે તેવી સેંકડો શોધખોળો કરે છે. વીજ્ઞાન માણસની દરેક મીનીટ અને સેકન્ડને સુખમય બનાવવાની કોશીશ કરે છે. આપણે સ્વીકારવું જોઈએ કે એક ભગવાધારી ધર્મગુરુ કરતાં એક સાયન્ટીસ્ટ સમાજને વધુ ઉપયોગી છે. ગુરુ સ્વર્ગનાં સપનાં દેખાડે છે; પણ સાયન્ટીસ્ટો જીવતાજીવત આપણી

આસપાસ જ સ્વર્ગ ઉભું કરી આપે છે. મેડીકલ સાયન્સ કીડની, હૃદય, કેન્સર વગેરેની દવા શોધે છે. શ્રદ્ધાના માધ્યમથી કેન્સરનું ઑપરેશન મફત થઈ શકે એવી ધર્માદા હૉસ્પીટલો બન્ધાવી શકાય છે. શ્રદ્ધા હીન્દુ અને  મુસ્લીમ માટે જુદા જુદા  ધર્મો ઘડે છે. વીજ્ઞાન જ્ઞાતી–જાતીના ભેદભાવ વીના સૌનાં દુઃખો દુર કરવા કમર કસે છે. હીન્દુના ઈંજેક્શનો જુદા અને મુસ્લીમોના જુદા એવો ભેદભાવ વીજ્ઞાનમાં નથી હોતો. આસ્તીકો સર્વધર્મ સમભાવના બણગા ફુંકે છે. વીજ્ઞાન અક્ષરશઃ એ ભાવનાનું પાલન કરે છે. મેડીકલ સાયન્સ માણસનાં સર્વ દુઃખો ઝડપથી દુર કરવાની કોશીશ કરે છે. બલ્બની સ્વીચ પાડો પછી અજવાળા માટે રાહ જોવી પડતી નથી. એનેસ્થેસીયાનું ઈંજેક્શન આપો પછી દરદી બેહોશ થાય તે માટે રાહ જોવી પડતી નથી. પણ શ્રદ્ધાના આયુર્વેદીક ઉપાયની અસર મોડી થાય છે. (મોટે ભાગે તો થતી જ નથી અથવા થયેલી દેખાય તો તે માત્ર અકસ્માત અથવા આભાસમાત્ર હોય છે) શ્રદ્ધાળુઓ માને છે કે આ ભવમાં પુણ્ય કરો તો આવતા જન્મે તેનું ફળ મળે છે. આવતો જન્મ કોણે જોયો? પુર્વજન્મ કે પુનર્જન્મની એક પણ સત્યઘટના સમાજ સમક્ષ આવી નથી. (એક સુવીખ્યાત મેગેઝીનમાં એકવાર એક બાળકને પુર્વજન્મ યાદ હોવાની ઘટના છપાઈ હતી; પરન્તુ ‘સત્યશોધક સભા’એ તે બાળકના માતાપીતાની મુલાકાત લેતાં આખી વાત બોગસ હોવાનું જાણવા મળ્યું હતું.)

તાત્પર્ય એટલું જ કે શ્રદ્ધા અને સાયન્સ બન્ને નીર્જીવ માધ્યમો છે. તે સ્વયંસંચાલીત યન્ત્રોની જેમ એકલે હાથે કશુ કરી શકતાં નથી. માણસે વીવેકબુદ્ધીથી એનો ઉપયોગ કરવાનો હોય છે. બન્નેનાં સારાં નરસાં પરીણામનો આધાર માણસ એનો કેવી રીતે ઉપયોગ કરે છે તે પર રહેલો છે. તમારી પાસે સ્કુટર હોય; પણ ચલાવતાં ન આવડે તો પગોને સુખ આપી શકાય નહીં. ઘરમાં પંખો છે; પણ તે સ્વીચ ઓન કરવાથી ચાલુ થઈ શકે એ

વાત તમે નહીં જાણતા હો તો તમારે ગરમી સહન કરવી પડશે. તમારી પાસે રીવોલ્વર હોય; પણ બહારવટીયા આવે ત્યારે તમે નાળચું તમારા તરફ રાખી ફાયર કરો તો ધાડપાડુને બદલે તમારો જીવ જશે. ફરીફરી સમજાય છે કે દેશની દરેક સારીનરસી ઘટનામાં કોંગ્રેસનો પંજો નહીં; માણસનો હાથ રહેલો છે. ભાજપનું કમળ નહીં; માણસનું કર્મફળ ભાગ ભજવે છે. દારુગોળો એની જાતે નથી ફુટતો. બન્દુકો એની મેળે ગોળીબાર નથી કરતી. બોમ્બ સ્વયં જામગરી સળગાવીને હજારોની હત્યા કરતો નથી. વીશ્વની, સમાજની કે શેરીની શાંતી માટે શ્રદ્ધા અને વીજ્ઞાન તો કેવળ રૉ–મટીરીયલ છે. માણસની મદદ વગર તે એકલે હાથે યુદ્ધ કે શાંતી ઉભી કરી શકતાં નથી. માણસ આટલું સમજી લે તો વીશ્વશાંતી માટે યજ્ઞો કરવાની જરુર ના રહે. તાત્પર્ય એટલું જ કે : 'ઈન્સાનીયત હી સબસે પહેલા ધર્મ હૈ ઈન્સાન કા... ઉસકે બાદ હી પન્ના ખોલો ગીતા ઔર કુરાન કા...!'

## ધુપછાંવ

સંસારના સુખદુઃખનો આધાર ભગવાન પર નહીં ઈન્સાન પર રહેલો છે. માણસો હૉસ્પીટલો બનાવે છે અને માણસો જ હાથ બોમ્બ બનાવે છે. માણસો દયા કરે છે અને માણસો જ હત્યા કરે છે. ઉપર જાઓ તો ઈશ્વરનો ચોપડો ચેક કરજો. બાબરી મસ્જીદ તુટી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર તુટયું, કે બોમ્બ બ્લાસ્ટ થયા એમાંના એક પણ ઑર્ડર નીચે ભગવાનની સહી છે ખરી?

